


ભજનિકો
રેખાંકન : અમૃતલાલ વેગડ

કુમાર

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક • સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ • વર્ષ છાસઠમું • ઑગસ્ટ ઓગણીસસો ત્રાણુ • સળંગ અંક સાતસો સત્યાસી • તંત્રી : ધીરુ પરીખ • સંપાદક : બિહારીલાલ ટાંક



પરકમ્માવાસી (કોલાજ : અમૃતલાલ વેગડ) કોલાજ એટલે ચિત્રસર્જનમાં અવનવી છાપવાળા કાગળના વિવિધ આકારના ટુકડા ચોડીને બનાવેલી કૃતિ. ક્યારેક તેમાં રંગીન છાપેલું કાપડ કે રેતી વગેરેનો ઉપયોગ પણ થાય. ક્યારેક આવા ટુકડા ઉપર થોડુંઘણું ચિતરામણ પણ થાય. આ સદીના બીજા દસકાથી પ્રચારમાં આવેલી આ ચિત્રરીતિ આમ તો સદીઓ-જૂની છે. લોકકલા જેવા પ્રકારે એ ઓછાવધતા પ્રમાણમાં પ્રયોજાતી. નિશાળોના કલાવર્ગમાં વિદ્યાર્થીઓ પણ એને પ્રયોજતા રહ્યા છે, પણ ચિત્રસર્જનમાં તેનો આ રીતસરનો પ્રયોગ તો આ સદીમાં જ શરૂ થયો. અહીં જે કોલાજ રજૂ કર્યું છે તેના કલાકાર ભાઈ વેગડે આગવી રીતે આવાં સર્જનો કર્યાં છે. આ અંકમાં અન્યત્ર એમણે એના વિષે પોતાની રીત અને ખ્યાલો રજૂ કર્યાં છે.

આભાર અને અનુરોધ

ઓગસ્ટ ૧૯૯૦થી 'કુમાર'નું પુનઃ પ્રકાશન થયા પછી આ અંક સાથે તે ચોથા વર્ષમાં પ્રવેશે છે. આથી આપમાંના ઘણાનું લવાજમ જુલાઈ અંક સાથે પૂરું થઈ ગયું હશે. આથી આ નવા વર્ષનું આપનું લવાજમ વહેલી તકે મોકલી આપશો જેથી આપની ફાઈલ અતૂટ રહે. અંકો મર્યાદિત સંખ્યામાં છપાતા હોઈ આમ કરવું હિતાવહ છે.

વિષમ આર્થિક સંજોગોમાં પણ 'કુમાર'નું પ્રકાશન થઈ શક્યું છે તેનું શ્રેય 'કુમાર'ના હજારો વાચકો અને અનેક ગ્રાહકોને ફાળે પણ જાય છે. જે ગ્રાહકોએ ત્રણ ત્રણ વર્ષ સુધી ગ્રાહકપદે ચાલુ રહી જે સાથસહકાર આપ્યો છે, જાહેરખબર આપનાર સંસ્થાઓ અને સજ્જનોએ જે સહાય કરી છે તે માટે સહુનો આ તબક્કે આભાર માનીએ છીએ.

આ સાથે નવાજૂના ગ્રાહકોને પોતે ગ્રાહક તરીકે ચાલુ રહે અને પ્રત્યેક ગ્રાહક એક નવા ગ્રાહક બનાવે તેવો હાર્દિક અનુરોધ કરીએ છીએ.

આપ આપની સંસ્થા, વ્યાપારી કંપની કે વ્યક્તિગત રૂપે સ્થાનસમર્પણ કરી કે જાહેરખબર આપી-અપાવીને પણ ગુજરાતી ભાષાના આ અતિ જૂના અને સંસ્કારપોષક સામયિકને સહાયરૂપ થશો એવો પણ આ તકે અનુરોધ કરીએ છીએ.

આપની જાણ ખાતર ઉમેરવાનું કે 'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂપિયા ૧૦૦, આજીવન લવાજમ રૂપિયા ૯૦૦ અને પરદેશનું લવાજમ રૂપિયા ૪૦૦ છે. લવાજમ ડ્રાફ્ટ, મની ઑર્ડરથી અને સ્થાનિક બૅંક પરના ચેકથી સ્વીકારાય છે. જો બહારગામની બૅંકનો ચેક હોય તો બૅંક કમિશનના રૂપિયા ૧૩ ઉમેરવા. ચેક/ડ્રાફ્ટ 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો લખવો.

તંત્રી

'કુમાર'ના સંવર્ધક સભ્ય રૂ. ૧૦૦૦ પેટ્રન રૂ. ૫૦૦૦

સાંકળિયું

કુમાર સળંગ અંક ૭૮૭

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦, પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૪૦૦; આજીવન રૂ. ૯૦૦

છૂટક નકલ રૂ. ૧૦-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

વાચકો લખે છે...

આપણો દેશ બગડતો જાય છે. અહીં ટી.વી. પર પણ ઘણી વખત એ જોવા મળે છે. અહીંનાં લોકો પૂછે કે તમારા દેશમાં આવું ચાલે છે. આ વખતે ભારત આવ્યો ત્યારે જે જોયું તે કંઈક આવું હતું. એરપોર્ટ પર દરેકને પાસપોર્ટ પર સીક્કો મરાવવાના વિધિમાંથી પસાર થવું પડે છે. તે માટે એક પરદેશી લાઈનમાં ઊભો હતો. પણ તેની લાઈન આગળ ખસે જ નહીં, કારણ કે પાછળ ઊભેલા ઉતારુઓ પાસેથી પૈસા લઈ પોર્ટરો કેબિનમાં જઈ સીક્કા મરાવી લાવતા. એટલે લાઈન આગળ ખસે જ ક્યાંથી? પેલા પરદેશીએ ઑફિસરને પૂછ્યું કે આટલી બધી વાર કેમ થાય છે? તો બાજુના ઑફિસરે પેલા ઑફિસરને કહ્યું કે 'Tell him to go back'. જો કે જે પરદેશી સજ્જન લાઈનમાં ઊભા હતા તેમણે તો એ સાંભળ્યું નહોતું. પરંતુ મને આ સાંભળી આશ્ચર્ય સાથે ખેદ થયો. અમે જ્યારે ભારત આવીએ છીએ ત્યારે એરપોર્ટ પર ત્રાસી જઈએ છીએ. મને લાગે છે કે આપણા ભારત દેશમાં લોકોની જીભ ભગવાનનું નામ દેતાં સુકાતી નથી અને સાથે સાથે ભગવાનનો ડર પણ નથી ! જ્યારે આ દેશનાં લોકો જેવાં છે તેવાં દેખાય છે. અહીં ત્યાંના કરતાં moral values વધારે જોવા મળે છે, જે આપણે ત્યાં ભારતમાં નહીંવત્ છે.

અહીં ઘરડાં લોકોને social security આપવામાં આવે છે. આપણા ભારતમાંથી આવેલા એકે એક ઘરડા socical security લે છે, જેમને ખરેખર તો જરૂર જ નથી. તેમની મિલકતો ભારતમાં સચવાય છે, સંતાનોને ત્યાં તેમને રહેવાનું મળે છે તથા અમેરિકન સરકારના પૈસા પણ લે છે ! એમને જો કહીએ તો કહે છે કે તેમનાં સંતાનો ટેક્ષ ભરે છે. પણ તેમને પૂછો કે તમારાં સંતાનો પ્રામાણિકપણે ટેક્ષ ભરે છે? જે કાંઈ ભરે છે તે નાછૂટકે ભરે છે અને જ્યાં સરકારને ખબર ના પડે ત્યાં ચોરી પણ કરે છે. આ કારણથી અમેરિકન વૃદ્ધોને મળતા પૈસામાં કાપ મુકાય છે. આમ, આપણાં લોકો બીજાનો લાભ ઝૂંટવી રહ્યાં છે તેમ તેમને લાગતું નથી એટલે તેના લેનારાની સંખ્યા વધે છે. આમ, ખરેખર જરૂર નથી તે પૈસા લઈ લહેર કરે છે. એમને એમ છે કે કાયદામાં આવતી હોય એ જ moral values કહેવાય, બીજી નહીં. આ બધાં વૃદ્ધો મંદિરોમાં જનારાં, ભજન કરનારાં અને માળા ફેરવનારાં હોય છે. એમને મળતા પૈસામાંથી થોડુંઘણું દાનપુણ્યમાં વાપરે છે. એમને એમ લાગે છે કે તેઓ દાન કરી પુણ્ય કમાયાં, પણ ખરેખર આ બધું પુણ્ય અમેરિકન સરકારને જાય છે. એટલે આ સરકારનું પુણ્ય વધતું જાય છે અને આપણું પાપ વધતું જાય છે. પાછા આ બધાં કથા સાંભળવા પણ જતાં હોય છે !

અહીં કથાકારો કથા કરવા આવે છે. લોકો તેમને પૂછતા હોય છે કે અમેરિકામાં આટલી હિંસા અને પાપ થાય છે છતાં અહીં લોકો સુખી કેમ છે, જ્યારે આપણા ભારતમાં આટલી બધી ભક્તિ છે તો પણ લોકો દુઃખી કેમ છે? કથાકારો પાસે આનો કશો જવાબ નથી હોતો. અહીં અમેરિકામાં કથાઓ થાય છે તેની કમિટીને પુછાય કે કથા કેમ રાખો છો તો જવાબ મળે છે કે મંદિર બાંધવાનું છે તેથી કથા રાખીએ છીએ, કથા કરીએ તો ખૂબ પૈસો આવે અને મંદિર બંધાય. પણ આ મૂર્ખાઓને ખબર નથી કે કથા માણસ માટે હોવી જોઈએ, લોકોમાં moral values ઊભી થાય તે દૃષ્ટિથી થવી જોઈએ. કથા માણસને ઊભો કરવા માટે છે, નહીં કે મંદિર. માણસ ઊભો થશે તો મંદિર ઊભું થશે અને ટકશે, નહીં તો પછીની પેઢી મંદિરનો bar તરીકે ઉપયોગ કરશે. આપણાં શાસ્ત્રોમાં શબ્દો વપરાયા છે : તન, મન, અને ધન. આમાં ધનનો ત્રીજો નંબર આવે છે. પણ આજે ધન, પ્રથમ છે, તન માટે ભાંગ્યા-તૂટ્યા પ્રમાણમાં પ્રયત્ન થાય છે જ્યારે મનની તો કોઈને પડી જ નથી.

દાદા પાંડુરંગ આઠવલે કહે છે કે એક જમાનામાં મંદિરો Socio-Economy Centre હતાં તે અત્યારે ધંધાદારી બની ગયાં છે. તેમાં આવતા પૈસાનો જરૂરી તથા દુઃખીઓ માટે, તેનું પ્રદર્શન કર્યા વગર લેનારાઓનો આત્મા મરે નહીં તેવી રીતે ઉપયોગ કરવો જોઈએ. અહીં અમેરિકામાં મંદિર બાંધ્યું છે પણ માણસો નથી આવતાં. જ્યાં સુધી માણસ ઊભો નહીં થાય ત્યાં સુધી ગમે તેટલાં મંદિર બાંધશો તો પણ તેનો અર્થ નથી. - દેવેશ પટેલ ઓહાયો (યુ.એસ.એ.)

¤

શ્રી જનક ત્રિવેદીની વાર્તા 'સફાઈ કામદાર...' અત્યંત નબળી લાગી. આ નથી બની શકી વાર્તા કે નથી બની શક્યું રેખાચિત્ર. તેમાં પ્રથમ પાનું તો સાવ નકામું જ લખ્યું હોય તેમ લાગ્યું. વળી, શ્રી કૌશિકની વાર્તા 'હા અને ના બંને સાચાં' એ પ્રસંગકથાથી વિશેષ બની શકી નથી.

ભદ્રાયુ વસાવડા, અનિકેત શાહ
(અમદાવાદ)

¤

જૂનના કુમારમાં શ્રી બહાદુરભાઈ વાંકની વાર્તા 'હદપાર' અમને ખૂબ સ્પર્શી ગઈ. લેખકને અમારા વતી અભિનંદન પાઠવવા નમ્ર વિનંતી.

અતુલ વ્યાસ, નવનીત દવે (અમદાવાદ)

કુમાર ૭૮૬ અંક મળ્યો. સમયસર કુમાર મળે છે એ બિના નોંધપાત્ર છે. આનંદ થયો... કુમારમાં છાપભૂલો હઠીલા રોગ જેવી થઈ પડી છે. કોઈ ઉપાય થાય તો સારું. જુલાઈના અંકમાં પૃ. ૨૫૮ પર પસ્તીનાં પાનાંમાં 'મેરા જીવન કોરા કાગજ...' ગીતનો ઉલ્લેખ છે તે ગીત ફિલ્મ 'કાગજ કે ફૂલ'નું નહીં, પણ 'કોરા કાગજ'નું છે.

રમેશ બી. શાહ (સૂરત)

ગ્રાહકોને

આપમાંના ઘણા ગ્રાહકોનું લવાજમ જુલાઈના અંક સાથે પૂરું થયું હશે. નવા વર્ષનો આ પહેલો અંક છે. આપે નવા વર્ષનું લવાજમ ના મોકલ્યું હોય તો સત્વરે મોકલી આપશો તેવો અનુરોધ.

ઝંખ્યું એની ધરવી વરમાળા/રાજેન્દ્ર શાહ

(મંદાક્રાન્તા - સૉનેટ)

પાણીપન્થા તવ રથમહીં અશ્વ છે પંચ, બન્ધુ:
વેગે મૂકે સકળ જગની સમ્પદા-સિદ્ધિ અર્થે
તુંને એની નિકટ; તક એવી મહામૂલી અર્પે,
જાણે થાશે કર-ફૂલ સમું પ્રાપ્ત ઇચ્છેલ સર્વું.
ત્હારે હૈયે અવઢવમહીં, પેખ, છે કામના શી ?
જાણું, ખાલી જીવતર નહીં, વીર, તો યે દ્વિધા શી ?

સાહી લે તું હય સહુયની હાથમાંહી લગામ.
ને શોધી, લે બહુવિધ થકી જે સ્વયં પૂર્ણ એક.
એથી ત્હારું અવર નહિ કો લક્ષ્ય હો, એ જ ટેક.
હોડે મૂકી જીવન વધવું; હાર પામે ન હામ.
પન્થે આવે સમ-વિષમ ભૂમિ, પરન્તુ સ્પૃહા શી ?
અંગે જેને સ્થિતિ-ગતિ મહીં સ્ફૂર્તિ વિદ્યુચ્છટા શી ?

ઝંખ્યું એની ધરવી વરમાળા, તદા આપ્તકામ
ત્હારે કાજે પરમ મુદિતા - શાશ્વતીમાં વિરામ.

¤

છુટ્ટી તસવીર/ભાનુપ્રસાદ પંડ્યા

(ગાન)

સોડમતો જાય આ સમીર !
લ્હેરખીએ લ્હેરખીએ ફૂલોના ચહેરાની
ઊપસતી જાય શી લકીર !
સોડમતો જાય આ સમીર !

પ્હેલા તે પ્હોરમાં ઉપવનમાં જઈને એણે
માંડી ગુલાબ ભેળી વાતો !
પાંખડીએ પાંખડીએ મેળવીને હાથ, મીઠો
મોગરાથી જોડેલો નાતો !
ઝડપીને રેખાઓ ઊપડિયો ધસમસતો
કોઈ તરુણ શો અધીર !

પડખેથી નીકળ્યો ત્યાં ઓળખમાં પરખાતી
મંજરીની મધમધતી વાત,
જાણું ના જાણું ત્યાં ઉભરાતી જાય
આ ઉપવનનાં ફૂલોની નાત !
ઊભે મારગ જાય પાથરતો આમ તેમ
સૌરભની છુટ્ટી તસવીર !
સોડમતો જાય આ સમીર !

¤

તમે અમારાં ગુરુ/નટરાજ બ્રહ્મભટ્ટ

(ગાન)

તમે અમારાં ગુરુ મીરાં !
તમે અમારાં ગુરુ
રોજ હવે તો હરિરસ ભાવે, ઘર લાગે છે તૂરું
મીરાં ! તમે અમારાં ગુરુ

અમે તમારા શબ્દોની આંગળિયું પકડી ચાલ્યા,
અમે તમારા ભાવભુવનમાં ગગન ભરીને મ્હાલ્યા
તમે બતાવ્યું નામ, ઠામ ઠેકાણું પૂરેપૂરું.
મીરાં ! તમે અમારાં ગુરુ.

તમે કંઠમાં કેદ કર્યાં 'તાં મોરપિચ્છ ને વેણુ
અમે તમારી કંઠી બાંધી, ઘટનું એ જ ઘરેણું
શ્વાસ હવે તો શામળિયો ત્યાં કોણ કરે કંઈ બુરું !
મીરાં ! તમે અમારાં ગુરુ.

ગુરુ અમોને માંડ મળ્યાં છે ઘટમાં ઘાયલ ઘેલાં
રાતદિવસ બસ રાતામાતા એ જ ચીલામાં ચેલા
બાઈ મીરાંને લખવાનું કે તમે ઝૂર્યાં એમ ઝૂરું.
મીરાં ! તમે અમારાં ગુરુ.

¤

ભવોભવ સાંવરો....!/દેવેન્દ્ર દવે

(હરિણી - સૉનેટ)


પ્રથમથી જ ક્યાં એનું ચોંટ્યું હતું મન ? લોકના
રસમ-રીત સૌ ક્યારે ફાવ્યાં ?! કદી વસનો ધર્યાં
ભભકભર ?! જે છાજે રાણી સમા.... ક્યહીં ઘૂમટો ?!
હરવું-ફરવું છુટ્ટી ચાલે, મળી લવલેશ કૈં
મુખ પર મલાજાની રેખા ?! વસે રણવાસમાં ?!
સ્થલ સકલ જૈ જ્યાં ત્યાં ઘૂમે બજાવત મંજીરાં !

છનન ઘૂંઘરું બાંધી નાચે ભમે થઈ બ્હાવરી !
મનમહીં ક્યહીં રાણા કેરી દિસે બીક-ધાક કે ?!
લગીર પરવા શ્વાસો કેરી ?હલાહલ ઘૂંટમાં
ગટક ગટકાવી ગૈ ! એને કશો ભય સર્પનો ?!
નજર અરધી મીંચાયેલી મનોમન મોહન !
સતત રટણા... પેલાં ઘેલાં બજાવત તાર કૈં,
અધર પર તો ગાણું, હૈયે સમાધિ સર્યા સ્વરો;
ગિરિધરતણી નેણે ઝંખા : ભવોભવ સાંવરો !

¤

શ્રેષ્ઠ સૉનેટ પારિતોષિક : શ્રી વિનયકાંત માધવલાલ દવેની પુણ્ય સ્મૃતિમાં દેવેન્દ્ર દવે અને હર્ષદ દવે તરફથી ઓગસ્ટ ૧૯૯૩થી જુલાઈ ૧૯૯૪ સુધીમાં 'કુમાર'માં પ્રકટ થયેલાં સૉનેટમાંથી શ્રેષ્ઠ કૃતિને રૂપિયા ૨૫૧નું પારિતોષિક આપવામાં આવશે.

¤



આ વર્ષે ડૉ. વિક્રમ સારાભાઈ ગૌરવ પુરસ્કારથી ગુજરાત સરકાર દ્વારા પુરસ્કૃત પરમ ગણિતજ્ઞ અને વિરલ વિજ્ઞાની, સરલ અને સર્વપ્રિય સજ્જન, મેધાવી મહાનુભાવ

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

(ડૉ. પી. સી. વૈદ્ય)

ડૉ. સુશ્રુત પટેલ

૧૯૫૫ના અરસાની વાત છે. ભારતમાંથી અંગ્રેજી હકૂમત તો ગઈ હતી, પરંતુ અંગ્રેજી રીતરસમો હજી ગઈ ન હતી. અમદાવાદની ગુજરાત કૉલેજમાં આવા જ વાતાવરણ વચ્ચે ગણિતના એક પ્રૉફેસર જોડાયા. ગુલાબી ઠંડીનો નવેમ્બર મહિનો. પ્રૉફેસર હતા તો ક્લાસ-વન ઑફિસર. પણ વેશભૂષા બધી દેશી - કફની, પાયજામો અને બંડી. પાછું બધું જ ખાદીનું. આટલું ઓછું હોય તેમ, આવે-જાય સાઈકલ પર. આવા 'વાઘા' પહેરી, આવી દ્વિચક્રી 'સવારી' કરનાર કદાચ એ પહલા જ પ્રૉફેસર હશે. નખથી શિખ સુધી 'માસ્તર' દેખાતા આ જણે પહેલે જ દિવસથી વર્ગો લેવાના ચાલુ કરી દીધા અને બે-ત્રણ લેવાઈ પણ ગયા. એક દિવસ ૧૫૦ વિદ્યાર્થીઓવાળા ઈન્ટર સાયન્સના વર્ગમાં વર્ગ લેવા ગયા અને બ્લૅક-બોર્ડ પર જુએ તો આવુ લખેલું : 'સાહેબ તો લેંઘો પહેરે છે.' પાટિયા પરનું લખાણ પ્રૉફેસરે મોટેથી વાંચ્યું, વિદ્યાર્થીઓ સામે જોયું અને પછી હળવાશથી ઉમેર્યું : 'તમારી ઇચ્છા હશે તો કાલથી પહેર્યા વગર આવીશ.' આવા હાજરજવાબીપણા પર આખો વર્ગ હસ્યો, ખડખડાટ હસ્યો.

ભણાવતા-ભણાવતા હસાવવાનો આવો નુસખો પ્રૉફેસર માટે કાંઈ નવો ન હતો. પણ આ સિલસિલો પછી તો ચાલ્યો. એવો ચાલ્યો કે એના પડઘા આજે પણ શમ્યા નથી. 'વાઘા' પણ એ જ. હા, ૧૯૭૧થી માથે ગાંધી ટોપીનો ઉમેરો થયો ખરો. આજે ૭૫ વર્ષે પણ સાઈકલસવારી કરે !

ગણિતમાં નબળા, માંદલા, બીમાર વિદ્યાર્થીદર્દીને સાજોસમો કરવા ટીખળનો નુસખો (પ્રિસ્ક્રીશન) લખી દેનાર આ કોઈ હકીમ, ડૉક્ટર કે વૈદ(-દ્ય) નહીં, પણ ખરેખર 'વૈદ્ય' અટકધારી પ્રાધ્યાપક ડૉ. પ્ર. ચુ. વૈદ્ય. આખું નામ પ્રહ્‌લાદભાઈ ચુનીભાઈ વૈદ્ય. ભાઈ-બહેનથી નાના એટલે કુટુંબીજનો માટે 'બચુભાઈ', 'બચુકાકા' કે પછી 'બચુમામા'. વિદ્યાર્થી-આલમમાં 'વૈદ્યસાહેબ'.

આમ, તદ્દન સાદા-સીધા, અનૌપચારિક માણસ, પણ સ્વભાવમાં મૂળથી થોડીઘણી 'દાદાગીરી' કરવાની વૃત્તિ ખરી. મોંઢા-મોંઢ કહી દે. પોતાના વિદ્યાર્થીઓ સાથે હળવા-ભળવાના આવા ખતરનાક ખેલના અનુસંધાનમાં જ્યારે ગુજરાત કૉલેજના એક સીનિઅર સહકાર્યકરે સલાહ ગણો તો સલાહ અને ચેતવણી ગણો તો ચેતવણી આપી કે 'Tradition in Gujarat College is not to mix too much with students', ત્યારે આ યુવાન અધ્યાપકના આશ્ચર્યનો પાર ન રહ્યો. લાગલું જ એમના મોંમાંથી નીકળી ગયું : 'જેમ ગુજરાત કૉલેજની અમુક પ્રણાલી છે તેમ પ્ર. ચુ. વૈદ્યની પણ અમુક પ્રણાલી છે, અને કૉલેજે વૈદ્યને તેની પ્રણાલી સાથે સ્વીકારવાનો છે.'

સ્વીકાર્યા - માત્ર ગુજરાત કૉલેજે જ નહીં, સમગ્ર શિક્ષણ આલમે અને સમગ્ર ગુજરાતે સ્વીકાર્યા. એની સાબિતી એક નહીં, અનેક છે. આવી છેલ્લી સાહિબી જુલાઈ ૧૯૯૩ની છે. જુલાઈના પહેલા અઠવાડિયામાં વિવિધ ક્ષેત્રે સિદ્ધિઓ હાંસલ કરવા બદલ જે સાત વ્યક્તિઓને ગુજરાત સરકારે રૂપિયા એક-એક લાખના નકદ ઍવૉર્ડ વડે નવાજી તેમાં વિજ્ઞાનક્ષેત્રે અપાતો 'ડૉ. વિક્રમ સારાભાઈ ઍવૉર્ડ' એમને અપાયો. પરંતુ ગુજરાતે એમને સ્વીકાર્યા છે એટલું કહીએ તો પણ ખરેખર તો અધૂરું છે. આજે તો હાલત એવી છે કે રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સ્તરે પ્રો. પી. સી. વૈદ્યનું નામ ગાજે છે. પરંતુ એમનું નામ કેમ ગાજે છે એ વિગતે જોઇએ તે પહેલાં એમની જીવનઝરમરમાં પલળી લઈએ.


એમનો જન્મ તેમના મામાને ત્યાં જૂનાગઢ જિલ્લાના શાપુર ગામે વિક્રમ સંવત ૧૯૭૪ના વૈશાખ માસમાં એટલે કે ઇ.સ. ૧૯૧૮ના મે માસમાં થયો હતો. શાળામાં મૂકતાં તેમના પિતાએ ભૂલથી તેમની જન્મ તારીખ ૨૩મી માર્ચ ૧૯૧૮ લખાવી હશે. તેથી સત્તાવાર રીતે તેમની જન્મતારીખ ૨૩ માર્ચ ગણાય છે, પરંતુ ખરેખર તેમનો જન્મ ૨૨ (કે

૨૩) મે ૧૯૧૮ના રોજ થયો હતો. આમ, અકુદરતી રીતે તેઓ પોતાની ઉંમર કરતાં બે માસ મોટા છે !

મૂળે જામનગરના વડનગરા નાગર. એમના દાદા શ્રી મોનજી મદનજી વૈદ્ય (આશરે ઇ.સ. ૧૮૬૦-૧૯૩૯) જામનગર પાસે બેડીબંદર પર મીઠાના અગરના ઉપરી. પાસે ઘોડાગાડી ખરી, પણ પોતાનું ઘર નહીં. જામનગરના નાગરચકલામાં સરાના કૂવા પાસે એક ઘરમાં તેઓ ભાડે રહેતા. એમના પિતા શ્રી ચુનીલાલ મોનજી વૈદ્ય (ઇ.સ. ૧૮૮૨-૧૯૩૧) ઇન્ટર સુધી ભણી પોસ્ટ ઑફિસમાં જોડાયા. પાછળથી તેમણે તાર માસ્તરની તાલીમ લીધી હોવાથી પોસ્ટ અને તાર એમ બંને કામ સંભાળતા. એમની વારેવારે બદલી થતી હોઈ, જામનગર સાથેનો સંબંધ તૂટી ગયો હતો.

એમનાં માતાનું નામ નિર્મળાબહેન. મૂળે તેઓ જામનગરના હાથી કુટુંબનાં. વૈદ્યસાહેબના મામા શ્રી ત્રિકમલાલ હાથી રેલવેમાં નોકરી કરતા હોઈ એમની પણ વારેવારે બદલી થતી. આવી જ એક બદલી ૧૯૧૮માં જૂનાગઢ અને વેરાવળ વચ્ચે આવેલા શાપુર નામના રેલવે સ્ટેશને થઈ, ત્યારે ત્યાં, આગળ જોયું તેમ, વૈદ્યસાહેબનો જન્મ થયો. એ કાળે વૈદ્યસાહેબના પિતા દામનગરની પોસ્ટ ઑફિસમાં હતા, અને ત્યાર પછીનાં ત્રણ સાડાત્રણ વર્ષમાં તેમની બદલી ધંધૂકા તાલુકાના ધોલેરા ગામે અને પછી રાણપુર ખાતે થઈ હતી. આને કારણે વૈદ્યસાહેબનું બાળપણ દામનગર, ધોલેરા અને રાણપુર ખાતે વીત્યું હતું.

વૈદ્યસાહેબ સહુથી નાના. મોટાભાઈ મધુસૂદનભાઈ (ઇ.સ. ૧૯૦૯-૧૯૭૭). બહેન મનોરમાબહેન (ઇ.સ. ૧૯૧૬-૧૯૭૯). રાણપુરમાં ૧૯૨૨ના આરંભમાં જ માતાનું અવસાન થયું ત્યારે પિતા સામે બાળકોને ઉછેરવાનો પ્રશ્ન હતો. એ કાળે મોટાભાઈ ૧૨ વર્ષના, બહેન ૬-વર્ષનાં અને પોતાની ઉંમર ૪ વર્ષની. ઘરમાં કોઈ સ્ત્રી નહિ. વૈદ્યસાહેબ કહે છે કે બાળપણમાં પિતાએ માતાની પણ જવાબદારી ઉપાડી લીધી. પરંતુ, પિતા વૃદ્ધત્વને આરે પહોંચ્યા હતા અને વળી નોકરીમાં લગભગ આખો દિવસ બહાર રહેવાનું થતું હોઈ બાળકોના ઉછેરને ધ્યાનમાં રાખીને, ભાવનગર બહેન રહેતાં હોવાથી ત્યાં બદલી માગી. આમ, ૧૯૨૨માં જ વૈદ્યકુટુંબ ભાવનગર આવ્યું અને ફોઈના ઘરની બાજુમાં જ ગોરીફળિયાની શેરીમાં ઘર ભાડે લઈ રહેવા લાગ્યું. આ રીતે ફોઈની હૂંફ પણ મળી અને ઘર અલગ હોવાથી સ્વાવલંબનની તાલીમ પણ મળી. કુટુંબ ૧૯૩૩ના ઑક્ટોબર સુધી ભાવનગર રહ્યું. લગભગ ૧૧ વર્ષનો આ સંસ્કારી નગરીનો વાસ બાળકો માટે ખૂબ મહત્ત્વનો બની રહ્યો. એ કાળે ભાવનગર તત્કાલીન સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યોમાં એકમાત્ર અપવાદ હતું કે જ્યાં ગાંધીવાદીઓ પર ત્રાસ નહોતો ગુજારાતો એટલું જ નહીં, ત્યાં ગાંધીચીંધ્યા માર્ગે અંગ્રેજ હકૂમત-વિરોધી પ્રચાર કરવાની પણ છૂટ હતી. આવા વાતાવરણને કારણે બંને ભાઈઓ ગાંધીરંગે રંગાઈ ખાદીધારી બન્યા. એક બીજી પણ વાત બની. એ કાળે અંગ્રેજોની જેલમાંથી ભાગેલા ક્રાન્તિવીર સરદાર પૃથ્વીસિંહ ભાવનગર આવીને વસ્યા. આ અજ્ઞાતકાળમાં એમણે પોતાનું નામ 'સ્વામીરાવ' રાખ્યું હતું. એમણે સ્થાપેલી વ્યાયામશાળામાં બંને ભાઈઓ



વૈદ્યદંપતી : પ્રૅ. પ્રહ્લાદભાઈ અને શ્રીમતી વિદ્યાદેવી
(લેખ સાથેનાં બંને ફોટો - સુશ્રુત પટેલ)

જોડાયા. વૈદ્યસાહેબે રોજનાં ૫૦ દંડ અને ૧૦૦ બેઠકો કરવા માંડી. આમ, શરીર બરાબર કસાયું. વળી, પિતા તરફથી અનાયાસે કેટલીક ટેવો પણ સાંપડી. આવી એક ટેવ શિષ્ટ વાચનની. થયું એવું કે પિતાની આંખો ઘણી નબળી, પણ વાંચવાનો શોખ ઘણો. વૈદ્યસાહેબની ઉંમર હશે ૯-૧૦ વર્ષની. એટલે પિતાના આદેશથી કોઈ ને કોઈ પુસ્તક વાંચી સંભળાવવાની જવાબદારી વૈદ્યસાહેબ પર આવી. આરંભમાં ગુજરાતી અને પછી પાંચમા ધોરણથી અંગ્રેજી ચાલું થતું હોઈ અંગ્રેજી પુસ્તકો વાંચવાનો ઉપક્રમ ચાલ્યો. 'સત્યના પ્રયોગો', 'લે મિઝરાબ્લ' વગેરે જેવા પ્રેરણાદાયી અમર સાહિત્યનું વાચન આ કાળમાં થયું. વાંચેલું સાંભળ્યા પછી, પિતા અંગ્રેજીનું સરળ ગુજરાતી કરીને સમજાવે. આમ, શિષ્ટ સાહિત્ય વંચાવી વૈદ્યસાહેબના મન અને બુદ્ધિને વિકાસને માર્ગે ચઢાવી દીધાં. એ ઉંમરે પછી તો વૈદ્યસાહેબે મિત્રોની મશ્કરી કરતાં લાબાં-લાબાં જોડકણાં પણ રચેલાં.

આમ, ઘરકામની સાથેસાથે વૈદ્યસાહેબનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ભાવનગરમાં થયું. અહીં જ ચોથા ધોરણમાં એમને એક એવા શિક્ષક મળ્યા કે જેમની ભણાવવાની અને સાથેસાથે ચકાસણી કરતા જવાની આગવી પદ્ધતિએ વૈદ્યસાહેબની વિદ્યાર્થી તરીકેની આખી કારકિર્દી જ બદલી નાખી. આ શિક્ષક તે અંબાશંકર મહેતા - મેંતા માસ્તર. માસ્તરનાં પત્ની પણ બહુ સ્નેહાળ અને વર્ગના દરેક વિદ્યાર્થીને બરાબર ઓળખે. આજે આ ઋણ ચૂકવતા હોય તેમ વૈદ્યસાહેબ કહે છે કે અનાયાસે નાની ઉંમરમાં આદર્શ શિક્ષકની જે છાપ મારા મન પર પડી તે છાપને અનુસારવાનો જ જાણે હું મારા શિક્ષક તરીકેના વ્યવસાયમાં પ્રયત્ન કરતો રહ્યો છું.

૧૯૨૮માં મોટાભાઈ મધુસૂદનભાઈનાં લગ્ન થયાં અને ૧૯૩૦માં એ બી.એ. થયા. ભાભી આવવાથી પરિસ્થિતિ થોડી હળવી બની. પરંતુ ૧૯૩૧માં એ કાળે જીવલેણ ગણાતા ક્ષય રોગને કારણે પિતાનું અવસાન થયું. કુટુંબ માટે અને ૭૦ વર્ષના દાદા માટે આ ખૂબ આઘાતજનક ઘટના હતી. મોટાભાઈ એ સમયે વડોદરા કૉલેજમાં એમ.એ. (ગણિત)ના છેલ્લા

વર્ષમાં હતા. વૈદ્યસાહેબે બે વર્ષની ઉંમરે માતા અને તેર વર્ષની ઉંમરે પિતા ગુમાવ્યાં હતા. જીવનભર [illegible] અને ભાડાના મકાનમાં રહેતા મધ્યમવર્ગના પરિવારની એકમાત્ર કમાતી વ્યક્તિ ૪૯ વર્ષની ઉંમરે ચિર વિદાય લે ત્યારે એક ઘેરી આર્થિક કટોકટી ઊભી થાય જ. વળી, મે માસમાં બહેનનાં લગ્ન લેવાયાં હતાં એટલે સપ્ટેમ્બરમાં પિતા ગુજરી ગયા ત્યારે લગ્ન અંગે થયેલું થોડું કરજ પણ ચૂકવવાનું બાકી હતું. સરકારના નિયમ મુજબ મધુસૂદનભાઈને પોસ્ટ ઓફિસમાં તરત જ નોકરી મળી જાય, અને તેવી ઓફર પણ થયેલી, પણ પિતાની અંતિમ એક જ મહેચ્છા - બંને પુત્રો ભણાય તેટલું ભણે અને સુશિક્ષિત બને-ને કારણે આર્થિક અગવડ વેઠીને પણ મધુસૂદનભાઈએ પોસ્ટ ઓફિસમાં જોડાવાને બદલે એમ.એ. પૂરું કરવું એમ નક્કી થયું. આમ, ૧૯૩૨માં એમણે એમ.એ. પાસ કર્યું. તેમ છતાંય નોકરીનાં ફાંફાં હતાં; કારણ કે એ કાળે સમગ્ર વિશ્વમાં મંદીનું મોજું ફરી વળ્યું હતું. નોકરીની શોધમાં એ છેક મુંબઈ સુધી જઈ આવ્યા, જ્યાં મહાપરાણે એક પેઢીમાં ગુમાસ્તાની નાનકડી નોકરી જ મળી, પણ આખરે ૧૯૩૩માં તેમને મુંબઈમાં અંધેરીની શેઠ માધવદાસ અમરસી હાઈ સ્કૂલમાં શિક્ષક તરીકેની નોકરી મળી. પગાર માસિક રૂપિયા ૬૫. આમ, આખું કુટુંબ મુંબઈ આવ્યું. એ વખતે વૈદ્યસાહેબનો ભાવનગરની આલ્ફ્રેડ હાઈ સ્કૂલમાં મેટ્રિકનો અભ્યાસ ચાલુ હતો. મુંબઈ આવીને તેમણે અંધેરીની એમ.એ. હાઈ સ્કૂલમાં એ અભ્યાસ ચાલુ રાખ્યો ૧૯૩૪માં મેટ્રિક થઈ જોગેશ્વરીની ઇસ્માઈલ યુસુફ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો, પણ દારુણ આર્થિક પરિસ્થિતિમાં કુટુંબ પર બોજો ન પડે તે માટે શિક્ષણનો ખર્ચ પોતે જ ઉપાડ્યો. આ માટે સખાવતી સંસ્થાઓ પાસેથી પુસ્તકોની તથા આર્થિક સહાય મેળવી શિષ્યવૃત્તિઓ લીધી અને ટ્યૂશનો કર્યાં. એમણે અધ્યાપક તરીકે તો ક્યારેય ટ્યૂશનો કર્યાં નથી, પણ આ કાળમાં ખપપૂરતાં કર્યાં. વળી, આર્થિક કારણોસર કૉલેજની ઇતર પ્રવૃત્તિઓમાં પણ ક્યારેય રસ ન લીધો. જોકે લોકલ ટ્રેનમાં જતા-આવતા મળતા સમય દરમિયાન પુષ્કળ ઇતર વાચન કર્યું. આવી ખાનગી સખાવતી પેઢીઓનું ઋણ માથે ચઢાવીને વૈદ્યસાહેબ કહે છે કે જે કાંઈ શિક્ષણ - છેક એમ.એસસી. સુધીનું - હું પામ્યો તેમાં સમાજનો કેટલો મોટો હિસ્સો છે !

વૈદ્યસાહેબે પણ ધ્યાન દઈ ભણવા માંડ્યું. ૧૯૩૬માં ઇન્ટર સાયન્સ પાસ કરી બી.એસસી. માટે મુંબઈની પ્રખ્યાત રૉયલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સમાં દાખલ થયા અને મોટાભાઈને પગલે ગણિતનો વિષય પસંદ કર્યો. આ સમયે પ્રો. કે. આર. ગુંજીકર અને પ્રો. એન. આર. ત્રિવેદી જેવા ગણિતના વિદ્વાન શિક્ષકો મળ્યા, જેઓ પણ આ મહેનતુ અને હોશિયાર વિદ્યાર્થીથી પ્રભાવિત થયા. ૧૯૩૮માં ડિસ્ટિંક્શન સાથે પ્રથમ વર્ગમાં તેઓ બી.એસસી. પાસ થયા અને મુંબઈ યુનિવર્સિટિ - જે એ કાળે સિંધથી કર્ણાટક સુધીનો વિસ્તાર સમાવતી હતી-માં બીજું સ્થાન મેળવ્યું. આ પછી એમ.એસસી. માટે પ્રયોજિત યા વ્યાવહારિક (એપ્લાઈડ) ગણિતનો વિષય લઈ એમણે અભ્યાસ ચાલુ રાખ્યો.

વૈદ્યસાહેબના દાદાની તબિયત કથળેલી જતી હોઈ, તેમની ઇચ્છા, બચુનાં લગ્ન પોતાની હયાતીમાં જ કરી નાખવાની હતી. પરિણામે એમ.એસસી.ના અભ્યાસ દરમિયાન જ શ્રી મણિલાલ વચ્છરાજાની અને શ્રીમતી દોલતબહેન વચ્છરાજાનીનાં પુત્રી વિદ્યાદેવી સાથે ૧૯૩૯માં તેમનું લગ્ન થયું. કેમ જાણે દાદા આ પ્રસંગની જ રાહ ન જોતા હોય, તેમ લગ્ન પછી એક જ અઠવાડિયામાં તેમણે દેહ છોડ્યો.

૧૯૪૦માં પ્રથમ વર્ગ સાથે મુંબઈ યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન મેળવી એમ.એસસી.ની પરીક્ષા પાસ કરી, પણ પરિણામ બહાર પડે તે પહેલાં જ દેશી રજવાડામાં આવેલી રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કૉલેજમાં ગણિતના વ્યાખ્યાતા (લેક્ચરર)ની નોકરી મળી, પરંતુ ત્યાં બહુ ફાવ્યું નહિ. નોકરી છોડવાની અવઢવમાં હતા તે અરસામાં જ ગાંધીજીએ વ્યક્તિગત સત્યાગ્રહની હાકલ કરી અને ભાવનગરના અખાડાવાળા સ્વામીરાવ (સરદાર પૃથ્વીસિંહ) પણ અજ્ઞાનવાસમાંથી બહાર આવીને ગાંધીજી સાથે જોડાયા. અંગ્રેજ સરકારે ગાંધીજીના કહેવાથી તેમને જેલમુક્ત કર્યા. એમનાં જ આશીર્વાદથી મુંબઈમાં એમણે 'અહિંસક વ્યાયામ સંઘ' નામે નવી સંસ્થા ચાલુ કરી. જૂન ૧૯૪૧થી વૈદ્યસાહેબ આ સંસ્થામાં જોડાયા. પરંતુ અમુક રાજકીય કારણોસર આ સંઘ મે ૧૯૪૨માં બંધ કરવાનો નિર્ણય લેવાયો.

જીવનના આ તબક્કે એક નવી વળાંક આવ્યો. મુંબઈની કૉલેજમાં ભણતા હતા ત્યારે બનારસ હિન્દુ યુનિવર્સિટીના ગણિતના પ્રો. વિષ્ણુ વાસુદેવ નારલીકરના સાપેક્ષતા (Relativity) ઉપરનાં વ્યાખ્યાનો સાંભળ્યાં હતાં અને એમ.એસસી.માં એ વિષય ભણ્યા પણ હતા. એટલે આ અંગે કાંઈ થઈ શકે કે કેમ તે સારુ એમની સલાહ માટે વૈદ્યસાહેબ સાથે પત્રવ્યવહાર કર્યો, અને એવું નક્કી થયું કે તેમની સાથે રહીને ગણિતમાં સંશોધન કરવું. પરિણામે ૧૯૪૨ના જૂનની ૨૬મી તારીખે પત્ની અને છ માસની બાળકી સાથે, ખિસ્સામાં અત્યાર સુધીની બચતના રૂપિયા ૫૦૦ લઈને બનારસ જવા નીકળ્યા. ટૂંકમાં, કૉલેજની પ્રોફેસરીનાં શાંત જળને ત્યજીને રાષ્ટ્રિય આંદોલનનાં ઝંઝાવાતી જળમાં ઝંપલાવ્યું અને સંયોગવશાત્ ગણિતસંશોધનને કિનારે ફેંકાયા !

આ નારલીકર એટલે આજના પ્રખ્યાત વિજ્ઞાની (અને 'કુમાર'ના વાચકો જેમની વૈજ્ઞાનિક વાર્તાઓથી પરિચિત છે તે) ડૉ. જયંત નારલીકરના પિતા. ૮૩ વર્ષની વયે ૧૧મી એપ્રિલ ૧૯૯૧ના રોજ પુણે ખાતે એમનું અવસાન થયું. આ નારલીકર પાસે વૈદ્યસાહેબ રહ્યા તો માત્ર નવેક જ માસ, પરંતુ આ ટૂંકા ગાળામાં આખી જિન્દગી ચાલે તેટલું સંશોધનનું ભાથું ભરી લીધું.

તેમના જીવન પર ઊંડી છાપ પાડનાર ત્રણ શિક્ષકો : પ્રાથમિક શાળાના મેંતા માસ્તર, માધ્યમિક શિક્ષણમાં - મેટ્રિકમાં - પોતાના શિક્ષક રહેલા મોટાભાઈ મધુસૂદનભાઈ અને ઉચ્ચ શિક્ષણમાં પ્રો. વી. વી. નારલીકર. વૈદ્યસાહેબ કહે છે કે મારા શિક્ષણકાર્ય દરમિયાન જાણે-અજાણે આ ત્રણ શિક્ષકોને અનુસરવાનો મેં પ્રયત્ન કર્યો છે. પ્રો. નારલીકરની આવી એક

વિશેષતા તે એમની પારદર્શક શૈક્ષણિક પ્રામાણિકતા-Academic integrity. વૈદ્યસાહેબના સંશોધન સાથે એનો સંબંધ હોવાથી એમના જ શબ્દોમાં 'આ શૈક્ષણિક પ્રામાણિકતા' શું તે જોઈએ :

"મારા કૉલેજ કાળ દરમિયાન ૧૯૩૭માં નારળીકરસાહેબનાં જે વ્યાખ્યાનો મેં સાંભળ્યાં હતાં તેમાં તેમણે આઇન્સ્ટાઇનના સાપેક્ષતાના ગણિતમાં રહેલા બે મોટા વણઉકલ્યા પ્રશ્નોનો ઉલ્લેખ કરેલો. બનારસમાં જ્યારે તેમને લાગ્યું કે હું મૌલિક કામ કરવા માટે જરૂરી પરિપક્વતાએ પહોંચ્યો છું, ત્યારે તેમણે આ બે પ્રશ્નોનો ઉલ્લેખ કરી તેમાંના પહેલા પ્રશ્ન ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનું સૂચવ્યું. તે પ્રશ્ન હતો : પ્રકાશિત (વિકિરણકારી) તારાનું ગુરુત્વાકર્ષણ-ક્ષેત્ર શોધી કાઢવાનો (Gravitational field of a radiating star). અમે બન્નેએ સાથે મળીને પ્રશ્નની ચર્ચા અને ગણતરી શરૂ કરી. તારામાંથી નીકળતા પ્રકાશને વહેતાં પ્રવાહી સાથે સરખાવી તે પ્રવાહીનું ગુરુત્વાકર્ષણ-બળ આઇન્સ્ટાઇનના નિયમ પ્રમાણે ગણી કાઢવાનું વિચાર્યું. આ પ્રવાહી માટે પ્રચલિત માન્યતા એવી હતી કે તેની ઘનતા તેના દાબ કરતાં ત્રણ ગણી હોય છે અને આ પ્રચલિત માન્યતાને આધારે જ અમે ગણતરી કરી પણ કાંઈ મેળ બેઠો નહિ. એક દિવસ ચર્ચા દરમિયાન મેં સૂચવ્યું કે, ઘનતા અને દબાણ વચ્ચેના સંબંધની માન્યતા સ્વીકારીએ છીએ તેને બદલે પ્રવાહીનો વેગ પ્રકાશના વેગ જેટલો લઈએ તો ? પ્રકાશને વહેતાં પ્રવાહી સાથે સરખાવવો હોય તો વેગ જ મહત્ત્વનો ગણાય. નારળીકરે તો આ વાત તરત જ સ્વીકારી લીધી અને તે જ વખતે ગણતરી કરી એક જરૂરી સમીકરણ પણ મેળવી લીધું. ઘેર જઈ મેં બાકીનાં સમીકરણો મેળવી લીધાં, તેમના ઉકેલો પણ મેળવ્યા ને આમ એક અઠવાડિયામાં તો મૂળ પ્રશ્નનો સંપૂર્ણ ઉકેલ આવી ગયો !

આ ઉકેલ પ્રસિદ્ધ કરવા જે લેખ અમે લખ્યો તેમાં લેખક તરીકે પ્રોફેસર નારળીકરે મારું એકલાનું નામ મૂક્યું. સામાન્ય રીતે જે શિક્ષક પ્રશ્ન સૂચવે તેના નામે લેખ છપાય અને વિદ્યાર્થીનું નામ સહલેખક તરીકે આવે. પણ નારળીકરે તેમ ના કર્યું; કારણ કે ઉકેલ મેળવવા માટે પાયાનો વિચાર મને સૂઝ્યો હતો અને ઉકેલનું સઘળું શ્રેય તેમણે મને જ આપ્યું. આજે વિચાર કરું છું તો ખ્યાલ આવે છે કે જે ઉકેલ અમે મેળવ્યો હતો તેની કેટલી બધી અગત્ય છે તે નારળીકરસાહેબ બરાબર સમજતા હતા. ઉકેલના લેખમાં લેખક તરીકે પોતાનું નામ પણ સાથે મૂક્યું હોત તો તે ઉકેલ એમના નામે જ ખ્યાતિ પામ્યો હોત. અને તે સમયે આ બધું સમજવા માટે હું ઘણો નાનો હતો અને તેથી અત્યારે 'વૈદ્યના ઉકેલ' તરીકે જાણીતો થયેલો ઉકેલ તેઓ સરળતાથી પોતાને નામે ચઢાવી શક્યા હોત. પરંતુ તેઓ તો શૈક્ષણિક પવિત્રતાને વળગી રહ્યા અને ઉકેલનો મુખ્ય વિચાર વૈદ્યનો હોય તો ઉકેલ વૈદ્યને નામે જ ચઢવો જોઈએ એવો નિર્ણય તેમણે કર્યો. આ છે શૈક્ષણિક પ્રામાણિકતા."

પોતાની મૂડીમાંથી ગુજરાત આવવા જેટલા પૈસા બચ્યા એટલે વૈદ્યસાહેબ કુટુંબ સાથે એપ્રિલ ૧૯૪૩ના પહેલા અઠવાડિયામાં બનારસ છોડી સૂરતની એમ.ટી.બી. કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા. અહીં એ ૧૯૪૩થી ૧૯૪૭ સુધી રહ્યા અને આ ગાળામાં ઉત્તરોત્તર બઢતી મળતાં અધ્યાપક બન્યા. ત્યાર પછી ફરી એક વર્ષ મુંબઈની તાતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચમાં ડૉ. ભાભાના હાથ નીચે સંશોધનમાં જોડાયા. આ દસ મહિના ભાભા સાથે રહી એમણે મેસોન નામના કણોના પ્રકીર્ણન (scattering of mesons)નો સૈદ્ધાન્તિક અભ્યાસ કર્યો.

સામાન્ય રીતે ગણિત કે વિજ્ઞાનમાં સંશોધન કરનારે શરૂઆતમાં લગભગ ૩ થી ૫ વર્ષની વ્યવસ્થિત સંશોધન તાલીમ ભારતની કે વિદેશની કોઈ યુનિવર્સિટીમાં લીધેલી હોય છે, પરંતુ ૧૯૪૨માં પ્રોફેસર નારળીકર સાથે ૮-૯ માસ અને ૧૯૪૭માં ડૉ. ભાભા પાસે દસેક માસ સંશોધનની વ્યવસ્થિત કહેવાય એવી તાલીમને બાદ કરતાં વૈદ્યસાહેબને આવી કોઈ તાલીમ મળી જ નથી. જે કાંઈ મેળવ્યું તે આપમેળે એમના શબ્દોમાં 'અથડાતા-કુટાતાં' મેળવ્યું છે. એટલે એમને માટે સતત અભ્યાસરત રહેવું અનિવાર્ય બની ગયું.

એ કાળે મુંબઈ યુનિવર્સિટીમાં ગણિત જેવા વિષયમાં કોઈ ડૉક્ટરેટ કરતું નહીં. વૈદ્યસાહેબે ૧૯૪૯માં ગણિતમાં પીએચ.ડી. કર્યું અને આ વિષયમાં પીએચ.ડી. કરનાર મુંબઈ યુનિવર્સિટીમાં એ કદાચ બીજા કે ત્રીજા જ વિદ્યાર્થી હતા. આ પદવી મળી ત્યારે તેઓ વલ્લભવિદ્યાનગરની વી. પી. કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે કાર્યરત હતા. એ પછી ૧૯૫૦માં ગુજરાત કૉલેજમાં આવ્યા અને ૧૯૫૮ સુધી અમદાવાદ રહ્યા. ૧૯૫૮માં વિસનગરની એમ. એન. કૉલેજમાં આચાર્ય તરીકે રહી આવ્યા. એ જ સાલના ડિસેમ્બર માસમાં ગુજરાત યુનિવર્સિટીમાં નવા શરૂ થયેલા અનુસ્નાતક ગણિત વિભાગમાં પ્રાધ્યાપક તરીકે જોડાયા. આ સ્થાને ૧૯૭૧ સુધી રહ્યા અને આ તેર વર્ષના ગાળામાં ગણિત વિભાગને વિકસાવીને અત્યંત સમૃદ્ધ સ્થિતિએ પહોંચાડ્યો. એક તરફ સંશોધન પ્રવૃત્તિને વેગ આપ્યો અને બીજી તરફ ગુજરાતમાં દરેક કક્ષાએ ગણિત-શિક્ષણનું સ્તર સુધારવાના ભગીરથ પ્રયત્નો આરંભ્યા. આના ફળરૂપે જ 'સુગણિતમ્' જેવું ગણિતનું સામયિક, ગુજરાત ગણિત મંડળ, ગણિત પ્રતિભા શોધ યોજના વગેરે પ્રવૃત્તિઓ ખીલી ઊઠી.

૧૯૭૧માં ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીએ તેમની વરણી ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનના અધ્યક્ષ તરીકે કરી, જે પદે તે છ વર્ષ સુધી રહ્યા. એ કાળે પણ તેમણે ગણિત સાથેનો સંપર્ક તો ચાલુ જ રાખેલો. એ પછી ૧૯૭૭-૭૮ સુધી નવી દિલ્હી ખાતે યુનિયન પબ્લિક સર્વિસ કમિશનના સભ્ય તરીકેની કામગીરી બજાવી. આ પછી ૧૯૭૮-૮૦ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ (vice-chancellor) તરીકે રહીને વહીવટીય કુશળતાનો પરિચય કરાવ્યો. આજે આ ઉંમરે પણ અઠવાડિયામાં ત્રણ દિવસ તે ગુજરાત યુનિવર્સિટીના ગણિત ભવનમાં જઈને પોતાના અનુભવનો લાભ આપે છે. - મોટેભાગે પેલી પ્રિય સવારી દ્વારા જ !

૩૧ વર્ષની પોતાની શૈક્ષણિક કારકિર્દીમાં એ એક ઉત્તમ અને જાગૃત ગણિત-શિક્ષક તરીકે, દૃષ્ટિવંત સારસ્વત તરીકે, વિદ્યાર્થીપ્રિય અધ્યાપક

તરીકે, હિંદી ભાષાના પ્રચારક તરીકે તો રમતગમત અને યુવક પ્રવૃત્તિઓના સૂત્રધાર તરીકે ઊપસે છે, તો વળી યુવાનો માટેની અનેક શિબિરોનું સંચાલન તથા શિક્ષકોની તાલીમ માટેની અનેક ગ્રીષ્મશાળાઓ અને અનેક સેમિનારોનું કરેલું સંચાલન એમની વ્યવહારકુશળતાની અને વહીવટકર્તા તરીકેની દક્ષતાની આગવી છાપ ઉપસાવે છે. આપણે ત્યાં શાળા-કૉલેજના ગણિતના અભ્યાસક્રમોમાં આજે જે આધુનિકીકરણ જોવા મળે છે તે મહદ્અંશે વૈદ્યસાહેબને આભારી છે. અમદાવાદના વિક્રમ એ. સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર' સાથે એ આરંભથી જ સંકળાયેલા છે અને એની પ્રત્યેક પ્રવૃત્તિમાં આ ઉંમરે પણ સક્રિય રસ લે છે. એક ઉત્તમ વક્તા તરીકે આ લખનારે એમને એકથી વધુ વખત માણ્યા છે અને ગુજરાત સ્તરે અમે જે કેટલીક ખગોળીય શિબિરોનું આયોજન કર્યું તેમાં તેમની આયોજનશક્તિ અનુભવી છે, તો આ જ વર્ષની ૧૩ અને ૧૪મી ફેબ્રુઆરીએ દેશભરના ખગોળપ્રેમીઓનું એક રાષ્ટ્રિય અધિવેશન અમે અમદાવાદમાં પહેલી જ વાર સફળતાપૂર્વક ભરી શક્યા અને ડૉ. નારલીકર સહિત અન્ય ખગોળશાસ્ત્રીઓને નિમંત્રી શક્યા તે બહુધા વૈદ્યસાહેબની જ હૂંફ અને પ્રેરણાથી.'

એમની કલમનો પરિચય 'કુમાર'ના વાચકોને 'પસ્તીનાં પાનાં' દ્વારા હાલમાં મળી રહ્યો છે, તો ભૂતકાળમાં 'અમેરિકા અને આપણે' ('કુમાર'નું વર્ષ ૪૭-૪૮), 'અણુ-વિસ્ફોટ અને આપણે' (સન ૧૯૭૪) વગેરે જેવી લેખમાળા દ્વારા મળ્યો છે. 'બાલમિત્ર' જેવાં બાળકોનાં સામયિકો માટે પણ એમણે ૧૯૫૨થી જ વિજ્ઞાન વિષયક લેખો લખ્યા છે, તો 'સુગણિતમ્' જેવા (સ્થાપના ૧૯૬૨) કે જે આજે ૩૧ વર્ષથી નિયમિત પ્રકટ થાય છે, તેમાં તો તેમણે ઘણું ઘણું લખ્યું છે. ગુજરાત ગણિત મંડળે ૧૯૯૦થી 'Bona Mathematica' નામનું એક ત્રૈમાસિક પણ શરૂ કર્યું છે, એમાં પણ એ લખે છે. આ બંને સામયિકોનું તંત્રીપદ એમના ભત્રીજા, જાણીતા ગણિતજ્ઞ પ્રોફેસર અરુણભાઈ એમ. વૈદ્ય સંભાળે છે. 'સુગણિતમ્'ના તો એ સ્થાપક તંત્રી છે, પરંતુ આ અંગ્રેજી સામયિકમાં પણ એમની જ પ્રેરણા રહેલી છે. આ બંને સામયિકોએ ઘણાને ગણિતમાં રસ લેતાં કર્યા છે. આ ઉપરાંત 'નવચેતન', 'બુદ્ધિપ્રકાશ' વગેરે સામયિકોમાં પણ એમણે લેખો લખ્યા છે.

અમદાવાદના આકાશવાણી કેન્દ્ર સાથે વૈદ્યસાહેબ છેક ૧૯૫૮થી વિવિધ રીતે સંકળાયેલા છે. અત્યાર સુધીમાં એમનાં છએક પુસ્તકો પ્રસિદ્ધ થયેલાં છે, અને હળવી શૈલીમાં જીવન પ્રસંગો આલેખતું 'ચૉક અને ડસ્ટર' પ્રસિદ્ધ થવાની તૈયારીમાં છે. ૧૯૫૪માં એમણે યંત્રવિદ્યાનું સરળ પાઠ્યપુસ્તક (A Text Book of Elementary Mechaincs) લખેલું, જે ચરોતર બુક સ્ટોલ (આણંદ)થી પ્રસિદ્ધ થયેલું, તેમાં વિષયની રસપ્રદ ભાષામાં સચોટ રજૂઆત કરવાની તેમની શક્તિનાં દર્શન થાય છે. એમણે અન્ય લેખકો સાથે લખેલા 'જ્ઞાનગંગોત્રી ગ્રંથ શ્રેણી-૬ : ગણિતદર્શન' (સરદાર પટેલ યુનિવર્સિટી, ૧૯૬૯)ને ૧૯૭૦-૭૧નું રાજ્ય સરકારનું પારિતોષિક મળ્યું છે. આ ઉપરાંત એમણે 'અખિલ બ્રહ્માંડમાં (ગુજરાત યુનિવર્સિટી ૧૯૬૭) તથા 'દશાંશ પદ્ધતિ શા માટે ?' (૧૯૬૭) અને 'નવું ગણિત શું છે ?' (૧૯૭૩) એમ બે પરિચય-પુસ્તિકાઓ લખી છે. બાળકો માટે એમણે 'દાદાજીની વિજ્ઞાનવાતો' નામની પુસ્તિકા લખી છે, જે થોડા સમય પહેલાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળે પ્રસિદ્ધ કરી છે.

સંતાનમાં એમને ચાર દીકરીઓ છે : કુમુદ, સ્મિતા, દર્શના અને હિના. કુમુદબહેન અમદાવાદમાં તબીબ છે. સ્મિતાબહેન અમેરિકા વસે છે અને ગણિત તથા - બાયોફિઝિક્સ - તબીબી વિજ્ઞાનમાં એમ બે અલગ ક્ષેત્રની ઉચ્ચ ડિગ્રીઓ ધરાવે છે, દર્શનાબહેન ગણિતમાં ડૉક્ટરેટ છે અને વડોદરામાં પ્રાધ્યાપક છે, તો હિનાબહેન સ્ટેટિસ્ટિક્સમાં ડૉક્ટરેટ છે અને હૈદ્રાબાદની ડિફેન્સ લૅબોરેટરિમાં વિજ્ઞાની છે. આમ, પુત્રીઓ વિદુષી, તો પત્ની વિદ્યાદેવી હિંદી ભાષામાં પ્રચારક તરીકે પતિના સહાયક. આખો વૈદ્યપરિવાર વિદ્યાનુરાગી.

વૈદ્યસાહેબની સિદ્ધિઓની યાદી એટલી બધી મોટી છે કે તેને આવા એકાદ લેખમાં ભાગ્યે જ સમાવી શકાય. આ ઉપરાંત એમની સંશોધક તરીકેની પ્રતિષ્ઠા એટલી વ્યાપક છે કે અવારનવાર તેમને વિદેશોમાંથી પણ મુલાકાતો માટે આમંત્રણ મળતાં રહે છે, અને આ રીતે ઘણી યુનિવર્સિટીઓમાં એ મુલાકાતી પ્રોફેસર તરીકે આવતા જતા રહ્યા છે. દેશમાં તથા પરદેશમાં એમનું સન્માન થયું છે, એની યાદી પણ લાંબી છે, પરંતુ ઇન્ડિયન એકેડેમી ઑફ સાયન્સીઝ (I.A.S.C.) અને નેશનલ સાયન્સ એકેડેમીએ (F.N.A.) એમને પોતાના ફેલો (સદસ્ય) નીમ્યા છે એની નોંધ લેવી જોઈએ.

સંશોધન

વૈદ્યસાહેબના સંશોધનની વિગતમાં ઊતરીએ તે પહેલાં એ જાણી લેવું જોઈએ કે એમણે જિંદગી આખી વિદ્યાર્થીઓને ગણિત શીખવ્યું છે એ ખરું, પરંતુ એમના સંશોધનનો વિષય ગણિત નથી પણ ભૌતિક - વિજ્ઞાન છે, અથવા કહો કે સિદ્ધાન્ત-ભૌતિકી કે ગાણિતિક ભૌતિકી-વિજ્ઞાન (Theoretical Phyrics) છે. સરળ ભાષામાં કહીએ તો ગણિતની મદદથી નૈસર્ગિક પરિઘટનાઓ સમજવી એ એમના સંશોધનનો વિષય છે. વિષયવસ્તુની પસંદગી ભૌતિકવિજ્ઞાનમાંથી કરવાની, ગણિતની મદદથી તેનું પૃથક્કરણ કરવાનું અને એના પરથી કોઈ નવી પરિસ્થિતિ કે પરિઘટનાની આગાહી કરવાની. આ આગાહી મુજબ અવલોકનો થાય તો ગાણિતિક પૃથક્કરણથી નિસર્ગ અંગેની આપણી સમજણમાં વૃદ્ધિ થાય અને સંશોધન ગણનાપાત્ર ગણાય.

એમના રસના મુખ્ય વિષયો છે આઈન્સ્ટાઈનનો સાપેક્ષતાનો વ્યાપક સિદ્ધાંત અને ગુરુત્વાકર્ષણ. આ સંબંધી આજ સુધીમાં એમના ત્રીસથી પણ વધુ લેખો આંતરરાષ્ટ્રિય ખ્યાતિપ્રાપ્ત વૈજ્ઞાનિક પત્રિકાઓમાં પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે. આ વિષયની આંતરરાષ્ટ્રિય અનેક સંસ્થાઓ સાથે તે ક્યાં તો પ્રત્યક્ષ યા પરોક્ષ રૂપે સંકળાયેલા છે, એટલું જ નહીં, સ્વિટ્ઝર્લૅન્ડથી પ્રસિદ્ધ થતા 'General Relativity & Gravitation' (GRG) નામના સામયિકના સ્થાપક વિજ્ઞાનીઓમાંના તેઓ એક છે.

એમના સંશોધન લેખોની સંખ્યા ૭૦થી પણ ઉપર થવા જાય છે. લંડનની ક્વીન ઈલિઝાબેથ કોલેજના પ્રોફેસર ડબ્લ્યુ. બી. બોનર સાથેનાં એમનાં પ્રકાશિત વીજભારતિક-કણોના ગુરુત્વાકર્ષણ અંગેનાં પેપરોએ ઘણા સંશોધકોને આકર્ષિત કર્યા છે. તેવી જ રીતે, બ્રહ્માંડ-વિજ્ઞાન (કોસ્મોલોજિ), ગુરુત્વીય અને વીજચુંબકીય આંદોલનો, આઈન્સ્ટાઈનના એકત્રિત ક્ષેત્રના સિદ્ધાંત તેમજ તારાના ગુરુત્વાકર્ષણની અસર હેઠળ થતાં સંકોચન પરના સંશોધન-લેખો ગણનાપાત્ર છે. પ્રોફેસર સિંગ (J. L. Synge) અને ફ્રાન્સના પ્રોફેસર પેપેપેત્રો (A. Papapetrou) જેવા આધુનિક સાપેક્ષતાવિદોનાં પુસ્તકોમાં, તો વળી આઈન્સ્ટાઈનના એકત્રિત ક્ષેત્રના સિદ્ધાંતના પુરસ્કર્તા એવા પ્રોફેસર લાવાટી (Hlavaty) જેવા વિજ્ઞાનીના એ વિષય પરના પુસ્તકમાં પણ એમના સંશોધન-લેખોના ઉલ્લેખો જોવા મળે છે.

પરંતુ એમનાં સંશોધનોમાં ખ્યાતિપ્રાપ્ત કોઈ સંશોધન હોય તો તે છે એમના નામે ઓળખાતો 'મેટ્રિક'. અંતરિક્ષ (Space) યા દિક્કાલ (Spacetime)માં અંતર યા દૂરત્વનું માપન 'મેટ્રિક' (Metric) કહેવાય છે. પરસ્પર ગમેતેવા સાપેક્ષ વેગ ધરાવતા બે અવલોકનકારો માટે 'મેટ્રિક' અચળ રહે છે. આ 'મેટ્રિક' માટે અમુક અંશે 'અંતરક' યા 'દૂરાત્મક', 'દૂરીક' યા 'માપીય' જેવા પર્યાય પ્રયોજી શકાય. ખગોળશાસ્ત્ર અને બ્રહ્માંડ-વિજ્ઞાન માટે આ શબ્દનું વિશિષ્ટ મહત્ત્વ છે. બ્રહ્માંડમાંનું દ્રવ્ય દિક્કાલને વક્ર કરવામાં કારણભૂત બને છે. દિક્કાલની આ વક્રતાને સમજાવવા માટે ઘણાબધા ગાણિતિક 'ઉકેલો' રજૂ થયા, જેને કારણે વિવિધ 'મેટ્રિક' અસ્તિત્વમાં આવ્યા.

વાતને સરળ રૂપ આપીએ તો કહેવાય છે કે, 'દ્રવ્ય'ના ગુણધર્મો બદલાય એટલે તેમને કારણે ઉત્પન્ન થતું ગુરુત્વાકર્ષણ-ક્ષેત્ર બદલાય અને તેથી આ ભૂમિતિ વ્યક્ત કરતો 'મેટ્રિક' બદલાય. આમ, મેટ્રિક એ ખરેખર તો ભૂમિતિનું વર્ણન કરે છે. આ ભૂમિતિ એટલે એવી ભૂમિતિ કે જે ગુરુત્વાકર્ષણ-ક્ષેત્રનું વર્ણન કરે છે, એટલે કે એ ગુરુત્વાકર્ષણ ઉત્પન્ન કરતા પદાર્થોના ગુણધર્મોનું વર્ણન કરે છે. અર્થાત્, આખું ભૌતિકશાસ્ત્રનું વર્ણન, કહો કે, ગુરુત્વાકર્ષણના ક્ષેત્રના મૂળમાં 'મેટ્રિક' રહેલો છે. આમ, 'મેટ્રિક'માં ભૂમિતિ છે, ચતુષ્પરિમાણ ભૂમિતિ છે, રિમાન્નીય ભૂમિતિ છે, તો વિકલ ભૂમિતિ (differentital geometry). ટૂંકમાં, 'મેટ્રિક' એ સમગ્ર ગુરુત્વાકર્ષણલક્ષી ભૌતિકવિજ્ઞાનનું વર્ણન કરે છે.

૧૯૧૫માં કાર્લ શ્વોર્ત્શીલ્ડે (Karl Schwarzschild : ૧૮૭૩-૧૯૧૬) આવો પહેલવહેલો 'ઉકેલ' રજૂ કર્યો, જે એના નામ પરથી 'શ્વોર્ત્શીલ્ડ મેટ્રિક' કહેવાય છે. મિન્કોવસ્કી મેટ્રિક (Minkowski Metric) એ આવો સરળ મેટ્રિક છે, પરંતુ રોબર્ટસન - વોકર (Robertson - Walker) તરીકે ઓળખાતો મેટ્રિક વધુ જટિલ છે. આ મેટ્રિક વિકસતા વિશ્વની ભૂમિતિ આપે છે, જ્યારે શ્વોર્ત્શીલ્ડ-મેટ્રિક વિલગિત યા એકલ પિંડો (isolated bodies)ના સંદર્ભે ભૂમિતિ આપે છે. પ્રોફેસર વૈદ્યે આઈન્સ્ટાઈનના વ્યાપક સિદ્ધાંતને આધારે વિકિરણકારી (પ્રકાશિત) તારાના બાહ્ય ગુરુત્વાકર્ષણ-ક્ષેત્રનું નિરૂપણ કરતો ઉકેલ સૂચવ્યો હતો, તે હવે 'વૈદ્ય-મેટ્રિક' (Vaidya-metric) તરીકે ઓળખાય છે. આ મેટ્રિક પણ એકલ પિંડ માટેની ભૂમિતિ જ આપે છે. આ અંગે જરા વિગતે જોઈએ.

ન્યૂટનના ગુરુત્વાકર્ષણના નિયમોનો સીધો નહીં તો, આડકતરો પરિચય તો સૌને છે જ. અમુક દિવસે ચંદ્રગ્રહણ થવાનું છે તે અગાઉથી જાણી શકાય છે, એટલું જ નહીં, કયે સમયે ગ્રહણ શરૂ થશે, ક્યારે પૂરું થશે વગેરે અંગે મિનિટેમિનિટનો હિસાબ અગાઉથી માંડી શકાય છે અને આ બધું ન્યૂટનના ગુરુત્વાકર્ષણના નિયમ મુજબ સૂર્ય આસપાસ પૃથ્વીની ગતિ અને પૃથ્વી આસપાસ થતી ચંદ્રની ગતિના ગણિત પરથી અગાઉથી નક્કી કરી શકાય છે.

હવે, ૧૯૧૫માં આઈન્સ્ટાઈને ગુરુત્વાકર્ષણનો નવો સિદ્ધાંત આપ્યો, જે સાપેક્ષતાના વ્યાપક સિદ્ધાન્ત તરીકે ઓળખાય છે. એટલે તે નવા સિદ્ધાન્ત મુજબ ગ્રહોની ગતિનું ગણિત માંડવા માટે સૂર્યનું ગુરુત્વાકર્ષણ ગણી કાઢવું રહ્યું. ૧૯૧૫માં શ્વોર્ત્શીલ્ડે સૂર્યનું ગુરુત્વાકર્ષણ દર્શાવે તેવો આઈન્સ્ટાઈનનાં સમીકરણોનો ઉકેલ મેળવ્યો. આ ઉકેલની મદદથી એક વાત નક્કી થઈ : ભરતી-ઓટ, ગ્રહણો, ગ્રહોની ગતિ વગેરે માટે ન્યૂટનના નિયમથી મળતા જવાબો અને આઈન્સ્ટાઈનના નિયમથી મળતા જવાબો લગભગ સરખા જ છે. આઈન્સ્ટાઈનના નિયમથી મળતા જવાબો જરા વધુ ચોકસાઈવાળા છે એટલું જ.

આ શ્વોર્ત્શીલ્ડના ઉકેલમાં સૂર્યને એક ઠંડા તારા તરીકે ગણવામાં આવ્યો છે, એટલે કે ઉકેલ મેળવતી વખતે, સૂર્યમાંથી ઉદ્ભવતાં તેજ કે ગરમીની તેના ગુરુત્વાકર્ષણ ઉપર થતી અસરને અવગણવામાં આવતી હતી. બનારસમાં પ્રોફેસર નારલીકરે સંશોધનનો જે પ્રશ્ન પ્રોફેસર વૈદ્યને સૂચવ્યો હતો તે આ અસરને અવગણ્યા વગર એટલે કે સૂર્યને પ્રકાશમાન તારક તરીકે ગણી આઈન્સ્ટાઈનનાં સમીકરણોનો ઉકેલ મેળવવાનો હતો. સ્પષ્ટ છે કે સંશોધનના પ્રશ્નનું વિષયવસ્તુ ભૌતિકવિજ્ઞાન અને ખગોળનું હતું, પણ તેનો ઉકેલ ગણિતની મદદથી મેળવવાનો હતો. આ ઉકેલ કેવી રીતે મેળવ્યો તેની વાત તો આપણે અગાઉ કરી જ ગયા છીએ. એકવાર ઉકેલ મળ્યો પછી તો તરત જ ગણી કાઢ્યું કે સૂર્યપ્રકાશને અવગણીને શ્વોર્ત્શીલ્ડે સૂર્યનું ગુરુત્વાકર્ષણ ગણી કાઢ્યું હતું અને વૈદ્યસાહેબે સૂર્યપ્રકાશને ગણતરીમાં લઈને ગણ્યું એ બંને જવાબોમાં ઝાઝો ફેર ન હતો. આનો અર્થ એ થયો કે, શ્વોર્ત્શીલ્ડની ગણતરી પ્રમાણે ગ્રહણનો સમય જો સાંજના ૫ કલાક અને ૫ મિનિટનો હોય, તો વૈદ્યસાહેબની ગણતરી પ્રમાણે તે સમય એક સેકન્ડના દસ લાખમા ભાગ જેટલો મોડો થાય ! પણ આવો સૂક્ષ્મ વધારો કોઈ ઘડિયાળ ભાગ્યે જ માપી શકે, અને તેથી વૈદ્યસાહેબે શોધેલા ઉકેલથી નિસર્ગની કાંઈ વધુ સમજણ મળી નહીં, અને તેથી તે સમયે એમના સંશોધનને ભૌતિકવિજ્ઞાનમાં ખાસ મહત્ત્વ અપાયું નહીં. આ વાતનો એ પરથી ખ્યાલ આવશે કે ૧૯૪૫ના અરસામાં આ ઉકેલની વિગતો આપતો એક લેખ લખીને લંડનની રોયલ એસ્ટ્રોનૉમિકલ સોસાયટીને તેમના સામયિકમાં પ્રકટ કરવા મોકલ્યો હતો, પણ ત્યારે તે અગત્યનો ન લાગતાં અસ્વીકૃત થઈને પાછો આવ્યો હતો. છેવટે ૧૯૪૩માં

મેળવેલો આ ઉકેલ ૧૯૫૧માં ઈન્ડિયન એકેડેમી ઓફ સાયન્સીઝના સામયિકમાં પ્રસિદ્ધ થયો.

પરંતુ વીસ વર્ષ દરમિયાન પરિસ્થિતિમાં પલટો આવ્યો. ૧૯૬૩માં ક્વેસારનું અવલોકન થયું તો ૧૯૬૭માં પલ્સારની શોધ થઈ. આ નવા જ્યોતિપુંજો આપણા સૂર્ય કરતાં અનેકગણા પ્રકાશનું વિકિરણ કરે છે અને તેમનું ગુરુત્વાકર્ષણ સૂર્યના ગુરુત્વાકર્ષણ કરતાં હજારો-લાખો ગણું શક્તિશાળી છે. આવાં શક્તિશાળી ગુરુત્વકેન્દ્રોનું વર્ણન તો આઈન્સ્ટાઈનના નિયમ પ્રમાણે જ થઈ શકે. એટલું જ નહીં, પણ તેમનાં તેજને કારણે થતો ગુરુત્વાકર્ષણનો ફેરફાર અવગણી શકાય તેવો નથી અને તરત જ વિજ્ઞાનીઓનું ધ્યાન વૈદ્યસાહેબે ૧૯૪૩માં મેળવેલા અને ૧૯૫૧માં પ્રસિદ્ધ થયેલા ઉકેલ તરફ ગયું. એવી પરિસ્થિતિ નિર્માણ થઈ કે ૧૯૬૪ના ડિસેમ્બરમાં ટેક્સાસમાં ભરાયેલી આંતરરાષ્ટ્રિય પરિષદમાં આ જ ઉકેલને અનુલક્ષીને પૂરા બે કલાક બેઠક ગોઠવાઈ હતી ! અને આમ એ ઉકેલનું મહત્ત્વ ભૌતિકવિજ્ઞાન અને ખગોળમાં એકાએક વધી ગયું. એટલું જ નહીં, ત્યારબાદ તો વૈદ્યસાહેબના ખાસ કરીને ૧૯૪૩, ૧૯૫૧ અને ૧૯૫૩માં પ્રસિદ્ધ થયેલા પ્રકાશિત તારાના ગુરુત્વાકર્ષણ ઉપરનાં અન્ય પેપરો પણ ખૂબ જ ખ્યાતિ પામ્યાં. આ પછી તો વૈદ્ય-મેટ્રિકે દુનિયાના ઘણા વિજ્ઞાનીઓને આકર્ષ્યા છે.

આ વૈદ્ય-મેટ્રિકનો ઉપયોગ આજે તો ઉચ્ચ ઊર્જા ખગોળભૌતિકી (High Energy Astrophysics)માં વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે, અને અગાઉ જેનો ઉલ્લેખ કર્યો તે GRG ઉપરાંત, ઈંગ્લૅન્ડના 'Quantum Theory & Gravitation' તથા અમેરિકાના 'Physical Review' વગેરે જેવા સુખ્યાત સામયિકોમાં વર્ષ દરમિયાન થતા કુલ લેખોમાંથી પંદરથી વીસેક જેટલા લેખો એવા હશે કે જેમાં આ મેટ્રિકનો છૂટથી ઉલ્લેખ-ઉપયોગ જોવાં મળે છે. આમ, વૈજ્ઞાનિક આલમમાં 'વૈદ્ય-મેટ્રિક' પ્રમાણિત (Standardised) થઈ ચૂક્યો છે.

આ ઉપરાંત, વૈદ્યસાહેબનું એક બીજું સંશોધન પણ ઉલ્લેખનીય છે. ૧૯૬૩માં સાપેક્ષતાવાદના સિદ્ધાંતોનો ઉપયોગ કરીને કર (Roy P. Kerr) નામના વિજ્ઞાનીએ ભ્રમણ કરતા અપ્રકાશિત તારાના બાહ્ય ગુરુત્વાકર્ષણ-ક્ષેત્રને લગતો ઉકેલ મેળવ્યો, જે 'કર-મેટ્રિક' કહેવાય છે. આ મેટ્રિક - અપ્રકાશિત એકલ-પિંડ (એટલે કે બ્લેક-હોલ)ની ભૂમિતિ આપે છે.

પણ ભ્રમણ કરતા પ્રકાશિત (વિકિરણકારી) તારા યા પિંડના બાહ્ય ગુરુત્વાકર્ષણ ક્ષેત્રનું શું ? આ ક્ષેત્રે સંશોધન કરતી ઘણી વ્યક્તિઓએ આ દિશામાં અસફળ પ્રયત્નો કર્યા. આ પ્રશ્નનો ઉકેલ શોધવા માટે વૈદ્યસાહેબે અને એમના એક વિદ્યાર્થી ડૉ. લીલાભાઈ ખે. પટેલે એક મૌલિક રીત શોધી કાઢી. આ રીતની મદદથી એમણે મુશ્કેલ લાગતા આ કાર્યને ૧૯૭૩માં સિદ્ધ કરી બતાવ્યું. આ ઉકેલ 'વિકિરણકારી કર-મેટ્રિક' (Radiation Kerr - Metric) તરીકે ઓળખાય છે. વળી, કરના ઉકેલ ઉપરના વૈદ્યસાહેબના સંખ્યાબંધ સંશોધન લેખો વિજ્ઞાનજગતમાં ઠીકઠીક જાણીતા થયા છે આ સંશોધનો નિસર્ગની વધુ સ્પષ્ટ તસવીર ઉપસાવવામાં ઉપયોગી થઈ પડે તેવા છે.

વૈદ્યસાહેબના માર્ગદર્શન હેઠળ અનેક વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની પદવી મેળવી છે. ગુજરાત અને ગુજરાત બહારના સાપેક્ષતાવાદમાં સંશોધન કરતા કેટલાય વિદ્યાર્થીઓને પ્રોફેસર વૈદ્યના માર્ગદર્શનનો લાભ મળેલો છે. એમણે દેશ-વિદેશની ગણિત તથા સાપેક્ષતાવાદ અને ગુરુત્વાકર્ષણની અનેક સંસ્થાઓ યા પરિષદોનાં અધ્યક્ષપદ શોભાવ્યાં છે અને આ સંસ્થાઓનું કુશળ સંચાલન કર્યું છે. આવા વૈદ્યસાહેબ દૃષ્ટાંત અધ્યાપક અને વિજ્ઞાનવિદ્યાર્થી છે. □

અનુસંધાન] ભૂમધ્યને બે કાંઠે [પૃ. ૨૯૮ પરથી

એ બપોરે બહાર ઘણી ગરમી હતી. છાંયડો ઓછો થયો હતો, ને રસ્તાઓ પર 'રેઈઝ' કરીને ઝડપથી ચલાવાતાં લ્યુના વાહનોનો ઘોંઘાટ હતો. વાતો કરવા ને સાંભળવા માટે ઉપરના બેઠક ખંડમાં જઈને અમે બેઠાં. હું થોડો સંકોચ અનુભવતી હતી, કારણ કે પ્રવાસ કોણ નથી કરતું ? એમાં શી મોટી વાત છે ? પણ અઢી કલાક વાર્તાલાપ ચાલ્યો. કોઈ સ્ત્રી એકલી-ને તે પણ કોઈ પરિણીત સ્ત્રી-આમ આટલું ફરે તેનું આશ્ચર્ય પણ દરેક સમાજમાં થતું મેં જોયું છે. હાજર સ્ત્રીઓએ મને ઘણા પ્રશ્નો પૂછ્યા. આખા પ્રસંગમાં રસ લેવાતો હતો, ને વિચારોની આપ-લે થતી હતી. એ બધાંને મળવાનું બન્યું તે બહુ સારું થયું. શિક્ષિત વ્યક્તિઓ સાથે સંવાદ શા માટે સારો ન લાગે ! એમાં મુનીરા નામની એક સ્ત્રી હતી - વિદુષી અને ત્વરિત-બુદ્ધિવાળી. એ ઈતિહાસજ્ઞ હતી. એને વધારે વાર મળવું ઘણું ગમ્યું હોત. પણ આ પછી મારી પાસે ટ્યુનિશિયા માટે સમય બાકી રહ્યો નહોતો.

એ સમય દરમ્યાન કાર્થાજની નજીકની કેટલીક જગ્યાઓએ હું એકલી ગઈ-લોકલ ટ્રેન લઈને ક્યારેક ક્યારેક કોઈ વાત કરવા આવ્યું. વર્ષોથી એકલાં ફરીને લોકોના કે વ્યક્તિના માનસની ખાસ્સી સમજણ આવી ગઈ છે. વાત કરનાર કોઈ પ્રત્યે શરૂઆતથી સંદેહ રાખતી નથી, પણ સાવ ભોળવાઈ જવાય એટલી મૂર્ખતા બતાવતી નથી. પ્રવાસીનો લાભ ઊઠાવવાની વૃત્તિ તો સર્વ-સામાન્ય છે, તે જાણી રાખેલું હોય એટલે એ વ્યક્તિ પાસેથી કશી અપેક્ષા કે લાંબી મૈત્રીની આશા તો રાખવાની જ નહીં. હું માણસ તરીકેનો વિશ્વાસ સામા માણસ પર રાખું. મનથી પણ થોડી છેતરાઉં તો જાત પર જ હસું. બધાં સારાં ના હોય, તેમ બધાં ખરાબ પણ ના જ હોય-તે પ્રત્યે સભાન છું, ને જાતને દુઃખ કે હાનિ ના પહોંચે તે રીતે કોઈની પણ સાથે બે શબ્દ બોલતાં જાતને રોકતી નથી. એ જ રીતે કોઈપણ જગ્યાની ઓળખ પામું છું.

ટ્યુનિશિયાની પ્રજાનાં અરબી જાતિનાં સદસ્યો એટલાં બધાં ભારતીય લાગે ! એમને હું થોડી એમનાં જેવી લાગતી હોઈશ ? હું ફરી હતી યુરોપી ગોરાઓ સાથે ને, દેખાતી હતી કથ્થઈ ત્વચાવાળી. કેટલાંયે 'હિન્દુ'-ભારતીય - તરીકે મને ઓળખી જતાં હતાં. કેટલાંક મને ટ્યુનિશિયન માનીને ઉતારી પાડતાં હતાં. ભલે અમેરિકા રહેતી હોઉં, દેખાવે કોઈ ગરીબ ને પછાત દેશની હતી. ભલે જાત ત્રીજા વિશ્વની બહાર રહેતી હોય, મોઢા પરથી ત્રીજા વિશ્વની છાપ કેવી રીતે કાઢવી ? □

ભીના કાગળના રાજહંસ

જનક ત્રિવેદી

એક છોકરો છે. આમ તો એનું સાચું નામ કંઈક બીજું જ છે, પણ ધારો કે એનું વહાલનું નામ ભટ્ટૂર છે. નાનો હતો ત્યારે ગોળમટોળ હતો. એટલે દાદીમાએ વહાલમાં એનું નામ ભટ્ટૂર પાડ્યું હતું. હજી પણ એ ગોળમટોળ છે, અને હજી પણ મમ્મી-પપ્પા એને ભટ્ટૂર નામે જ બોલાવે છે. ભટ્ટૂર ખુશમિજાજ છોકરો છે.

ભટ્ટૂર શેરીમાં રમવા જતો નથી - નાનો હતો ત્યારે પણ નહીં. મમ્મી કહે છે, 'અમારા ભટ્ટૂરની રાવ-ફરિયાદ હજી સુધી આવી નથી. ઝગડો તો એ કોઈ દિવસ કરે જ નહીં. અમારો ભટ્ટૂર ઘરની બહાર નીકળે નહીં. ભટ્ટૂરને ગાળો બોલતાં આવડતી નથી.'

ભટ્ટૂર સમયસર સ્કૂલે જાય છે. ઘરે મોડો આવતો નથી.

ભટ્ટૂર ચા પીતો નથી. બચપણમાં દૂધ પીતો હતો તેમ હજી પણ દૂધ જ પીએ છે. દૂધ-નાસ્તો કરતાં અને જમતાં જમતાં એને ચોપડીઓ વાંચવાની ટેવ છે.

બચપણમાં ભટ્ટૂરને રંગીન ચિત્રવાર્તાઓની ચોપડીઓ જોવી ગમતી. વાંચતા શીખ્યો પછી રમવાને બદલે બાળવાર્તાઓની ચોપડીઓ અથવા કૉમિક્સ વાંચ્યા કરતો. બીજી ચોપડી ન મળે તો એની એ વાંચ્યા કરતો. મમ્મી કહે છે, 'અમારા ભટ્ટૂરને ભલું ઘર ને ભલી ચોપડીઓ.... ભટ્ટૂરને દોસ્તાર-ફોસ્તારની જરૂર જ નહીં.'

ભટ્ટૂર ટ્યુશનોમાં નિયમિત જાય છે. ક્લાસમાં પહેલો નંબર લાવે છે. મમ્મી ચિંતા કરે છે - ભણવાની લાહ્યમાં બિચારો નિરાંતે જમતો ય નથી... કેવો દૂબળો પડી ગયો છે.... જો ને.

રોજ રાત્રે બાર-સાડાબાર સુધી અભ્યાસનું વાંચવાનો નિયમ ભટ્ટૂર અખંડ પાળે છે. (અલબત્ત, અભ્યાસનાં પુસ્તક વચ્ચે વાર્તા-નવલકથાનું પુસ્તક રાખી ક્યારેક વાંચી લે છે. એ તો બસ, ખાલી ફ્રેશ થવા પૂરતું જ... જો... જો... પાછા મમ્મીને કહેતા નહીં.)

બુદ્ધિવર્ધક શંખપુષ્પી સિરપ મમ્મી લાવી આપે છે તે આનાકાની વગર પી લે છે. કસરત કરવી ગમતી નથી તેથી વિકલ્પમાં ભટ્ટૂરને ચ્યવનપ્રાશ ચાટવું પડે છે. ભટ્ટૂરને ચશ્માં આવી ગયાં છે. મમ્મી કહે છે, 'ચશ્માંમાં અમારો ભટ્ટૂર ઇન્ટેલેક્ચ્યુઅલ દેખાય છે.'

ઘસઘસાટ ઊંઘવું તે ભટ્ટૂરનો પ્રિય વિષય છે. ઊંઘવાનું મળે તો એ ખાવાનું પસંદ કરે નહીં.

ભટ્ટૂરને ઘરમાં ખાલી અંડરવેર-લેંઘો પહેરવાં ગમતાં નથી. મોટા માણસની જેમ ઘરમાં પેન્ટ-બુશશર્ટ પહેરે છે. મમ્મી કહે છે, 'અમારા ભટ્ટૂરને ઉઘાડાં ફરવું ગમતું નથી... બચપણથી જ એ કોઈનાં દેખતાં કપડાં બદલતો નથી... એટલી લાજ-શરમ સારી.'

ભટ્ટૂરને બાથરૂમ સિવાય ખુલ્લામાં નહાવાનું ફાવતું નથી. બચપણમાં પોતે નદીમાં તરતા, ઢબઢબતા, ચતપાટલી તરતા, કોશિયા-પલોઠિયા ધુબાકા મારતા અને ડૂબકી દાવ રમતા તેનાં સંભારણાંનો પટારો પપ્પા ખોલે છે અને મમ્મી સાંભળે નહીં તેમ કહે છે : ખબર છે... અમે બાર વરસના હતા ત્યાં સુધી તો નદીમાં નાગાપૂગા ના'તા'તા... ! ભટ્ટૂર કોઈ મજાની સાહસકથા સાંભળતો હોય તેમ પપ્પાની વાતો સાંભળે છે. પછી મમ્મી સાંભળે નહીં તેમ (હા, બરાબર પપ્પાની જેમ!) ધીમેથી પૂછે છે : હેં... પપ્પા... તમને શરમ નો'તી આવતી છોકરીઓની ?

ભટ્ટૂર ચૌદ વર્ષનો કિશોર છે. મમ્મી કહે છે, 'ભટ્ટૂરનો અવાજ ખરાબ થઈ ગયો છે. અમારો ભટ્ટૂર છોકરીઓ જોડે તો વાત જ કરે નહીં... હું તો કહું છું... ભઈ... ચારિત્ર્ય પહેલું.'

ટીવી ભટ્ટૂરની જરૂરિયાત છે. અંગ્રેજી નહોતું આવડતું ત્યારે પણ પુજીસીના પ્રોગ્રામ જોતો. ટીવી દ્વારા જ અંગ્રેજી શીખ્યો, ને હવે અંગ્રેજી સબટાઈટલવાળી મલયલમ, કન્નડ, બંગાળી ફિલ્મો જુએ છે. મમ્મી કહે છે, ભટ્ટૂરના પપ્પા કાયમ ડિસ્ટ્રિક્ટમાં હોય અને હું મહિલા ક્લબમાં... પણ ભટ્ટૂરની મને જરાય ચિંતા નહીં... એ તો એઈ... ને મોજથી ટીવી જોતો હોય... પછી... બોલો... એને એકલું શું કરવા લાગે !'

ભટ્ટૂરને હાથે પીરસીને જમી લેવાની ટેવ છે. મમ્મી કહે છે, 'બિલકુલ નાનકો હતો ત્યારથી જ આવો ડાહ્યો છે અમારો ભટ્ટૂર... સ્કૂલેથી આવે ત્યારે હું ભાગ્યે જ ઘેર હોઉં... મને એની લવલેશ ચિંતા નહીં... હાથે લઈને મજેથી જમી લે.'

ભટ્ટૂરને નકામાં ગપ્પાં મારવાં ગમતાં નથી. ફુરસદના સમયમાં ભટ્ટૂર કાનમાં હેડફોન ભરાવી વૉકમૅનમાં માઈકલ જેકશન, અપાચી ઈન્ડિયન, રેમો ફર્નાન્ડિસ અથવા બાબા સાયગલના પૉપ કે રેપ સૉન્ગ્સ સાંભળ્યા કરે છે. કામ સિવાય ભટ્ટૂર ઘરમાં ભાગ્યે જ બોલે છે. મમ્મી કહે છે, 'કોઈને લાગે જ નહીં કે આ ઘરમાં છોકરું હશે... અમારો ભટ્ટૂર સંગીતપ્રેમી છે... એને શાંતિ ગમે છે... બહુ બકબક કરતાં છોકરાંવ... ભઈ, ... આપણને તો ગમે નહીં.'

ભટ્ટૂર સાંજે દોસ્તારો સાથે ફરવા જતો નથી. પપ્પા સાથે ચેસ રમે છે. પપ્પા ન હોય તો એકલો રમે.

રમતનું મેદાન રસ્તામાં આવે છે ત્યારે ભટ્ટૂર આંખો ચોરી લે છે. ઑલિમ્પિક સ્પર્ધાઓ, વિમ્બલડન અને ફ્રેન્ચ ઓપન ટેનિસની ફાઈનલ્સ અને ફૂટબોલ, હોકી તથા ક્રિકેટ વર્લ્ડકપના લાઈવ ટેલિકાસ્ટ જોવાનું ભટ્ટૂર ચૂકતો નથી. રેસલિંગના પોઈન્ટ, ગ્રીક અને ફ્રીસ્ટાઈલ કુસ્તી વચ્ચેનો તફાવત તથા પેનલ્ટિ કિક-કૉર્નરના નિયમ ભટ્ટૂર જાણે છે. ગિલ્લીદંડા

અને કબડ્ડી કેમ રમાય તેની ભટ્ટૂરને ખબર નથી. ઓળકામડાં જેવી કોઈ રમત છે તે ભટ્ટૂર જાણતો નથી. ભમરડાને દોરી વીંટતા આવડતું નથી. કોડીએ કઈ રીતે રમાય તેનો ભટ્ટૂરને ખ્યાલ નથી.

ભટ્ટૂરને બરફના ગોળા ખાવા ગમે છે, પણ ગોળાની રેંકડીવાળાને થોભવા અવાજ કરતો નથી.

ઘેર કોઈ આવે છે તો ભટ્ટૂર અંદરના રૂમમાં ચાલ્યો જાય છે. ભટ્ટૂરને અતિશય ગંભીર પ્રકારની આર્ટ ફિલ્મો જોવી ગમે છે. બમ્બઈયા ફિલ્મો તરફ નફરત છે. સત્યજિત રાયની તમામ ફિલ્મો એણે જોઈ છે. મોડી રાતની A સર્ટિફિકેટ ફિલ્મો પણ ભટ્ટૂર જુએ છે.

ટૉમ સોયર, હકલબરી ફિન, મુલ્લાં નસરુદ્દીનની વાર્તાઓ, ચેહફની વાર્તાઓ, તુર્જનેવ અને શોલોખોવની નવલકથાઓ તથા ગૉર્કીની આત્મકથા જેવાં પુસ્તકો પપ્પા લાવે છે. ભટ્ટૂરે એ બધાં વાંચ્યાં છે, વારંવાર વાંચ્યાં છે.

પપ્પા ભાગવત કે રામાયણ લાવતા નથી. મિત્રે આપેલી મહાભારતકથા ભટ્ટૂર વાંચતો હતો. મમ્મીએ મનાઈ કરી : મહાભારત ઘરમાં લવાય નહીં.. ઘરમાં મહાભારત થાય. ભટ્ટૂરને કંઈક બોલવાનું મન થયું, પણ બોલ્યો નહીં. પુસ્તક મિત્રને પાછું આપી દીધું. ભટ્ટૂરે ગાંધીજીની આત્મકથા વાંચી નથી.

પરીક્ષા આપવા જતી વેળા મમ્મી કહે છે ત્યારે ભટ્ટૂર ભગવાન સામે બૂટ પહેરીને જ હાથ જોડી લે છે. મમ્મી કંકુનો ચાંદલો કરી દે છે તે બહાર જઈ ભૂંસી નાખે છે. ભટ્ટૂરે છાનાંછપનાં મોટાભાઈનાં રજનીશનાં પુસ્તકો વાંચ્યાં છે, અને મમ્મીની ગેરહાજરીમાં મોટાભાઈને 'આશો'નો અર્થ પૂછે છે.

ભટ્ટૂરને જન્મદિવસે મમ્મી-પપ્પાનાં ચરણસ્પર્શ કરવાનું યાદ આવતું નથી. ભટ્ટૂર દાદીમાનું નામ જાણતો નથી. નાનાને ઘરે જવાનું ખાસ કરીને ટાળે છે, કારણ, નાનાને છાપું વાંચી સંભળાવવું પડે છે. પપ્પાના કુટુમ્બીઓ ભટ્ટૂરને ખાસ ઓળખતા નથી. વેકેશનમાં ભટ્ટૂર મામાને ઘરે જતો નથી.

મમ્મી-પપ્પાના હાથમાં મેથીપાકનો 'સવાદ' ભટ્ટૂરે ક્યારેય ચાખ્યો નથી.

પપ્પા ક્યારેક મોજમાં હોય ત્યારે પોતાના બચપણનાં સંસ્મરણો સંભળાવે છે. ભટ્ટૂર ગંભીર થઈને સાંભળે છે, પીઢ માણસની જેમ આશ્ચર્ય વ્યક્ત કરે છે અને બહુ થાય તો ક્યારેક માપેલું-જોખેલું સ્મિત કરી લે છે. પરંતુ મમ્મીને ગણકાર્યા વગર પપ્પાની જેમ રઝળપાટ, રમતો, તોફાનો અને ધિંગામસ્તી કરવા ઘર અને સ્કૂલની ચાર દીવાલો વચ્ચેથી નાસી છૂટવાનું એને મન નથી થતું. એ તો, બસ, ટીવીમાં વાર્તા કરનારની સામે ડાહ્યાંડમરાં થઈ વાર્તા સાંભળતાં ભૂલકાંઓની જેમ પપ્પાની વાતો ચૂપચાપ સાંભળતો રહે છે. 'ગુલાબી આરસની લગ્ગી' નામની એક ચોપડીમાં આવું બધું વાંચેલું તે ભટ્ટૂરને યાદ આવે છે. મમ્મી ભટ્ટૂરના પપ્પા પર ખિજાય છે : 'શું સાવ નકામી વાતો કરો છો... છોકરાના સંસ્કાર બગડે એનું કંઈ ભાન છે કે નહીં.'

(ભટ્ટૂર હમણાં 'આઈ લવ યૂ'નું એક સ્ટિકર ખરીદી લાવ્યો છે અને કોઈની નજરે ન ચડે તેમ એકાદ પુસ્તક અથવા નોટબૂકનાં પૂંઠાંની અંદર ચીપકાવવાનો એનો ઇરાદો છે. બીજું, ઘરમાં એકલો હોય ત્યારે 'આશિકી'ના ગીત ગણગણતો હોય છે.)

ભટ્ટૂરે કદી મમ્મીના ખોળામાં સૂવાનું વેન કર્યું નથી. ભટ્ટૂરે ક્યારેય મમ્મીને દાદીમાની જેમ પરીકથાઓ કહેવાનું કહ્યું નથી. ભટ્ટૂરે ક્યારેય ફળિયામાં સૂતાંસૂતાં આકાશમાં ટમકતા તારલા જોયા નથી. ભટ્ટૂરે ક્યારેય મમ્મીની સાથે જમવાની હઠ પકડી હોય તેવું મમ્મીને યાદ નથી. ભટ્ટૂર ક્યારેય મમ્મી-પપ્પાની આંગળી પકડી ચાલ્યો નથી. મમ્મી કહે છે, 'અમારા ભટ્ટૂરને કોઈના આધારની જરૂર નહીં.'

એકવાર, કોણ જાણે કેમ, ભટ્ટૂરને ચિત્રો ચીતરવાનો સોલો ચડ્યો. રાત ને દિવસ, બસ, ચિત્રો ચીતર્યા કરે અને રંગો ભર્યા કરે, પછી સામે રાખી નીરખ્યા કરે. મમ્મીએ ઠપકો દીધો, 'આવાં ચીતરડાં ચીતરવામાં દિ નહીં વળે... ખબર છે ને... ફર્સ્ટક્લાસ લેવાનો છે.' ભટ્ટૂરે બધું સમેટી લીધું અને શાણો બની ડ્રૉઇંગ પેપર, ચિત્રો, કલર બૉક્સ અને પીંછીઓ ટેબલના ખાનામાં નજરે ન ચડે તેમ છેક ઊંડે ધકેલી દીધાં. મમ્મી રાજી થઈ.

પર્સન્ટેજ થોડા ઓછા આવ્યા. ફર્સ્ટક્લાસ તો હતો જ, પરંતુ ડિસ્ટિંક્શન માર્ક આવ્યા નહીં. મમ્મી સખત ગુસ્સે થઈ. ભટ્ટૂર મૂંગો મૂંગો સાંભળતો રહ્યો. બહુ થયું ત્યારે પપ્પાએ મમ્મીને વારવાની કોશિશ કરી, 'બસ હવે... ઘણું થયું... કંઈ નાપાસ તો નથી થયો' થઈ રહ્યું. ભટ્ટૂર ઉપરની ઝડી પપ્પા પર વરસવા માંડી, '... બગાડો ...બગાડો ...તમતારે બગાડો... છોકરાને આમ તમે જ બગાડી મૂક્યો છે, ...હજી વાર્તાની ચોપડીઓ વંચાવો.' પપ્પા ધીમેથી બોલ્યા, 'જ્ઞાન તો તેમાંથી પણ મળે છે.' મમ્મી ઊકળી ઊઠી, 'તમારી ફિલૉસોફી રાખો તમારી પાસે... શતરંજ રમાડો... ફિલ્મો દેખાડો... દીકરાની કેરિયર બની જશે...!' પછી ભટ્ટૂરનો અભ્યાસ, કેરિયર અને ભટ્ટૂર, બધું બાજુ પર રહી ગયું. અર્ધોએક કલાક મમ્મી બોલતી રહી. પપ્પા પુસ્તક વાંચવામાં ગરકાવ થઈ ગયા અને ભટ્ટૂર પાંપણો ઢાળી બેઠો રહ્યો. પછી મમ્મી બબડતી બબડતી રસોડામાં ચાલી ગઈ. ઓરડો એકાંત ટાપુ બની ગયો. પછી પપ્પાએ ભટ્ટૂરની આંખોમાં ભરાએલાં ઝળઝળિયાં તરફ ત્રાંસી નજરે જોયું. બસ, ખાલી જોયું. એકવાર ભટ્ટૂરે મૂડ જોઈ મમ્મીને પૂછ્યું હતું, 'હેં મમ્મી ...ભગવાને તમને શીંગડાં આપ્યાં હોત તો ?!'

તો...? મમ્મીને રમૂજ થઈ. 'હું અનાથ હોત ...!'-બોલીને ભટ્ટૂર આસ્તેથી સરકી ગયો હતો.

ફરી નવા વર્ગની અર્ધસત્રાંત પરીક્ષાઓ આવી પહોંચી. શરૂઆતથી જ ભટ્ટૂરની તૈયારીઓ સતત ચાલુ હતી.

રાત્રિના લગભગ બેએક વાગે મમ્મીની નીંદર ખૂલી ગઈ. રાબેતા મુજબ ભટ્ટૂરના રૂમમાં ટેબલ લૅમ્પ બળતો હતો. મમ્મીએ અંદર ડોકિયું

કર્યું. ખીચોખીચ અંધકાર વચ્ચે ભટ્ટુર ટેબલ પાસે બેઠો હતો અને ધીમા સ્વરે કોઈ ફિલ્મી ધૂન ગણગણતો હતો ને કંઈક લખતો હતો. બારણું હલવાનો સહેજ અવાજ થયો. અનાયાસ ગીતની ધૂન ભટ્ટુરના ગળામાં અટકી ગઈ. મમ્મી આવે છે તેવો ખ્યાલ આવતાં લખેલો કાગળ ચોપડીની વચ્ચે સંતાડવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો. લખાણ વાંચતાં મમ્મીની ભ્રૂકુટિ તંગ બની. સમુદ્રમાં તોફાન આવી રહ્યું હતું અને નાનકડી હોડી હાલકડોલક થઈ રહી હતી. કાગળમાં ભટ્ટુરે કવિતા લખી હતી, -

જે વર્ગમાં ભણું છું હું,
એ જ વર્ગમાં બાઝ્યાં છે જાળાં
ને જાળાંમાં કરોળિયા.
ભણે છે કરોળિયા -
એક કરે બાદબાકી
તો બીજો વાંચે કવિતા
ત્રીજો સ્પેલિંગ પાકા કરે
ચોથો કરે ચિત્રકામ.
ભણતાં હું શીખ્યો નહીં,
ભણતા શીખી ગયા કરોળિયા.

કવિતા વાંચી મમ્મીએ તિરસ્કારપૂર્વક 'ઊંહ... કવિતડાં ...!' બોલતાં થારી નાખતી નજરે ભટ્ટુર સામે જોયું. પછી કવિતા લખેલો કાગળ ફાડી નાખ્યો. પછી કાગળની કટકીઓ ભટ્ટુરની સામે ટેબલ ઉપર ફેંકી. પછી ફરી ઊંહકાર કરી અંદર ચાલી ગઈ. ધૃણા, અપમાન, તિરસ્કાર, ગુસ્સો, ઠપકો, કાગળ ફાડવાની ક્રિયા - બધું તીવ્રતર અને પ્રતીતિકારક. ભટ્ટુરથી એક શબ્દેય બોલાણો નહીં. નિઃશબ્દ અંધકારમાં કાગળનો ચિત્કાર સાંભળ્યા પછી એને કશું સંભળાતું નહોતું - મમ્મીનો ઊંહકાર પણ નહીં.

એ ફક્ત ટેબલ ઉપર વેરાએલા કાગળના નાના નાના ટુકડાઓને જોતો રહ્યો.

સવારે ભટ્ટુર મોડો ઊઠ્યો. મોં ધોયા પછી એણે ટેબલના ખાનામાં ઊંડે ધકેલી દીધેલાં ચિત્રો બહાર કાઢ્યાં. પછી, એક પછી એક બધાં ફાડ્યાં. કલર બૉક્સમાંથી રંગોની બધી ટીકડીઓ ટેબલ પર ઢાલવી. એક પછી એક બધી પીંછીઓના વાળ ખેંચી કાઢ્યા અને પછી પીંછીઓ તોડી નાખી. પછી કવિતાના કાગળના ટુકડાઓ અને ચિત્રોના ટુકડાઓ સાથે રંગોની ટીકડીઓ અને વાળ વગરની તૂટેલી પીંછીઓ વેસ્ટ પેપર બાસ્કેટમાં ફેંકી દીધી. મમ્મી બારી આગળ ઊભી હતી. પરંતુ એ તો હતી મમ્મીના આકારની કાચની પૂતળી અને ભટ્ટુરની દૃષ્ટિ એના ચહેરાની આરપાર બારી બહાર દેખાતું આકાશ જોઈ રહી હતી. આકાશ ભીનું ભીનું હતું અને આકાશનો રંગ વાદળી નહીં, સફેદ હતો, બિલકુલ સફેદ કાગળ જેવો. આકાશ કોઈએ ફાડી નાખ્યું હતું અને તેના નાના નાના ટુકડાઓ બારીના ચોકઠાની બહાર દૂર... બહુ દૂર હવામાં આમતેમ ઊડી રહ્યા હતા, સરકી રહ્યા હતા અને ભટ્ટુરનું મન પતંગિયાને પકડવા મથતા કોઈ બાળકની જેમ હવાની લહેરો પર તરી રહેલા એ ધવલ રાજહંસોની પાછળ પાછળ આમતેમ ઊડી રહ્યું હતું.

મમ્મી બિલકુલ ભટ્ટુરની નજર સામે જ ઊભી હતી, પરંતુ ભટ્ટુરને દેખાતી નહોતી. મમ્મી હસતાં હસતાં કંઈક બોલી રહી હતી. કદાચ ભટ્ટુરની સમજદારી અને આજ્ઞાંકિતતાનાં વખાણ કરતી હશે, પરંતુ ભટ્ટુરને કંઈજ સંભળાતું નહોતું. એ વિચારતો હતો : કાગળના ટુકડાઓ ભીના છે છતાં કેમ ઊડતા હશે ! □

અનુસંધાન] વાઘણ માનવભક્ષી કેમ બની ?! [પૃ. ૨૯૭ પરથી

પેલી સ્ત્રી અને તેના ખૂનની તપાસ પોલીસને સોંપી શેરડીમાં સંતાયેલી આદમખોરને ઘેરો ઘાલવામાં આવ્યો. જે સડકના કાંઠે તેનો પ્રિયતમ અને તેનાં બે બચ્ચાં જોવાં મળ્યાં હતાં તે તેના નિવાસસ્થાન વિશે શંકા રહી નહિ. વાઘણ હવે વધુ માનવહત્યા કરે તે પહેલાં તેને પકડવી અથવા તેને મારવા સિવાય છૂટકો નહોતો. તેને જીવતી ફસાવવામાં તો એક પણ કારી ફાવી નહોતી. પ્રથમ તો નૌરંગપુર પાસે પાડાને બાંધી તેને પિંજરે પૂરવા કોશિશ કરી, પણ વાઘણ એટલી બધી ચાલાક હતી કે એમાં સપડાઈ નહીં.

આઠમી ઑગસ્ટે ખબર પડી કે પાડાના શબને ઘસડીને તે શેરડીના ખેતરમાં લઈ ગઈ છે. અમારી ટુકડીએ તેને ચારે તરફથી ઘેરી લીધી. હવે તેને આ ઘેરો તોડીને બહાર નીકળવાનું હતું. અમારી કસોટી હતી. ખેલ ખરાખરીનો હતો.

આખી જાણકારી જિલ્લા અધિકારી તરીકે ઉત્તરપ્રદેશ સરકારને જણાવી. સુરેશ શ્રીવાસ્તવ તરફથી ફોન પર ખબર આપવામાં આવ્યાં કે હવે કોઈપણ વ્યક્તિના જીવને જોખમમાં મૂકવા કરતાં તેને ગોળીએ દો...

સૂચનાનો અમલ હાથ ધરાયો. હરિહર ખ્યારી ઉપર બે વન અધિકારીઓ રામપ્રકાશ અને બિંદાપ્રકાશ તથા ફોરેસ્ટ ગાર્ડ શૌકત ઊપડ્યા. શોધખોળને અંતે બપોરના સાડાત્રણે રાક્ષસી આદમખોર વાઘણ નજરે ચડી. પહેલાં બિંદાએ ૩૭૫-મૅગ્નમ રાઈફલમાંથી ગોળી છોડી. પણ કંઈક માનવોનો કોળિયો કરી જનારી તે એમ શાની પડે? તેણે હાથણીની પાલખી પર બેઠલા અધિકારી પર હુમલો કર્યો. પણ તેની છલાંગ સાથે જ બીજી ગોળી ધરબાઈ. હાથણીથી દસેક ફૂટ દૂર એ ગબડી પડી. હજુ તે હુમલો કરવા તત્પર હતી. પણ ત્રીજી ગોળીએ તેનું ઢીમ ઢાળી દીધું.

આદિવાસીઓ, ગ્રામવાસીઓ [illegible] સાથેનં યુદ્ધ કંપતા કાળજે જોઈ રહ્યાં હતાં. તે [illegible] મરી છે, એટલે લોકો પગે ચાલી કે ટ્રેક્ટરો [illegible] તેમાં હૈયાફાટ રુદન કરતી છિદુની ઘરડી મા અને નવવધૂ પણ હતાં. એમનાં તરફ જોઈ શકાતું નહોતું. પણ આ માનવભક્ષીની યાદમાં કોઈ આંસુ વહાવે ? છેવટે રામલખનસિંહે તેનું માથું ખોળામાં લીધું અને માનવસર્જિત જે પરિસ્થિતિને લીધે તેને માનવભક્ષી બનવું પડ્યું તેના પ્રાયશ્ચિત્તરૂપે વન વિભાગના અધિકારીએ તેને શોકાંજલિ અર્પી.

(દુદવાના પ્રવાસ વેળા જાણેલી સત્યકથા)



ઉમાશંકર જોશી



પિનાકિન્ ઉદયલાલ ઠાકોર



શિવકુમાર ગિરિજાશંકર જોશી

'હિંદ છોડો' ચળવળના સ્વાતંત્ર્ય સૈનિકો

ડૉ. જયકુમાર ર. શુક્લ

ઉમાશંકર જોશી

૧૯૩૦-'૩૨ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ઉમાશંકરભાઈએ ભાગ લીધો હતો અને જેલમાં ગયા હતા. 'હિંદ છોડો' ચળવળ શરૂ થઈ ત્યારે અમદાવાદમાં અનેક કાર્યકરોની ધરપકડ કરવામાં આવી, પરંતુ ઉમાશંકરભાઈની ધરપકડ થઈ નહોતી. ચળવળમાં ભાગ લેનાર ત્રિભોવનદાસ પટેલ, પીતાંબર પટેલ તથા મહેસાણા તરફના બીજા કાર્યકરોના સંપર્કમાં તેઓ રહેતા હતા. ભૂગર્ભમાં રહેતા ઉત્સવભાઈ પરીખ એકાદ દિવસ તેમના ઘેર ગુપ્ત રહી ગયા હતા. આ દરમિયાન માંડવીની પોળમાં શહેરસૂબા (ડૉ. જયંતીભાઈ ઠાકોર) સાથે ઉમાશંકરભાઈને મળવાનું થયું. ત્યારબાદ અમદાવાદના પ્રસિદ્ધ વ્યાયામ કાર્યકર વાસુદેવ ભટ્ટ (પાછળથી અરવિંદ આશ્રમ, પોંડિચેરીમાં સ્થાયી થયા) અને શિવકુમાર જોશી મારફતે અમદાવાદમાં (હજારોની સંખ્યામાં) પ્રકટ થતી કૉંગ્રેસ પત્રિકાના લેખનની જવાબદારી તેમના ઉપર આવી. તેમણે મહિનાઓ સુધી તે પત્રિકાઓ લખી હતી. તેમને વ્યવસ્થિત રીતે વાસુદેવ ભટ્ટ, શિવકુમાર જોશી તથા બીજાઓ મારફતે અમદાવાદમાં બનતા બનાવોના સમાચાર મોકલી આપવામાં આવતા હતા. તેનો ઉપયોગ કરીને ઉમાશંકરભાઈ દરરોજ કૉંગ્રેસ પત્રિકા લખતા. તેમણે તૈયાર કરેલું લખાણ ભાઈ દિલીપ (પાછળથી પૉંડિચેરી ગયા) - પાતળો, ઊંચો તરુણ રોજ સવારે આવે - તેમની પાસેથી લખાણના કાગળો લઈને, સાઈકલની સીટ ઉપરનું ચામડું ઉઠાવી તેની નીચે ગોઠવી દે અને એ રીતે, કોઈ જાણી ન શકે એમ સાચવીને લઈ જાય. ઉમાશંકરભાઈએ મહિનાઓ સુધી પત્રિકાઓ લખી. ગાંધીજીએ પૂના મુકામે આગાખાન મહેલમાં ઉપવાસ કરવાનો નિર્ણય કર્યો તે દિવસો સુધી તેમણે કૉંગ્રેસ પત્રિકાઓ લખી હતી.

ઉમાશંકરભાઈ તે સમયે ગુજરાત વિદ્યાસભામાં અધ્યાપક હતા. તેમણે મારી મુલાકાત દરમિયાન ઘટસ્ફોટ કર્યો કે તેમની પ્રવૃત્તિઓથી પોલીસ સંપૂર્ણ અજાણ હોય એમ ત્યારે પણ તેઓ માની શકતા નહિ. પરન્તુ કોઈપણ કારણે પોલીસે તેમની ધરપકડ કરી નહોતી. આ લડત વિષે લખેલાં ગીતો વિષે તેમણે કહ્યું, 'બીજા એક મુરબ્બી મિત્ર તેમનું નામ 'ર'થી શરૂ થતું હતું, તેમનો 'ર' અને મારી અટકનો 'જો' પરથી 'કવિ જોરસંગ' નામ બનાવી અમારાં ગીતોની આશરે ૧૨ પૃષ્ઠની ચોપડી છપાવીને પ્રકટ કરી હતી. તેની નકલોનાં બંડલો જેમની પાસે હતાં, તે લોકોની ધરપકડ કરવામાં આવી હતી.' આ ઉપરાંત અમદાવાદની મિલો લાંબા વખત સુધી બંધ રહી. તેના પરથી 'મજૂરોના રાસ' નામની આશરે ૮૦ પંક્તિની કૃતિ ઉમાશંકરભાઈએ રચીને પ્રકટ કરી હતી. વળી, નીચેની પંક્તિઓવાળું ગીત જુદી પત્રિકારૂપે છપાયું હતું :

૯મી ઓગસ્ટને વાર શનિવારે,
મલક મળ્યો, કુલ હોલ,
બ્યુગિયો વાગ્યો ઢોલ;
ગોળીઓની તો ધાણી ફૂટે ને ભાઈ,
દુધમલ દીકરા ઝીલે.

'હિંદ છોડો ચળવળ પૂરી થઈ ગયા બાદ, તેમાં ભાગ લેનારા સૌ યુવાનોએ મિલનો યોજવા માંડ્યાં, ત્યારે તેનું 'ફોઈબા કૃત્ય' મારે ભાગે આવ્યું. મેં તેને 'બેતાલીસ બિરાદરી' નામ આપ્યું, જે સૌને ગમી ગયું. આ વર્ષે ૧૫-૮-૭૦ના રોજ દિલ્હીમાં સ્થપાયેલી 'ઇન્સાની બિરાદરી' નામ પર તેની અસર જણાય છે.

'આ સમય દરમિયાન પણ મારું સર્જક સાહિત્ય - સર્જનનું કામ ચાલુ હતું. 'પ્રાચીના'ની કૃતિઓનો રચના સમય આ ગાળામાં છે. વિશ્વયુદ્ધના વ્યાપક સંસ્કારો તો હતા જ અને બેતાલીસની લડતની વિશિષ્ટ અનુભૂતિ પણ એમાં ભળી હતી. '૧૯મા દિવસનું પ્રભાત' નામનું મહાભારતના યુદ્ધની ફલશ્રુતિનું 'પ્રાચીના'માંનું બીજું કાવ્ય આ અસરો નીચે નિર્માયું. સરવૈયામાં આખા યુદ્ધની વેદના મોટેભાગે ત્રણ સ્ત્રીઓ - ગાંધારી, દ્રૌપદી અને કુંતી પણ ખરીસ્તો - ને વેઠવાની આવે છે. સંભવ છે કે આ કાવ્યનો રચના-સમય અમદાવાદે ઉજવેલા 'સ્ત્રીદિન' અથવા તેની તદ્દન નજીકનો હોય!'

મુલાકાત : ૨૫-૯-૧૯૭૦

શિવકુમાર ગિરિજાશંકર જોશી

ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ લેખક શિવકુમાર જોશીએ ઑગસ્ટ ૧૯૪૨થી મે-જૂન ૧૯૪૩ સુધી અમદાવાદમાં 'હિંદ છોડો' આંદોલનમાં સક્રિય ભાગ લીધો હતો. ખાસ કરીને સરઘસો, પત્રિકાઓ વહેંચવી તથા વિદ્યાર્થી-પ્રવૃત્તિમાં શિવકુમાર સ્વયંપ્રેરણાથી સક્રિય રહ્યા હતા. કૉંગ્રેસ સંગ્રામ સમિતિમાં ઉત્સવભાઈ પરીખ અને કાંતિલાલ ઘિયા સાથે શિવકુમાર કામ કરતા હતા. સરઘસોમાં જોડાવા માટે પ્રત્યેક વોર્ડના કાર્યકરો પોતપોતાના લત્તામાંથી ઉત્સાહી ભાઈ-બહેનોને ભેગા કરતા હતા. દર મહિને એકવાર મોટું સરઘસ કાઢવામાં આવતું, તેમાં તેમણે ક્યારેક ભાગ લીધો હતો. પરંતુ કરફ્યુનો ભંગ કરવાના માટે, રાત્રે યોજાતાં મશાલ સરઘસોમાં તેઓ નિયમિત ભાગ લેતા હતા. સેવકાની વાડી પાસે તથા સારંગપુર ચકલામાં થયેલા ગોળીબારો વખતે તેઓ હાજર હતા. વળી, પત્રિકાઓ વહેંચવા માટે ઘણા સમય સુધી તેઓ જતા હતા. સાંકડી શેરીમાં હજીરાની પોળમાં તેમના ઘરેથી કેટલીકવાર પત્રિકાઓનાં બંડલો વહેંચવામાં આવતાં હતાં. શિવકુમાર એલ. ડી. આર્ટ્સ કૉલેજની હોસ્ટેલમાંથી શહેરમાં, સાઈકલ ઉપર થેલીમાં મૂકીને પત્રિકાઓ ઘણીવાર લઈ આવતા હતા. પરન્તુ તેમ કરતાં ક્યારેય પકડાયા નહોતા.

આ ચળવળ દરમિયાન વિદ્યાર્થીઓ પત્રિકા વહેંચવી, પોળોમાં પ્રચાર કરવો, ભીંતપત્રિકા લખવી, સરઘસો કાઢવાં, પોલીસો ઉપર પથ્થરમારો કરવો, ચર્ચાસભાઓ યોજવી તથા પોલીસવાન, પોસ્ટલવાન અને પોલીસ ચોકી ઉપર હિંસક હુમલા કરવા જેવી પ્રવૃત્તિઓ કરતા. શિવકુમાર તેમાંથી પત્રિકા વહેંચવાની, પોળોની સભાઓ, સરઘસો, ચર્ચાસભા તથા હડતાળમાં ભાગ લેવાની પ્રવૃત્તિ કરતા હતા. આંદોલનનો પ્રચાર કરવા માટે, અમદાવાદ શહેરની આસપાસનાં ગામોમાં પણ તેઓ ગયા હતા.

ચંપાબહેન મહેતા, પુષ્પાબહેન મહેતા, પેરિનબહેન મિસ્ત્રી, પદ્મબહેન મહેતા (ઠાકોર), સત્યવતી મહેતા (જોશી) વગેરે બહેનોએ અમદાવાદ શહેરની આ ચળવળમાં સક્રિય ભાગ લીધો હતો. રેલવેમાં ભંગાણ કરવા માટે ત્રિકોણ આકારના લોખંડના અવરોધો બનાવરાવીને તેમણે પાટા ઉપર મૂક્યા હતા. પરંતુ તે કાર્યમાં તેમને સફળતા મળી નહોતી. શિવકુમારની પકડ કરવા માટે ત્રણવાર પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરન્તુ તેઓ સફળતાથી નાસી છૂટ્યા હતા. એકવાર મિત્રો સહિત શિવકુમાર હજીરાની પોળના તેમના ઘરના ઓટલે ચર્ચા કરતા હતા ત્યારે પોલીસ ચોકી ઉપરથી જ ટેલિફોન ઉપર બાતમી મળી કે પોલીસની રેઈડ તેમના ઘેર આવી રહી છે. તે જાણીને શિવકુમાર નાસી ગયા. બીજીવાર, બ્રહ્મકુમાર ભટ્ટના ઘરમાં, ઑફિસ હતી ત્યાં પોલીસ ઇન્સ્પેક્ટર ઝરીવાલા પકડવા ગયા. પરન્તુ શિવકુમાર છાપરાં કૂદીને નાસી ગયા.

આ ચળવળ દરમિયાન મુસ્લિમ લીગને પોતાનો પ્રભાવ વિસ્તારવામાં મોકળું મેદાન મળી ગયું. તેના ચુસ્ત અનુયાયીઓ આંદોલનની વિરુદ્ધમાં હતા. વેપારી વર્ગ સાડા ત્રણ મહિના સુધી આંદોલનની સાથે રહ્યો. ત્યારબાદ ઉદ્યોગપતિઓની સાથે રહીને નાણાં ભેગા કરવામાં પડી ગયો. સાડાત્રણ મહિનાની હડતાળ દરમિયાન આવક ગુમાવી હતી તે ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે, કદાચ એનાથી ઘણી વધારે મેળવવામાં લાગી ગયો. વેપારી વર્ગને હડતાળ પૂરી થયા પછી લડત ચાલુ રાખવામાં રસ રહ્યો ન હતો.

'આ લડતમાં સામાન્ય લોકો શરૂઆતમાં ઉત્સાહપૂર્વક ટેકો આપતા હતા. ખાસ કરીને પોળોમાં રક્ષણ-વ્યૂહ ગોઠવતા હતા. ભૂગર્ભ કાર્યકરોને લોકો આશ્રય આપતા હતા. ગુપ્ત સભાઓ ભરવામાં આવતી અને તેની યોજનામાં લોકોનો ખૂબ સાથ મળતો હતો. પત્રિકાથી માંડીને રિવોલ્વરો કે સુરંગો મધ્યમ વર્ગની માતાઓ તથા યુવતીઓને શાકની થેલીમાં લઈને જતી મેં જોઈ છે. મારા ઘર ઉપર પોલીસની રેઈડ પડી ત્યારે પચાસ વર્ષની ઉંમરના મારાં કાકી કશાયે ગભરાટ વિના શાકની થેલીમાં સુરંગો લઈને ઘરની બહાર, પોલીસની નજર પડી શકે એ રીતે નાસી ગયાં હતાં. આવા અનેક દાખલા આપી શકાય.'

આ લડત માત્ર ઉપર ઉપરથી હિંસક હતી. લોહી રેડી કે વહેતું જોઈ શકીએ એમાંની આપણી પ્રજા ન હતી. ગાંધીજીની અહિંસાએ બે કામ કર્યાં : કાયદાએ એને ઢાલ બનાવી અને અહિંસામાંથી છટકવા ઇચ્છનારના પગ બાંધી રાખ્યા. થોડાં નાનાં છમકલાંથી વિશેષ કશુંયે હિંસક આચરણ કરવામાં આપણે નિષ્ફળ ગયા હતા.

આ ચળવળ નિષ્ફળ નીવડી એમ કહેવાની લાલચ થાય છે. ૧૯૪૩ના અંત સુધીમાં તો બધા જ કાર્યકરો હતાશ થઈ ચૂક્યા હતા. આમ છતાં એક અદશ્ય જાગૃતિનો સંચાર આ લડતને કારણે અવશ્ય થયો હતો. જો કે એને સાચે માર્ગે વાળવામાં કોઈ સફળ થયા ન હતા.

'૧૯૪૩માં કલકત્તામાં હું અરુણા અસફઅલીના સીધા સંપ… આવ્યો. તે જ અરસામાં પી. સી. ઘોષની પ્રથમ કેબિનેટના નાણાં… અન્નપ્રસન્ન ચૌધરી મારે ઘેર ભૂગર્ભમાં રહેતા હતા. એમનો ગાઢ પ…

મને થયો. અરુણા અસફઅલીની રાતની સંતલસો, મીટિંગો મારે ત્યાં ચાલતી હતી. જયપ્રકાશ નારાયણ (બીજી વાર) પકડાઈ ગયા પછીના એ દિવસો હતા. હુમાયુન કબીર, અચ્યુત પટવર્ધન, છોટુભાઈ પુરાણી, શ્યામનંદન સિંહ (જયપ્રકાશના સાથીદાર) આ સૌ મારે ત્યાં રહી ગયા. એમની વાતો સાંભળતો, પૈસાની મદદ કરતો, કરાવતો અને એમના પરાજયને સહ્ય બનાવવામાં સાથ આપતો હતો.

ફોર્મ દ્વારા લેખિત માહિતી : ૧૭-૭-૧૯૭૦

પિનાકિન્ ઉદયલાલ ઠાકોર

પિનાકિનભાઈનો જન્મ ૨૪ ઑક્ટોબર ૧૯૧૬ના રોજ થયો હતો. તેમના પિતાશ્રી બ્રહ્મદેશમાં રહેતા અને ઝવેરાત તથા સોના-ચાંદીના દાગીનાના વેપારી હતા. પિનાકિનભાઈ તેમના માતુશ્રી સાથે વડોદરામાં રહી અભ્યાસ કરતા હતા. ૧૯૩૦માં સવિનય કાનૂનભંગની ચળવળ શરૂ થઈ ત્યારે તેઓ વડોદરામાં મિડલ સ્કૂલમાં ત્રીજા ધોરણમાં (હાલનું સાતમું ધોરણ) અભ્યાસ કરતા હતા. વિદેશી કાપડના બહિષ્કારના એક ભાગરૂપે તે સ્કૂલના આંગણામાં વિદેશી કાપડની હોળી કરવામાં આવી હતી. તે વાતાવરણની અસરથી પિનાકિનભાઈમાં પણ રાષ્ટ્રભક્તિની ભાવના ઉદ્‌ભવી અને તેમણે પોતાની કાળી ટોપી તે હોળીમાં ફેંકી દીધી. તે સમયે વડોદરા ગાયકવાડનું રાજ્ય હોવાથી ત્યાં ચળવળ સાધારણ હતી. તેમ છતાં ત્યાં નીકળતાં સરઘસોમાં તેઓ જોડાતા હતા. ધોરણ ત્રીજામાં હતા ત્યારથી જ તેઓ કપાસમાંથી રૂ કાઢી, તેની પૂણીઓ બનાવી ચરખો કાંતતા. તેની ખાદી વણાવીને પોતે ખાદીનાં કપડાં જ પહેરતાં.

મૅટ્રિક (હાલના એસ.એસ.સી.ની સમકક્ષ)ની પરીક્ષા પસાર કરીને તેઓ પૂનામાં ખેતીવાડીની કૉલેજમાં દાખલ થયા. ત્યાં પણ તેઓ ખાદીનાં કપડાં પહેરતાં. તે કૉલેજના એક અધ્યાપક બલુચ લીગવાદી હતા. પિનાકિનભાઈ ખાદી પહેરતા તે બલુચને નાપસંદ હતું. પૂનામાં અભ્યાસ પૂરો કરીને બી.એસસી. (એગ્રિકલ્ચર) થયા બાદ તેઓ મુંબઈ સરકારના ખેતીવાડી ખાતામાં જોડાયા. તેમને દક્ષિણ ગુજરાતમાં કપાસ સંશોધન કેન્દ્રમાં મૂકવામાં આવ્યા. ત્યાં બલુચ તેમના ખાતાના વડા હતા. મુંબઈ રાજ્યના ગવર્નર - ધણુંખરું લુમલી - ત્યાં ગયા ત્યારે ખુલ્લા માથે ન જવાય તેથી તેમણે સફેદ ખાદીની ટોપી પહેરી. તે બલુચને ન ગમ્યું અને પિનાકિનભાઈની બદલી તેમને પસંદ ન હતો તેવા પ્રચાર વિભાગમાં કરી દીધી.

અમદાવાદ આવ્યા બાદ તેઓ કાલુપુર કટકિયાવાડમાં રહેતા હતા અને તે વિસ્તારની વ્યાયામ શાળામાં જોડાયા હતા. ૧૯૪૧માં અમદાવાદ શહેરમાં શરૂ થયેલી લોકસેનામાં તેઓ જોડાયા. તેનું સંચાલન જયંતીભાઈ ઠાકોર કરતા હતા. હિંદ છોડો ચળવળમાં તેઓ ગાંધીજીની પ્રેરણાથી જોડાયા હતા. તે વખતે શહેરસૂબા જયંતીભાઈ ઠાકોર તથા ભૂગર્ભ નેતા વાસુદેવ ભટ્ટે તેમને દરેક વૉર્ડમાં ફરીને રાષ્ટ્રપ્રેમને લગતા ભાષણો આપવાનું કાર્ય સોંપ્યું હતું. તે મુજબ તેઓ જુદાજુદા વૉર્ડોમાં સભાઓ યોજીને યુવાનો સમક્ષ પ્રેરક પ્રવચનો આપતા હતા.

હમીરભાઈ ગઢવીએ એક સાઈક્લોસ્ટાઈલ મશીન એમને ઘેર રાખ્યું હતું. પિનાકિનભાઈને ત્યાં ગુપ્ત રીતે બૉંબ મૂકી રાખવામાં આવતા હતા અને થોડા દિવસ બાદ તે બૉંબ બીજે ઠેકાણે મોકલી દેવામાં આવતા. જયંતીભાઈ ઠાકોર (શહેરસૂબા જયાનંદ) અને વાસુદેવ ભટ્ટ પિનાકિન્ ઠાકોરને ઘેર ગુપ્ત રહ્યા હતા. તેમાં પણ વાસુદેવભાઈ તેમને ઘેર વધુ સમય માટે રહી ગયા હતા. કેટલીકવાર શહેરસૂબાના નામે પિનાકિનભાઈને અથવા બીજા કોઈ કાર્યકરને કેટલાક કાર્યક્રમોમાં મોકલવામાં આવતા, જેથી શહેરસૂબા પકડાઈ જાય નહીં. તે વખતે પિનાકિનભાઈને ઘણા લોકોનો સંપર્ક થતો હતો. આ રીતે શહેરસૂબા વતી પિનાકિનભાઈ જાય ત્યારે તેઓ વેશપલટો કરીને જતા હતા. વાસુદેવભાઈ આ ચળવળ દરમિયાન અમદાવાદમાં વેશપલટો કરીને જ ફરતા હતા. તેઓ પૂજારી અથવા યજમાનવૃત્તિ કરનાર બ્રાહ્મણનો વેશ પણ ઘણીવાર પહેરતા હતા.

પિનાકિનભાઈને ઘેર, ચળવળ દરમિયાન એક-બે મહિના સુધી સાઈક્લોસ્ટાઈલ મશીન રાખવામાં આવ્યું હતું. તેના વડે હમીરભાઈ મોડી રાત સુધી કૉંગ્રેસ પત્રિકા છાપતા હતા. આ લડત દરમિયાન પ્રત્યેક યુવાનને એવી કડક સૂચના આપવામાં આવી હતી કે કોઈએ પણ બીજાને પ્રવૃત્તિ વિષે જાણવું નહિ, પૂછવું નહિ - જેથી એક જણ પકડાય અને પોલીસ દ્વારા અસહ્ય વેદના આપવામાં આવે તો પણ ચળવળની ગુપ્ત પ્રવૃત્તિઓની માહિતી જાહેર થઈ શકે નહિ.

એકવાર ચળવળના કાર્યક્રમ વિષે ચર્ચા-વિચારણા કરવા માટે માંડવીની પોળમાં એક ગુપ્તસભા ભરાઈ હતી. તેમાં બી.કે. મજુમુદાર, જયંતીભાઈ ઠાકોર, વાસુદેવ ભટ્ટ, ઉત્સવભાઈ પરીખ, કાંતિલાલ ઘિયા, બ્રહ્મકુમાર ભટ્ટ, જયંતીભાઈ એચ. શાહ, બકાભાઈ, નિર્મળાબહેન, પેરિનબહેન મિસ્ત્રી, ધર્મપાલ, પિનાકિન્ ઠાકોર વગેરે હાજર રહ્યા હતા. પોળમાં એક મકાન પાસે ઘણી સાઈકલો પડેલી જોઈને પોલીસને વહેમ પડ્યો. સાઈકલો સામેના મકાન પાસે હોવાથી પોલીસ ઇન્સ્પેક્ટર ઝરીવાલાએ પોલીસ પાર્ટી સહિત તે મકાન પર રેઈડ પાડી. તે બાબતની દેખરેખ રાખવા નીચે ઊભા રાખેલા યુવાને મોટેથી બૂમ પાડીને ખબર આપી દીધી. તેથી બધા આગેવાનો છાપરાં કૂદીને ત્યાંથી નાસી ગયા. પિનાકિનભાઈ, જયંતીભાઈ એચ. શાહ અને બીજા બે જણ આસ્ટોડિયા તરફ નાસી ગયા. આ ચળવળ દરમિયાન પિનાકિનભાઈ દાઢી રાખતા હતા. પોતે પોલીસ દ્વારા ઓળખાઈ ન જાય તે માટે તેમણે રાયપુરમાં બ્રહ્મકુમાર ભટ્ટને ઘેર જઈને દાઢી કાઢી નાખી. વાળ હોળવાની સ્ટાઈલ બદલી તથા કપડાં બદલ્યાં, ગૉગલ્સ પહેરવાના શરૂ કર્યા અને પકડાઈ ન જવાય તે માટે કેટલોક સમય વડોદરા જતા રહ્યા. વડોદરાથી પાછા ફરીને ચળવળ અંગેની પ્રવૃત્તિ ચાલુ રાખી અને છેવટ સુધી પકડાયા ન હતા.

મુલાકાત : ૮-૭-૧૯૭૦

ઈતિહાસધારા

અશોક હર્ષ

ઈ.સ. ૧૮૫૭ના ભારતના સ્વાતંત્ર્ય વિપ્લવના આગેવાનોનાં નામ આપણે જાણીએ છીએ, પણ એક અજ્ઞાત નામ ઉપર ભાગ્યે જ કોઈ ઈતિહાસકારે પ્રકાશ પાડ્યો છે. અંગ્રેજોએ વિપ્લવીઓને પરાસ્ત કરીને દિલ્હી લગભગ કબજે કરી લીધું હતું. માત્ર ચાંદનીચોક જેવા કેટલાક વિસ્તારોમાં ઝપાઝપી ચાલુ હતી, ત્યારે ૧૮૫૭ના સપ્ટેમ્બરની તા. ૨૦મીએ એકાએક એક ઘોડેસવાર સશસ્ત્ર ઓરત ચાંદની ચોકમાં ધસી આવી. એણે બુરખો ધારણ કરેલો હતો. એટલે ઓળખાય એમ નહોતું. પણ લીલાં વસ્ત્રો ધારણ કરેલાં એ પરથી જણાતું હતું કે ભારતના આઝાદી-જંગમાં શહીદ થવા જ એ નીકળી હતી.

એ વીર નારીએ અનેક અંગ્રેજ સૈનિકોને ઢાળી દીધા પછી તેને જીવતી પકડી લેવામાં આવી. છેલ્લા સમ્રાટ બહાદુરશાહ ઝફર સામે દગો રાખીને તેમના બે શાહજાદાઓની કત્લ કરી નાખનાર અંગ્રેજ સેનાપતિ લેફ્ટેનન્ટ ડબ્લ્યુ.એસ.આર. હડસને તેનું વીરત્વ જોઈ તેને 'ભારતીય જોન ઑફ આર્ક'નું બિરુદ આપ્યું છે. પણ તે કોણ હતી અને તેનું શું નામ હતું તે આજ સુધી અજ્ઞાત છે. એની ઉંમર પચાસેક વરસની હતી અને ગિરફતાર થયા બાદ તેને અંબાલા જેલામાં મોકલી આપવામાં આવેલી. એ સિવાય એની કશી જ માહિતી ઉપલબ્ધ નથી.

¤

અંતિમ મુગલ સમ્રાટ બહાદુરશાહ ઝફરને રંગૂન દેશનિકાલ કરી દેવામાં આવેલા. એમની, એમનાં બેગમ ઝીનતમહાલની અને શાહજાદા જવાંબખ્તની કબરો હાલ પણ નદ્દન બિસ્માર હાલતમાં રંગૂનમાં અસ્તિત્વ ધરાવે છે. ઝફરની ઇચ્છા મૃત્યુબાદ પોતાની કબર મેહરોલી મુકામે હઝરત કુતુબુદ્દીન બખ્તિયાર કાકીની કબર જોડે બનાવવાની હતી. આજે પણ ત્યાંના નાનકડા કબ્રસ્તાનમાં પોતાના માટે એમણે ખોદાવી રાખેલી સર્દગાહ (ખાલી કબર)નો ખાડો જોઈ શકાય છે. વિદ્રોહના આરોપ નીચે ૧૮૫૯ના ઓક્ટોબરમાં તેમને સહકુટુંબ રંગૂન ધકેલી દેવામાં આવ્યા. જેમાં ઝીનતમહાલ ઉપરાંત એમની બીજી બેગમ તાજમહાલ પણ હતી, જે માર્ગમાં જ નાસી છૂટવા ભાગ્યશાળી નીવડેલી, પણ અન્ય કોઈ એવું ભાગ્યશાળી ન નીવડ્યું. પોતાને રંગૂનના બદલે મક્કા મોકલી આપવાની અરજી બહાદુરશાહે કરેલી, પણ તે અમાન્ય રાખવામાં આવેલી. રંગૂનમાં દમિયેલ બુઢ્ઢા તરીકેના જિંદગીના આખરી દિવસોમાં તેમનો એકમાત્ર દિલાસો તેમની ગઝલરચના હતી. રંગૂનમાં રચેલી 'લગતા નહીં હૈ જી મેરા ઉજડે દયાર મેં' એ એમની અંતિમ ગઝલ. રંગૂનમાં જ ઈ. ૧૮૬૨ના નવેમ્બરની ૭મીએ તેમનો દેહાંત થયો. નોંધપાત્ર હકીકત એ છે કે અંગ્રેજોની નજરકેદમાંથી નાસી છૂટેલા નેતાજી સુભાષચંદ્ર બોઝ રંગૂન પહોંચ્યા બાદ બહાદુરશાહ ઝફરના મઝાર પરથી જ ભારતને સ્વતંત્ર કરવાની ઘોષણા કરેલી.

¤

અવધના નવાબ આસફઉદ્દૌલાએ એક બાળકને દત્તક લઈ તેને વઝીરઅલીખાન નામ આપી પોતાનો ઉત્તરાધિકારી જાહેર કરેલો. નવાબના મૃત્યુ પછી વઝીરઅલીખાને ગાદી સંભાળી, પણ તેના સાવકાભાઈ સાદતઅલીનો દાવો સ્વીકારીને ત્યારની કંપની સરકારે વઝીરઅલીખાનને પદભ્રષ્ટ કરી કલકત્તા મોકલી આપવા માટે બનારસ લાવવામાં આવ્યો અને લખનૌ મુકામે સાદતઅલીને ગાદીનશીન કર્યો.

વઝીરઅલીએ બનારસમાં બંડ ઉઠાવીને અંગ્રેજોએ વિખેરી નાખેલી અવધ પલટનના સૈનિકોની સહાયે ગવર્નર-જનરલના એજન્ટ ચેરી તથા અન્ય કેટલાક યુરોપિયનોની હત્યા કરી. પણ અંગ્રેજ સૈન્ય સામે હારતાં બનારસથી જયપુર નાસી છૂટ્યો. કંપનીએ જયપુરના રાજવી પર દબાણ આણતાં તેણે વઝીરઅલીખાનને સોંપી દીધો, જ્યાંથી તેને કલકત્તા લઈ જઈ ફોર્ટ વિલિયમમાં કેદમાં રાખવામાં આવ્યો અને કેદમાં જ ૧૮૧૭માં તે મૃત્યુ પામ્યો.

¤

ઈ. ૧૫૬૦ એક ડચ ચાંચિયાએ ગોવા જતાં પોર્ટુગીઝ જહાજને લૂંટ્યું ત્યારે તે પરથી ડઝનેક જેટલી છોકરીઓ મળી આવી જેમને લિસ્બનના અનાથાશ્રમમાંથી ગોવા લઈ જવામાં આવતી હતી. આમાંની બે મેસ્કેરેન્હાસ બહેનો મારિયા અને જુલિયાના ખૂબ સુંદર હોઈને ડચ ચાંચિયાએ સૂરત બંદરે નાંગરીને ત્યાંના સૂબા મારફત અકબર બાદશાહને મોકલી આપી. અકબરે એમાંની મોટી બહેન મારિયા સાથે લગ્ન કરી તેને પોતાના જનાનામાં મૂકી જ્યારે જુલિયાનાને પોતાની બહેનનો દરજ્જો આપી જનાનખાનાની દેખરેખ ઉપર મૂકી. પાછળથી ફ્રાન્સના રાજવંશનો જ્યાં ફિલિપ દ બુર્બાં આગ્રા આવી પહોંચતા અકબરે પોતાના જેટલી જ ઉંમરના એક ફૂટડા જુવાનને પોતાની તહેનાતમાં રોકી લીધો અને જુલિયાનાને તેની સાથે પરણાવી દીધી. અકબરે બંને બહેનોને તેમનો ખ્રિસ્તી ધર્મ પાળવા દીધો, અને જુલિયાનાએ પહેલવહેલું જ આગ્રામાં કેથોલિક દેવળ ઊભું કર્યું. □

અનુસંધાન] કમ્પ્યૂટર-૧૧ [પૃ. ૨૯૬ પરથી

રૂપાંતર પામે છે. આથી તેનું નિરીક્ષણ થઈ શકતું નથી. આવા અલ્પાયુષી કણની માહિતીનું અનુમાન પાછળથી મળતા સ્થાયી કણના અભ્યાસને આધારે થઈ શકે છે. આવાં અનુમાનો કરવા કમ્પ્યૂટર સિવાય કોઈની તાકાત નથી. આ રીતે વિજ્ઞાની સૂક્ષ્મ જગત અને વિપુલ જગતનાં રહસ્યો કમ્પ્યૂટર વડે ખુલ્લાં કરવા સમર્થ થશે. જગતમાં તમામ ક્ષેત્રે પ્રશ્નો તો આવતા જ રહેશે. પ્રશ્નોને રજાઓ હોતી નથી. પણ કમ્પ્યૂટર એક એવું મૂળભૂત, સક્ષમ અને ઝડપી કાર્ય કરતું સાધન છે જે ઘણી વિભાવનાઓને સ્પષ્ટ કરવા, પ્રશ્નોના ઉકેલ તૈયાર કરવા અને વિશ્વનાં રહસ્યો પામવામાં સિલફળો આપવા સમર્થ છે. □

વિજ્ઞાનની ક્રાન્તિ

પ્રહ્લાદ છ. પટેલ

જર્મન ખગોળવિદ્ જોહાનિસ કેપ્લરને મંગળની ભ્રમણકક્ષાની ગણતરી કરતાં આઠ વર્ષ લાગ્યાં હતાં. અંતે તેણે કબૂલ કર્યું હતું કે 'આ ગણતરી કરતાં કરતાં હું લગભગ ગાંડો થઈ ગયો હતો.' આજે કમ્પ્યૂટર વિજ્ઞાન- ક્ષેત્રે બીજી પ્રતિરૂપ ગણાય છે. ગ્રહોથી શરૂ કરીને પેટા પારમાણ્વિક કણોને લગતી ગણતરીઓ ઇલેક્ટ્રોનિક કમ્પ્યૂટર વડે આસાન બની છે. વિજ્ઞાનની ભાષા ગણિત છે અને કમ્પ્યૂટર એ ગણિતનો શ્વાસ છે. ગણિતની જાણકારી અને શક્તિ સમય સાથે વધવા છતાં માણસ ગણતરી કરવાની તાકાત પ્રત્યે વધુ ભગ્ન બનતો ગયો છે. તેનું કારણ સ્પષ્ટ છે કે આદિમાનવને વધુ આંકડાવાળા ગુણાકારો કે ભાગાકારોની જરૂર ન હતી. પણ જેમ જેમ માનવવિકાસ થતો ગયો તેમ તેમ પૃથ્વી અને ગ્રહો તેમજ તારાઓની ગતિ, ગતિપથ તથા તેમના યાંત્રિકીય ગુણધર્મોની જાણકારી વધી. બ્રિટિશ બૌદ્ધિક આઈઝેક ન્યૂટને ચંદ્રની ગતિના નિયમોનું નિર્માણ કર્યું ત્યારે તેણે પણ કબૂલ્યું કે 'આ ગણતરીઓ માથાનો દુખાવો હતી.' તે માટે તેણે એટલા બધા ઉજાગરા કરવા પડેલા કે ઘણી વખત તે વિચારશૂન્ય બની જતો.


૧૯૨૯માં ન્યૂઝીલેન્ડના લેસ્લી જહોન કોમ્રીએ નૉટિકલ પંચાંગ તૈયાર કર્યું. તે દરમ્યાન તેને પ્રતીત થયું કે યાંત્રિક ગણકયંત્રો માણસ કરતાં વધુ સક્ષમ હોય છે. કેમ્બ્રિજમાં કોમ્રીએ ટિકાકારોની ઉપરવટ જઈ પુરાણી ગણતરીની પદ્ધતિઓને તિલાંજલિ આપી હોલેરિથની પદ્ધતિનો ઉપયોગ કરીને તેણે ૧૯૩૫થી ૨૦૦૦ની સાલ સુધી બપોરે અને મધ્યરાત્રિએ ચંદ્રના સ્થાનની ગણતરીઓ કરી આપી. કોલંબિયા યુનિવર્સિટીના ખગોળવિદ્ અને ગણિતશાસ્ત્રી વાલેસ એકેર્ટે પોતાના પુસ્તક 'પંચ કાર્ડ પદ્ધતિઓ અને વૈજ્ઞાનિક ગણતરીમાં ગણતરી કરવાની પોતાની પદ્ધતિઓ વિકસાવી.

વિજ્ઞાનીઓની વણઝારમાં કોમ્રી અને એકેર્ટ બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન હવાગતિકી (એરોડાયનેમિક્સ), ઇલેક્ટ્રોનિક્સ, અને રસાયણશાસ્ત્રને લગતી ગણતરીઓ તરફ વળ્યા. ૧૯૪૨માં પરમાણુ બૉમ્બ બનાવવા માટે ન્યૂ મેક્સિકોના લૉસ આલ્મોસ ખાતે વિજ્ઞાનીઓની ફોજ ઉતારવામાં આવી. અહીં મોટી મોટી ગણતરીઓ અનિવાર્ય હતી. ન્યૂક્લિઅર વિજ્ઞાની હાન્સ બેથે પરમાણુના વિખંડન (fission)ને લગતાં જટિલ સમીકરણો તૈયાર કર્યાં. આ બધાં સમીકરણોનો ઉકેલ તે વખતે પ્રાપ્ય યંત્રોની ગુંજાસ બહારનો હતો. ત્યારે કોલંબિયાની ખગોળ પ્રયોગશાળામાં એકેર્ટે તૈયાર કરેલી પદ્ધતિ અને આઈ.બી.એમ.નાં યંત્રોનો આશ્રય લીધો હતો.

૧૯૩૭માં એઈકેને વૈજ્ઞાનિક કમ્પ્યૂટરની રૂપરેખા આપી. આવું કમ્પ્યૂટર સંપૂર્ણપણે સ્વયંસંચાલિત હોવું જોઈએ તથા ધન અને ઋણ સંખ્યાઓ સાથે કામ પાર પાડી શકે તેવું હોવું જોઈએ. તદુપરાંત ત્રિકોણમિતિય વિધિયો તેમજ અન્ય વિધિયોનો ઉપયોગ કરવા સક્ષમ હોવું જોઈએ. એઈકેને આ ખ્યાલને મૂર્ત કરવા માટે આઈ.બી.એમ. સાથે કરાર કર્યા. તેના પરિણામે માર્ક-૧ યંત્ર તૈયાર થયું, જેની લંબાઈ ૫૦ ફુટ અને ઊંચાઈ ૮ ફુટ હતી. તેમાં ૫૦૦ માઈલ લાંબા તારો વડે ૭૫૦૦૦૦ ઘટકો જોડાયેલા હતા. આ યંત્ર બેસલના વિધિયોનો ઉકેલ આપવા સમર્થ હતું તેથી તેને 'બેસી' તરીકે પણ ઓળખવામાં આવતું હતું.૧૯૪૫માં માર્ક-૧નું સ્થાન એનિયાકે (ENIAC-Electronic Numerical Integrator And Computer) લીધું. એનિયાકના આગમનથી આઈ.બી.એમ.નો પિત્તો ગયો, અને વિજ્ઞાનને લગતી બધી જ જટિલ ગણતરીઓ બાબતે સૌથી આગળ રહેવાનો નિર્ધાર કર્યો. પરિણામે આ કંપનીના થોમસ વૉટ્સને ૧૯૪૬માં એસેક (SSEC-Selective Sequence Electronic Calculator) યંત્ર બજારમાં મૂક્યું. વાસ્તવમાં આ કંઈ નવું યંત્ર નહોતું. પણ માર્ક-૧ અને એનિયાકનું મિશ્ર (સંકર) સ્વરૂપ હતું. ઘટકોની મર્યાદાઓને કારણે આ યંત્ર ઝાઝું ટક્યું નહીં પણ તેના અલ્પાયુષ દરમ્યાન તેની ગણતરીઓ કરવાની ગુંજાસને કારણે વિજ્ઞાન-જગતને કમ્પ્યૂટરનું સંશોધન ક્ષેત્રે મહત્ત્વ સમજાયું. શુદ્ધ વિજ્ઞાનના સંશોધન ક્ષેત્રે તેણે મહત્ત્વનો ફાળો આપ્યો છે. આ કમ્પ્યૂટરે ખગોળીય યોજનાઓ, તરલ પ્રવાહો, ન્યૂક્લિઅર ભૌતિકશાસ્ત્ર અને પ્રકાશ - વિજ્ઞાનના વિકાસમાં જરૂરી યોગદાન આપ્યું છે. ૧૯૬૯માં જ્યારે માણસે ચંદ્ર ઉપર પ્રથમવાર પગ મૂક્યો ત્યારે અવકાશયાનની સફર માટે જરૂરી ગણતરીઓ આ કમ્પ્યૂટર વડે જ તૈયાર કરવામાં આવેલી.

વિજ્ઞાન-જગતમાં જંગલોના કે દરિયાની સપાટીના નકશા તૈયાર કરવાના હોય કે પછી ગ્રહોની ગતિ-કક્ષાનો ચાર્ટ તૈયાર કરવાનો હોય ત્યારે કમ્પ્યૂટર વાસ્તવમાં તો સંખ્યાઓના ભક્ષક (Number Cruncher) તરીકે કામ કરે છે.

કમ્પ્યૂટર તેના ગાણિતિક શૌર્યને આધારે વિજ્ઞાન-ક્ષેત્રે જરૂરી સંખ્યાઓની લાંબીલચ શ્રેણી સાથે હેરતભરી કામગીરી બજાવે છે. કુશળ કમ્પ્યૂટરમાં માહિતીસંગ્રહના એક જ સ્થિતિસ્થાન (Location) ઉપર સંખ્યાબંધ બિટ્સનો સમાવેશ થતો હોય છે. સામાન્ય અંગત કમ્પ્યૂટરમાં શબ્દની લંબાઈ ૧૬ બિટ્સની હોય છે. જ્યારે સુપર કમ્પ્યૂટરમાં શબ્દની લંબાઈ ૬૪ બિટ્સની હોય છે. વિજ્ઞાનક્ષેત્રે કેટલાક એવા પ્રસંગો ઉપસ્થિત થાય છે જ્યાં ઘણી બધી સંખ્યાઓનો ઉપયોગ થતો હોય છે. કમ્પ્યૂટરમાં આટલી બધી વ્યવસ્થા હોવા છતાં કોઈ ને કોઈ સંખ્યાનો ભોગ લેવાનો હોય છે. વિચ્છેદન (Truncation) કે અંદાજ (Rounding)ની મદદથી કમ્પ્યૂટર સંખ્યાઓ ઓછી કરે છે. વિચ્છેદનમાં અમુક ચોક્કસ સ્થાન બાદ સંખ્યાના આંકડા કાપી નાખવામાં આવે છે. આ રીતે સરળ અને ઝડપી હોવા છતાં તે અચોક્કસ પરિણામો પેદા કરે છે. જ્યારે અંદાજી પદ્ધતિમાં કમ્પ્યૂટર ચકાસણી કર્યા બાદ આંકડા રદ કરે છે. કમ્પ્યૂટર વિચ્છેદન કે અંદાજી પદ્ધતિનો ઉપયોગ કરે પણ લાંબી લાંબી શ્રેણીબદ્ધ ગણતરીઓમાં



ત્રુટિઓનો સંચય થતાં તેની ભારે અસર થાય છે. આના ઉપાય તરીકે માહિતીસંગ્રહ (Memory)માં આંકડા કરતાં બમણી જગા રાખીને કમ્પ્યૂટરની ચોકસાઈમાં વધારો કરવામાં આવે છે.

સૂર્ય જેવા ધગધગતા તારાઓ ઉપર બેસીને કોઈ પણ પ્રયોગ કરવાનું શક્ય નથી: કારણ કે તે બધા ખૂબ જ વિશાળ છે, પ્રચંડ ઉષ્ણતા ધરાવે છે અને અત્યંત દૂર છે. આથી તારાની કોઈ પણ લાક્ષણિકતા કે તેના ખ્યાલની સીધેસીધી ચકાસણી થઈ શકતી નથી. આથી ધારો કે તારાની ઊર્જાનો અંદાજ બાંધવો હોય તો ચોક્કસ પ્રકારની ગણતરી સિવાય બીજો કોઈ આરો નથી. આ માટે સરળ ઉપાય છે. ધારો કે તારા વિષેનો નવો ખ્યાલ સાચો છે. ઉર્જા માટે તારાની કોઈ એક લાક્ષણિકતાના સંદર્ભમાં સમીકરણો તૈયાર કરવામાં આવે છે. ત્યાર બાદ તારાનાં અવલોકિત પરિણામોને નવાં સમીકરણ વડે પ્રાગુક્ત કરવામાં આવતા પરિણામો સાથે સરખાવવામાં આવે છે. આ બધામાં ગણતરીઓએ હિમાચલ જેવડી મુશ્કેલી છે: તારાના જન્મથી મૃત્યુ સુધીનો વિકાસ કમ્પ્યૂટર વિના રજૂ કરવા માટે માણસને ૩૦૦૦ વર્ષ લાગે છે. આ કામ સામાન્ય કમ્પ્યૂટરર વડે માત્ર ૮ કલાકમાં થઈ શકે છે.

આવા હેતુ માટે પ્રાયોગિક પ્રણાલી સાથે કમ્પ્યૂટરને જોડી દેવામાં આવે છે. જેનો ઉકેલ મહામુશ્કેલ હોય તેનું પ્રતિરૂપ (Model) તૈયાર કરવામાં આવે છે. પ્રતિરૂપ મૂળ અથવા પ્રાકૃતિક પ્રણાલીનો ચિતાર આપવા સમર્થ હોવું જોઈએ. આવા પ્રતિરૂપને કમ્પ્યૂટર સાથે જોડવામાં આવે છે. પ્રતિરૂપનાં પરિણામોને આધારે વિજ્ઞાની પરિકલ્પના તૈયાર કરે છે. પ્રણાલીના વિવિધ ઘટકો વડે પ્રોગ્રામ તૈયાર કરવામાં આવે છે. પ્રતિરૂપ વડે ગાણિતીય આંતરક્રિયાઓ જાણી શકાય છે. કુદરની પ્રણાલીઓ અત્યંત જટિલ હોય છે અને પ્રતિરૂપ અત્યંત સરળ હોય છે. પરિકલ્પનાને લાગુ પડતા શંકાસ્પદ પાસાને પ્રતિરૂપમાં ખાસ આમેજ કરવામાં આવે છે. અંતે, વિજ્ઞાની પ્રતિરૂપનાં પરિણામો અને વાસ્તવિક જગતમાં અવલોકેલાં પરિણામોની સરખામણી કરે છે. જો આ પરિણામો જુદાં પડે તો કાં તો પ્રતિરૂપ અથવા પરિકલ્પના ક્ષતિયુક્ત હોય છે. જો પરિણામો સુસંગત મળે તો પરિકલ્પનાને પ્રાયોગિક સમર્થન મળે છે, પણ પરિકલ્પના સાબિત થઈ ગણાય નહીં. કારણ કે પ્રતિરૂપ તો વાસ્તવિકતાનું સ્પષ્ટીકરણ છે. આથી તે નિર્ણયાત્મક રીતે કંઈ જ સાબિત કરી શકે નહીં.

ન્યૂક્લિઅર વિજ્ઞાનીને ઝડપી ગણતરીઓનો અવારનવાર સામનો કરવો પડે છે. આ માટે તેણે પ્રથમ તો કમ્પ્યૂટર વિજ્ઞાનનાં મૂળભૂત તત્ત્વો સાથે સરસંધાન કરવું પડે છે. વિજ્ઞાનની બીજી શાખાઓમાં પણ આમ થાય છે. કમ્પ્યૂટરની ભૌતિક સામગ્રી (હાર્ડવેર) એટલે કે ખુદ યંત્ર નવી ટેકનોલૉજિના વિકાસની ક્ષિતિજો વિસ્તારે છે. પણ ન્યૂક્લિઅર ભૌતિક વિજ્ઞાન અને અન્ય વિજ્ઞાનના ક્ષેત્રે અભૌતિક સામગ્રી (સૉફ્ટવેર)ના સુધારાઓથી કમ્પ્યૂટરની ઉપયોગિતા ઓર વધી ગઈ છે. જેમ જેમ કમ્પ્યૂટરનું મહત્ત્વ વધતું ગયું છે તેમ તેમ સૉફ્ટવેરની મદદથી યંત્રોને વિજ્ઞાનનાં કાર્યોમાં જોતરવાનું સરળ બન્યું છે. વિજ્ઞાનીઓ માટે મોન્ટે કાર્લો પધ્ધતિ અત્યંત ઉપકારક બની છે. આ પધ્ધતિમાં અસ્તવ્યસ્ત (Random) સંખ્યાઓ ઉપર આધારિત સંનિકટતાનો ઉપયોગ કરવામાં આવે છે. આ પધ્ધતિને આધારે પ્રશ્નોના સમૂહ માટે ચોક્કસ ઉકેલ તૈયાર કરાય છે. આ પધ્ધતિનો સૌપ્રથમ ખ્યાલ પોલેન્ડમાં જન્મેલો સ્ટેનીસ્લો ઉલમને આવેલો. સમય હતો બે વિશ્વયુધ્ધ વચ્ચેનો ગાળો. હિટલરના ત્રાસથી જે વિજ્ઞાનીઓને જર્મનીમાંથી ભાગવું પડેલું તે બધા માટે અમેરિકાની સંસ્થા 'પ્રિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટ ફોર એડવાન્સ્ડ સ્ટડી' વિસામાનું સ્થળ હતું. અહીં વોનન્યુગાન, આલ્બર્ટ આઈન્સ્ટાઈન, હર્મન વેઈલ અને કર્ટ ગોડેલ જેવા કેટલાક વિજ્ઞાનીઓએ અહીં કાયમી વસવાટ કર્યો હતો. ઉલમને આ બધા સાથે વારંવાર મુલાકાતો થતી. આ સમયે લૉસ આલ્મોસમાં એડવર્ડ ટેલરે 'સુપર બૉંબ' (હાઈડ્રોજન બૉંબ) ઉપર કાર્ય શરૂ કર્યું. તેમાં તેને લગતી ગાણિતીય ગણતરીઓ વિકટ હતી, આથી ઉલમની મદદ લેવામાં આવી. લૉસ આલ્મોસ લશ્કર મથક ન લાગે તે માટે પ્રોજેક્ટના નિર્દેશક રૉબર્ટ ઓપનહેમરે અસંખ્ય વૃક્ષો ઉછેરેલાં અને રસ્તા વાંકાચૂંકા બનાવેલા, ઊંચાંઊંચાં પાઈનનાં વૃક્ષો વચ્ચે માળા જેવાં મકાનો કરેલાં. ઉલમ અને તેની પત્નીને ત્યાં આવેલા તળાવ પાસે એક નાનું ઝૂંપડું આપવામાં આવેલું. અહીં ઉલમે સંભાવના પર આધારિત ઉકેલ ન્યૂક્લિઅર અભ્યાસને લાગુ પાડવા માટે ન્યૂમાનને જણાવ્યું. આવા ઉકેલમાં રહેલ તાકાતનો ખ્યાલ ન્યૂમાનને તરત જ આવી ગયો. આના ઉકેલમાં સંખ્યાકીય પહોંચ (Statistical Approach)ની આવશ્યકતા જણાઈ. બૉંબની કાર્યવાહીમાં ન્યૂટ્રોન અથડામણને લગતા પ્રશ્નો હવાગતિકીય અને વાયુશાસ્ત્રને પણ લાગુ પડે છે.

મોન્ટે કાર્લો પધ્ધતિ વડે કમ્પ્યૂટર સાથે કામ કરવા માટે પ્રતિરૂપની આવશ્યકતા છે, જે યંત્રની અંદર વાસ્તવિક જગતના નાના અંશોનું નિર્માણ કરે છે. અહીં ઇલેક્ટ્રૉનિક પર્યાવરણમાં ઘટનાઓનું સંખ્યાકીય પુનરાવર્તન કુદરતને અનુરૂપ હોય છે. ઝડપી જેટની પાછળ રચાતા હવાના પ્રક્ષુબ્ધ પ્રવાહો તથા દરિયા ઉપર ઊઠતા તોફાની તરંગોને કમ્પ્યૂટર પ્રતિરૂપ વડે અભિવ્યક્ત કરાય છે. બીગબેંગ પછીના વિશ્વનું પ્રતિરૂપ સુપર કમ્પ્યૂટરે તૈયાર કર્યું છે. ટેબલ ઉપર પડેલી નાના સામાન્ય કમ્પ્યૂટર વડે આફ્રિકાના ઘાસના મેદાનોનું પ્રતિરૂપ તૈયાર કરી શકાય છે.

વિજ્ઞાનીઓ, ઇજનેરો અને ટેક્નીશિયનો માટે ફોર્ટ્રાન ભાષા વધારે અનુકૂળ છે. ૧૯૬૦-૭૦ના દશકામાં આ ભાષા ઘણી લોકપ્રિય બની. આ દશકા દરમ્યાન આ ભાષાએ વિજ્ઞાનીઓને સારો એવો સાથ આપેલો છે. આ ભાષા અને કમ્પ્યૂટરના ઉપયોગથી ૧૯૮૦ સુધીમાં પ્રાયોગિક અને સૈધ્ધાંતિક વિજ્ઞાનની તાસીર કાયમને માટે બદલાઈ ગઈ. કમ્પ્યૂટર પહાડ જેટલી માહિતી (data) હજમ કરી એકાદ મિનિટમાં અર્થપૂર્ણ પરિણામો બહાર પાડે છે. કમ્પ્યૂટર માહિતીઓનો સંગ્રહ પણ કરે છે. ધરતીકંપ અથવા ન્યૂક્લિઅર વિસ્ફોટને લીધે પેદા થતા તરંગોની પૃથ્વીની સપાટી ઉપર થતી અસરોનો વિગતવાર અભ્યાસ કમ્પ્યૂટરથી જ શક્ય છે.

શૂન્યાવકાશ કરેલી કાચની નળી (vacum tube)નું સ્થાન ટ્રાન્ઝિસ્ટરે લીધું, ટ્રાન્ઝિસ્ટરનું સ્થાન સંકલિત પરિપથે લીધું. પરિણામે કમ્પ્યૂટરનું કદ નાનું ને નાનું થયું. ઉપરાંત તેની કાર્ય કરવાની ત્વરા અનેકગણી થઈ. પરમાણુઓ, પ્રોટિનો અને ડી.એન.એ. જેવા જૈવિક અણુઓની સંરચનાત્મક વિગતો માટે વિષદ ગણતરીઓ અને આલેખન જરૂરી છે, જે કમ્પ્યૂટર કલાકથી ઓછા સમયમાં કરી આપે છે. આ રીતે જૈવિક અણુઓની સંરચના અને કાર્ય જાણી શકાય તો રોગનિવારણ અને સ્વાસ્થ્યસુધારણા દ્વારા માણસની મહાન સેવાઓ કમ્પ્યૂટર પૂરી પાડશે.

વિજ્ઞાન ક્ષેત્રમાં કુદરતના અતિસૂક્ષ્મ કણો (ઘટકો)ને સમજવા માટે જંગી સાધનસામગ્રી જરૂરી છે. પેરાપારમાણ્વિક કણોને પ્રવેગિત કરવા માટે મોટાં મોટાં પ્રવેગકો (accelerators) કામ કરે છે. સૂક્ષ્મ જગતના નિરીક્ષણ માટે હવે સુપરકોલાઈડર તરફ મીટ મંડાઈ છે. હકીકતમાં તો સુપરકોલાઈડર કેટલાક પ્રવેગકોનો સમૂહ છે. તેના વડે મૂળભૂત કણને પ્રકાશના વેગ (= ૩ x ૧૦^{૮} મીટર/સેકન્ડ) જેટલો વેગ આપી શકાશે. જ્યારે આટલા પ્રચંડ વેગથી ગતિ કરતા કણો સન્મુખ (head-on) સંધાન કરશે ત્યારે તેમાંથી બનતા ટુકડાઓનું વર્ષણ થશે. આથી વિશ્વના તમામ પદાર્થોની સંરચનાના ભેદ સ્પષ્ટ થશે. તદુપરાંત ખુદ વિશ્વના ઊગમનો ખ્યાલ પણ પ્રાપ્ત થશે. સુપરકોલાઈડરની કાર્યવાહીના પ્રત્યેક તબક્કાની નોંધ, તસ્વીર અને ગણતરી કમ્પ્યૂટર વડે જ થશે. આવી ગણતરીઓ માણસ માટે નામુમકિન છે. સૂચિત સુપરકોલાઈડરની વર્તુળાકાર ટનલની લંબાઈ ૫૦ માઈલ જેટલી હશે. સુપરકોલાઈડરમાંથી મળતી માહિતીનું અર્થઘટન કપરું કામ છે. જ્યારે પ્રચંડવેગી બે પ્રોટોન અથડાય ત્યારે ૧૦૦ ઉપરાંત કણો પેદા થાય છે. આ કણોના ગતિપથનું કમ્પ્યૂટરે તૈયાર કરેલું ચિત્ર આ લેખની સાથેની આકૃતિમાં દર્શાવેલું છે. કમ્પ્યૂટરિત ચિત્રમાં ગતિપથ વક્ર મળે તો પેદા થતો નવો સૂક્ષ્મ કણ વીજભારિત હોય છે. વક્રતા સમઘડી દિશામાં હોય તો કણ ઉપર ધન વીજભાર અને વક્રતા વિષમઘડી દિશામાં હોય તો ઋણ વીજભાર હોય છે. પથની ઓછીવત્તી વક્રતા કણની ઊર્જાનો અંદાજ આપે છે. અથડામણથી તૈયાર થતા કેટલાક કણો અતિઅલ્પાયુષી હોય છે, જે પેદા થવાની સાથે જ બીજા પ્રકારના કણમાં

(અનુસંધાન પાન ૨૯૩ ઉપર)

એક અનોખી સત્ય વનકથા

વાઘણ માનવભક્ષી કેમ બની ?!

કનૈયાલાલ રામાનુજ

આઠમી ઑગસ્ટના દિવસે ખીરી જિલ્લાના પાલિયા શહેરથી લગભગ ચારેક કિલોમીટર દૂર શેરડીના ખેતરમાં એક વાઘણને ઠાર કરવામાં આવી! કારણ કે આ ખેતરમાં જ તેણે સાત માણસોને મોતને ઘાટ ઉતાર્યા હતા.

વાઘ આપણું રાષ્ટ્રિય પ્રાણી છે. તેના રક્ષણ માટે કરોડો રૂપિયાની યોજનાઓ (પ્રોજેક્ટ ટાઈગર) બની છે. એટલે વાઘણની હત્યાના સમાચાર વાંચી પ્રકૃતિના ચાહકોને જરૂર આઘાત લાગે.. પણ સાચી હકીકત જાણ્યા પછી ખેદ નહીં રહે.

જ્યાં આગળ આ ઘટના બની, ત્યાંથી દુદવા નેશનલ પાર્ક ફક્ત બાર કિ.મી. જ દૂર હોઈ પહેલી નજરે આપણને એમ લાગે કે આ વાઘણ અભયારણ્યમાંથી આવી ચડી હશે. પરંતુ એવું નહોતું. આ વિસ્તારમાં શેરડીના ખેતરોમાં પચાસેક વાઘ કાયમી ધામા નાખીને પડ્યા છે.

લોકોએ અહીં જંગલ વિસ્તારને પાંખો કરી, ખેતી માટે જમીન ખુલ્લી કરી નાખી છે. પાંખા જંગલમાં વસતાં હરણાં, સૂવર વગેરે ઘાસખાઉ જંગલી પ્રાણીઓને તો લોકો મારીને ખાઈ ગયા. પરિણામ એ આવ્યું કે બાઘને પોતાના જ રહેણાંકમાં નિરાશ્રિત જેવા બનીને રહેવું પડ્યું. પોતે એક સમયે આ વનવિસ્તારનો રાજા હતો તેમાં મુક્તપણે વિહરતો હતો. તેનું સામ્રાજ્ય માનવના હાથે ઝૂંટવાઈ ગયું હતું.

કીડિયારા પેઠે ઊભરાતી માનવ વસ્તીએ ઉર્જા અને આજીવિકા માટે જંગલનો સોથ વાળી નાખ્યો હતો. પાંખા થયેલા આ વનવિસ્તારમાં બનેલાં ખેતરોમાં હવે શેરડી ઉગાડાતી હતી અને તેના મબલખ પાકમાંથી ખાંડ બનાવતાં કારખાનાંઓ ધુમાડો ઓકવા લાગ્યાં હતાં.

આપણા રાષ્ટ્રિય પ્રાણી વાઘને આ ધુમાડો ફાકવાનો હવે વારો આવ્યો હતો !

પણ વાઘ એટલે વાઘ ! જંગલનો રાજા એ પોતાના ઉદરપોષણ માટે માણસ પાસે થોડો ભીખ માગવા નીકળે ?! ભલે તેનું જંગલ ઝૂંટવાઈ ગયું, પણ તેની ભયાનક તાકાત તો તેની પાસે હતી જ ને ? તેથી આ વાઘટુકડીએ પોતાનું કાયમી રહેઠાણ છોડી બાજુના દુદવા અભયારણ્યમાં જવાનું સ્વીકાર્યું નહીં. અહીં એમણે ધામા નાખ્યા અને પોતાની સ્વતંત્રતા માટે લડતા રહ્યા. પોતાના કુદરતી ખોરાકના અભાવે વાઘ-વાઘણને માનવભક્ષી બનવું પડ્યું !

ઉમદા પર્યાવરણ અને સમથળ જમીનનો આ પ્રદેશ છે. પરંતુ પહાડી ગમાર લોકો પર્યાવરણની જાળવણીમાં શું સમજે? એમણે તો સતત અરજીઓનો મારો ચલાવ્યે રાખ્યો કે અમારા ખેતરોમાંથી વાઘને હટાવો.

જો કે આમ જોઈએ તો આ માગણીઓ પણ કંઈ ગેરવાજબી નહોતી. ૮મી ઑગસ્ટના દિવસે જે વાઘણને ઠાર કરવામાં આવી તેણે છ મહિનામાં સાત માણસોને પોતાના પેટમાં હોમી દીધા હતા. તેનો છેલ્લો શિકાર બન્યો હતો છિદ્દુ. આ કમનસીબ યુવાનની વય માત્ર સત્તર વર્ષની જ હતી અને હજુ તો બે દિવસ પહેલાં જ એ પોતાની પરણેતરને તેડી લાવ્યો હતો.

રાજ્ય સરકારે આ માનવભક્ષી વાઘણને ગમે તે ઉપાયે પકડી, કોઈ પ્રાણીઘરમાં આજીવન કારાવાસ માટે મોકલી આપવા હુકમ કરેલો. પરંતુ શિકારી હિંસક પ્રાણી જ્યારે માનવભક્ષી બને છે ત્યારે તે ખૂબ જ ચપળ-ચાલાક બની જાય છે. આ માનવભક્ષી વાઘણ પણ અનેક ઉપાયો કરવા છતાં ફસાતી નહોતી. શેરડીનાં ખેતરોમાં પોતાની જાતને છુપાવતી, જંગલ ખાતાના કર્મચારીઓને હાથતાળી આપતી હતી.

લાગ મળતાં ખેતરમાંથી બહાર આવી ખેડૂતના પાલતુ ઢોર, કૂતરા, જે ઝપટમાં ચડે તેને ઉઠાવી જતી. પણ અનુભવે એને માનવ શિકસ્તની સફળતા સમજાઈ ગઈ અને તક મળે માંસનો સ્વાદ પણ કરી લેતી. બીજી ઑગસ્ટે તેણે છેલ્લો શિકાર કર્યો. આ માટે તેણે મોટરરસ્તે વસેલું ઢાકા ગામ પસંદ કર્યું હતું.

જંગલ ખાતાને સૂચના મળતાં જ હથિયારધારી ટુકડી મોકલી દીધી. ટુકડીએ ગામના પાદરે પડાવ નાખ્યો. દુદવા અભયારણ્યના મુખ્ય સંરક્ષક રામલખનસિંહ ત્રીજી ઑગસ્ટે દુદવા પહોંચ્યા. તેમની પાછળ ખીરી જિલ્લાના કલેક્ટર અને જિલ્લા પોલીસ અધિકારી પદમસિંહ પણ પહોંચ્યા. તેઓ સ્થિતિ કેટલી ગંભીર છે તેની ચર્ચા કરતા હતા. ત્યાં જ હરિસિંહ નટ નામનો એક ખેડૂત આવી પહોંચ્યો. તેણે ફરિયાદ કરી કે 'સાહેબ, આજ સવારે જ મારા ખેતરમાં એક સ્ત્રીને આ આદમખોરે મારી નાખી છે. આ તેનો આઠમો શિકાર હતો.' સૌ અધિકારીઓ ચિંતામાં ડૂબી ગયા.

હરિસિંહને આશ્વાસન આપી રવાના કર્યો અને બીજા દિવસે રામલખનસિંહે દુદવાની સૌથી બહાદુર હાથણી તૈયાર કરવા હરિહર વ્યાસને કહ્યું. મહાવત તેને લઈને ઊપડી ગયો. પેલા ખેડૂતના ખેતર પર સવારે મળવાનું ઠરાવ્યું.

બીજા દિવસે જ્યારે હરિસિંહ નટના ખેતરમાં મરણ પામેલી સ્ત્રીની તપાસ કરી તો જાણવા મળ્યું કે, એ હત્યા પેલી વાઘણે નહોતી કરી પણ વેરના કારણે તે સ્ત્રીનું ખૂન થયું હતું. ખૂનનો આરોપ વાઘણને માથે ઓઢાડવાની આ કોશિશ હતી ! પણ ઊલટ તપાસ કરતાં પોલ પકડાઈ ગઈ.

(અનુસંધાન પાન ૨૮૯ ઉપર)

ટ્યુનિશિયામાં

પ્રીતિ સેનગુપ્તા

આખી રાત ખૂબ વરસાદ પડેલો. મેં મનમાં વિચારેલું, અહીં વરસાદ બહુ નથી પડતો એવો ખ્યાલ કેમ હતો ?! સવાર સુધીમાં બંધ થઈ ગયેલો, ને બપોરે તો સૂરજ નીકળી પણ આવેલો. ટ્યુનિશિયાના બધા દિવસો એવા ઉજ્જ્વળ જ મળેલા. વરસાદ એ પહેલી રાત પછી ક્યારેય દેખાયો નહીં. પડ્યો હોત તો પણ વાંધો ન આવત. અહીં દિવસો લાંબી હેલી તો થાય નહીં, ને થોડા ભીના થવાની મઝા આવત. દિવસે જો સહેજ પણ હવા ના હોત તો બાફ લાગે. સૂર્ય એવો આકરો કે છાંયડો શોધવાનું મન થાય. પણ સાંજ ખૂબ સરસ થઈ જાય-ઠંડક અને આનંદદાયક. વર્ષો પહેલાં ભરઉનાળે પણ અમદાવાદની સાંજો આવી જ થઈ જતી હતી. દિવસોએ વરસાવેલી આગ પર શીતળતાનો લેપ થતો હતો. હવે એ અમદાવાદ ક્યાં ?

ટ્યુનિશિયામાં વાતાવરણ ને હવા દૂષિત નથી. વસ્તી માંડ ૮૦-૮૫ લાખની. સરેરાશ આવક દર વર્ષે ૮ થી ૯ ટકા વધે છે, એમ વાંચવામાં આવ્યું હતું. દેશનાં નાણાંને દિનાર કહે છે, અને એના અંશોને ટૂંકામાં 'મિલિમ' કહે છે. સરકાર વર્ષના ૩૫ કરોડ દિનાર (આશરે ૯-૧૦ અબજ રૂપિયા) પ્રજાને જાહેર આર્થિક સહાય કરવામાં વાપરે છે. રોજિંદા જીવનની જરૂરિયાતોની કિંમતનો મોટો ભાગ સરકાર ચૂકવે છે. દા.ત. પ્રજાના ખોરાકના આધાર જેવી, લાંબી, ફ્રેન્ચ જાતની બ્રેડ એક મિલિમની આવે. દિનારના સોમા ભાગની. લોકો આખો પાંઉ ફ્રાન્સની જેમ જ હાથમાં લઈને, બગલમાં કે થેલીમાં રાખીને, ફરતા બધે દેખાય. હું તો સાવ ગરીબ, ભૂખ્યાં લોકોથી ઊભરાતા દેશની નાગરિક. આવી સગવડો ને સહાય જોઉં એટલે એ લોકો માટે ખુશ થાઉં. ને મારા દેશનાં લોકોના વિચારે જીવ બળે. ટ્યુનિશિયા સરકારની જનસહાયની તત્પરતા છે બહુ સારી, પણ એમાં બગાડ પણ ઘણો જ થાય છે. વસ્તુઓ આટલી સસ્તી મળતી હોય એટલે ફેંકી દેતાં પણ કોણ અચકાય ?

બુર્ગીબા રાષ્ટ્રપતિ હતા ત્યારે એમની રાજનીતિ ઉદારતાવાદી હતી. ૧૯૮૭માં જ્યારે લશ્કરી પલટાથી પદવી છીનવીને બેન અલીને તે આપવામાં આવી ત્યારે લોકસત્તા નહીં પણ પોલીસ-રાજ્ય દાખલ થયું, એમ ઘણો માને છે. પણ કડક હાથે ચલાવાતો દેશ પ્રજામાં શિસ્ત પ્રેરી શકે છે તે ટ્યુનિશિયામાં સ્પષ્ટ દેખાય છે. એક તરફ સરકારની નીતિ સહાયની છે, ને બીજી તરફ શિસ્તની. કેટલી સરસ, બંને બાજુથી લાભદાયક, નીતિ છે ! દેશભરમાં દરેક ગામના મુખ્ય રસ્તા પર ઠેરઠેર ને હાઈ-વે પર પણ, 'ગાર્દ નેશનાલ' - રાષ્ટ્રિય સિપાઈ દેખાય. મોટરોને ઊભી રખાતી પણ મેં જોઈ. ને સાથે જ, આ પ્રજા સુખી, સ્વસ્થ, આનંદી અને હસતી છે. લાખો લોકોના સુખના વિચારે જો થોડાં કડક પગલાં અમલમાં મુકાય તો તે રાજનીતિને પ્રશસ્ય જ કહેવી પડે. હું એ નાના દેશના ઘણા વિભાગોમાં ફરી, ને ઘણી રીતે મને એ દેશ સરસ લાગ્યો.

હું કેટલાંક જણને મળી પણ ખરી. યજમાનનાં થોડાં મિત્રોને ઘેર જમવાનું આમંત્રણ પણ મળ્યું. દરેકે મારી સાથે ઉત્સાહથી વાતો કરી, પ્રયત્નપૂર્વક સરસ શાકાહારી ભોજન બનાવ્યાં. જાતજાતની વાનગીઓ આવી મને બહુ ગમે, ને કશું ના ભાવે એવું નહીં. કેટલીક મેં મોરોક્કોમાં ખાધેલી-પણ આ તો સ્વાદિષ્ટ ને ઘેર બનાવેલી. હરિસ્સા, કુસકુસ વગેરે ખાવાની મઝા આવી.

એક કુટુંબનું ઘર કાર્થેજની બહાર ખેતરોની વચમાં હતું. નારંગીના ઘણાં ઝાડ હતાં. અઢાર વર્ષની ફાતિમા અને સોળ વર્ષની લૈલા ચપળ, અંગ્રેજી બોલતી છોકરીઓ હતી. ટ્યુનિશિયાનો સમાજ આરબ અને ફ્રેન્ચ-મિશ્રિત પ્રજાનો બનેલો છે. અરબ-દુનિયા સાથેના વેપાર-વાણિજ્યમાં યુરોપ સમૃદ્ધ થવા માંડ્યું, ત્યારે સીરિયા વગેરે દેશોને મધ્ય-પૂર્વ અને ટ્યુનિશિયા, લિબ્યાને આફ્રિકાના દેશોનું નામકરણ આપી દેવાયું. આમાંના કેટલાક દેશો-ને, ખાસ કરીને ટ્યુનિશિયા-નો અંતર્ગત 'મિજાજ' યુરોપી છે. ટ્યુનિશિયામાં તો કાળી પ્રજા છે જ નહીં, લગભગ એમ કહી શકાય. દક્ષિણમાં ફરવા નીકળી ત્યારે જાણ્યું કે એક જ ગામ એવું છે જેમાં આફ્રિકી લોહી ને રંગવાળી પ્રજા વસે છે. એ નોંધવું અગત્યનું છે કે મુખ્યત્વે મુસ્લિમ એવી આ પ્રજામાં ખ્રિસ્તી, યહૂદી વગેરે ધર્મનાં લોકો પણ છે જ. ધર્મ, જાત ને રંગ પ્રત્યે ટ્યુનિશિયામાં હંમેશાં સહિષ્ણુતા રહી છે.

લગભગ હંમેશાં મેં ત્યાંનાં લોકોમાં સભ્યતા, વિવેક ને સુશિક્ષિતતાની નિશાનીઓ જોઈ. અપવાદરૂપ વ્યક્તિઓ પણ મળી જ, પણ માંડ એકાદ-બે. બીજા એક કુટુંબને ત્યાં પણ સાંજ સરસ જ વીતેલી. કાર્થેજના નવા વિભાગમાં બંધાયેલા બહુમાળી એક મકાનમાં એમનો ફ્લેટ હતો. અનેક સરસ, આંતરરાષ્ટ્રિય વસ્તુઓથી એ શણગારાયેલો હતો. બે નાનાં બાળકોવાળું એ એક યુવાન-વયી દંપતી હતું, લિલિયા ને હાતિમ. એણે ઘણી વાનગીઓ બનાવેલી. બીજાં પણ મહેમાનોને આમંત્રણ આપેલાં, એટલે વાતો ચાલતી જ રહી.

મારાં યજમાનોની ઇચ્છા હતી કે હું એમનાં કેટલાંક બીજાં પણ મિત્રોને મળું, ને મારા પ્રવાસમય જીવન વિષે વાતો કરું. રવિવારની એક બપોરે આ માટે મળવાનું ગોઠવાયું. બધાં કાંઈકાંઈ ખાવાનું બનાવીને લાવ્યાં. બહાર અંજીરનું સુંદર, ઘટાદાર વૃક્ષ હતું. એની ડાળીઓ આકર્ષક રીતે વાંકીચૂંકી ગયેલી હતી. એના છાયામાં ટેબલ ને ખુરશીઓ ગોઠવાયાં. બધાં સાથે મારી ઓળખાણ કરાવાઈ. બધાં બુદ્ધિશાળી, કુલિન ને મળતાવડાં હતાં. નવાઈ લાગે તેવી વાત એ હતી કે બધી સ્ત્રીઓ અંગ્રેજી બોલતી હતી, પણ પુરુષો નહોતા બોલતા. ટ્યુનિશિયામાં દેશ-ભાષા અરબી છે, ને બીજી મુખ્ય ભાષા ફ્રેન્ચ છે. ત્યાં અંગ્રેજીની જરૂર નહીં, પણ દુનિયાભરમાં તો ખરી જ ને ! સ્ત્રીઓ ઘણી વધારે અનુકૂળશીલ હોય છે, તે દરેક સમાજમાં જોવા મળતું જ હોય છે.

(અનુસંધાન પાન ૨૮૯ ઉપર)

કથાસરિત્સાગર

લંબક ૨ : તરંગ ૫ (ચાલુ)

(શ્લોક ૧૩૯ થી ૧૬૪)

ફસામણી

કનુભાઈ જાની

'આ તે વળી ધર્મ કેવો ? નક્કી આણે વળી કોઈક પ્રપંચ કર્યો છે.' એમ પાકકી ખાતરી થતાં દીર્ઘ દૃષ્ટિવાળી દેવસ્મિતા કહે, 'ભગવતી ! (ખરેખર) આજ સુધી આવા કોઈ ધર્મને હું જાણતી નહોતી. પણ હવે તમે મને કોઈ સુન્દર પુરુષનો ભેટો કરાવી દો !' ત્યારે પ્રવ્રાજિકા કહે, 'કોઈ દ્વીપાન્તરેથી અહીં આવીને રહ્યા છે કેટલાક વણિકપુત્રો. એમને હું અહીં મોકલીશ.' એમ કહીને પ્રવ્રાજિકા તો હરખાતી હરખાતી પોતાને ઘેર ગઈ.

ત્યારે દેવસ્મિતાએ પોતાની દાસીઓને કહ્યું, 'નક્કી મારા સ્વામીના હાથમાં વણકરમાયેલું કમળ જોઈને ઉત્સુકતાથી એને મદિરા પિવડાવી, બધું પૂરેપૂરું પૂછી લીધા પછી, મારી ખાનાખરાબી કરવાના ખ્યાલ સાથે જ આ કોઁક દ્વીપાન્તરેથી અહીં પધાર્યા છે. [1] એ શઠ વણિકપુત્રોએ આ કુતાપસીને એ માટે આ કામમાં જોતરી છે. માટે હવે તમે ધતૂરાવાળી મદિરા ઝટ તૈયાર કરી લાવો. અને (હા,) એક (લોઢાનો) કૂતરાનો પંજો કરાવી લાવો.' [2] દેવસ્મિતાએ આમ કહ્યું, ને દાસીઓએ એ પ્રમાણે કર્યું. પછી દેવસ્મિતાના આદેશથી એક દાસીએ, વળી, દેવસ્મિતાનું રૂપ લીધું.

હવે પેલી, પ્રવ્રાજિકા, 'પહેલાં હું-પહેલાં હું' કરતા એ ચાર વણિકપુત્રોમાંથી એકને, પોતાની શિષ્યાના વેશમાં છુપાવીને, દેવસ્મિતાને ઘેર લઈ આવી. સાયંકાળે કોઈ ન જુએ તેમ એને ઘરમાં ઘાલ્યો, ને પોતે (ચૂપચાપ) પાછી ચાલી ગઈ. ત્યાં પેલી દેવસ્મિતાવેષી ચેટીએ પેલા વણિકપુત્રનું બહુમાન કરીને, એને ધતૂરામિશ્રિત મદિરા પિવડાવી દીધી. મદિરાથી, એના વિનયની [3] જેમ એની ચેતના પણ ચાલી ગઈ. એટલે ચેટીએ એનાં લૂંગડાંબૂગડાં બધું ઉતારી લઈને, સાવ દિગમ્બર કરી મૂકી, એના કપાળમાં (ધગધગતા) કૂતરાના પંજાની છાપ ચાંપી દઈને, રાત્રે એને લઈ જઈને કચરાથી ખદબદતા એ ખાડામાં ફેંકી દીધો.

છેલ્લે પહોરે જ્યારે એ ભાનમાં આવ્યો ત્યારે જોયું તો પોતે પોતાના પાપે કરીને જ અવીચિ(નર્ક)ની ખાઈમાં સબડતો હતો. એટલે (ઝટપટ) ઊઠીને, નાહીને, કપાળમાંના ચિહ્નને હાથથી ઢાંકતો, તદ્દન નગ્નાવસ્થામાં એ વણિકપુત્ર પેલી પ્રવ્રાજિકાને ત્યાં પહોંચ્યો. 'એકલો હું જ હાંસીપાત્ર ન બનું,' એમ વિચારીને એણે પોતાના અન્ય મિત્રોને કીધું, 'હું આવતો હતો, ત્યાં રસ્તામાં લૂંટાઈ ગયો છું. અને જાગરણ થયું, જરા વધારે પડતું પિવાઈ ગયું. એથી માથું દુઃખે છે.' એમ કહીને, કપાળના પેલા ડામ પર કપડું વીંટાળીને, સૌ સમક્ષ હાજર થયો.[4]

બીજે દિવસે સાયંકાળે ફરી પાછો બીજો વણિકપુત્ર દેવસ્મિતાને ઘેર ગયો, અને એના પણ એવા જ હાલ થયા. એ પણ નગ્ન ! આવ્યો. કહે, 'ચોરની બીકે ઘરેણાં વગેરે તો હું ત્યાં છોડીને આવ્યો, પણ રસ્તામાં મને ચોરોએ લૂંટી લીધો.' એણે પણ સવારે માથું દુઃખવાને બહાને કપડું વીંટાળીને કપાળ પરના ચિહ્નને ઢાંકી દીધું. એમ, કાળક્રમે એ બધાય, ચારેય, કપાળમાં ડામવાળા, લૂંટાયેલા, સાવ બેહાલ, હાંસીપાત્ર થઈ ગયા. અને પેલી પ્રવ્રાજિકાની પણ ભલે ને આવી અવદશા થતી એ ખ્યાલથી એનાથી પણ આ વાત છાની રાખીને, પોતાને દેશ પોબારા ગણી ગયા.

કેવું મેં તારું કામ કર્યું એવા હરખમાં ને હરખમાં પોતાની શિષ્યા સાથે પેલી પ્રવ્રાજિકા (આ લોકોના ગયા પછી) બીજે દિવસે દેવસ્મિતાને ઘેર પહોંચી. ત્યારે દેવસ્મિતાએ એમનો આદરસત્કાર કરી, એ બન્નેને પણ ધતૂરામિશ્રિત મદિરા પિવડાવી, જે કાંઈ હતું વસ્ત્રાદિ તે બધું કાઢી લઈ, બન્નેનાં નાકકાન કાપીને, એ મદિરામત્ત પ્રવ્રાજિકાને એની શિષ્યા સાથે, પેલા જ ઉકરડાભરેલા ગંધાતા ખાડે નાખી દીધી.

'પેલા વણિકપુત્રો ત્યાં જઈને કદાચ મારા પતિને હણી નાખશે' એવી દહેશતથી આકુળવ્યાકુળ થઈ, દેવસ્મિતાએ આ આખી વાત વિગતે પોતાની સાસુને કહી. ત્યારે સાસુ કહે, 'પુત્રી ! તેં બરાબર જ કર્યું છે. પણ હવે મારા પુત્રનું આથી અહિત થઈ શકે.' ત્યારે દેવસ્મિતા બોલી, 'જેમ શક્તિમતીએ પોતાની બુદ્ધિશક્તિથી પૂર્વે પોતાના પતિનું રક્ષણ કરેલું તેમ હુંયે મારા પતિનું રક્ષણ કરીશ.' ત્યારે સાસુએ પૂછ્યું, 'પુત્રી, શક્તિમતીએ કેમ કરીને એના પતિની રક્ષા કરેલી ? કહે તો.' એમ પૂછવાથી દેવસ્મિતાએ પોતાના સાસુને કહ્યું : (૧૬૪) (ક્રમશ :)

પાદટીપ

૧. શિયળને મહત્ત્વ આપતી સુંદરીને ચળાવનારી શરત સાથે 'સિમ્બેલાઈન'માં પણ ખલનાયક આમ જ આવે છે ! એ કથા આની જોડે સરખાવવા જેવી છે. શેક્સપીઅરે એ નાટકમાં લોકકથાનો જ આધાર લીધો છે. આ મોટિફ ઘણા દેશોની લોકકથાઓમાં પ્રચલિત છે.

૨. ગુલબંકાવલીની પર્શિયન કથામાં પણ આવી જ છાપોથી દિલબર એના આશિકોને છાપે છે !

૩. ટૉનીમાં 'એના અવિનયની જેમ' છે ! એ બરાબર નથી. અવિનય ચાલ્યો જાય એ તો સારું કહેવાય, વિનય ચાલ્યો જાય એ ખરાબ.

૪. 'સૂઈ ગયો' એવો હિન્દી અનુવાદ બરાબર નથી; સ્પષ્ટ છે 'તસ્થૌ'. □

ટેબ્લો અને મૂર્તીકરણ

હસમુખ બારાડી

રંગપીંછી અને રંગભૂમિનાં સમાન્તરો

૧૯૨૨ પછી જુદી તરીને (શ્રી ચં. ચી. મહેતા અને શ્રી ક. મા. મુન્શી વગેરેના પ્રયત્નોથી) વિકસતી આવી અને 'નવી' ગણાઈ/ગણાવાઈ, ત્યારથી અને તેથી, તત્કાલીન ગુજરાતી રંગભૂમિ (જે આમ તો ૧૮૪૨થી શરૂ થઈ હતી) તેને 'જૂની' તરીકે આપણે તિલક કર્યું. પછી અવેતન-સવેતન, ધંધાદારી-બિનધંધાદારી તરીકેય બન્ને વચ્ચેનો ફરક સમજાવાયો; બન્નેના રંગકર્મીઓએ સામસામા કટાક્ષો કર્યા, પણ બન્નેને કોઈ ચોક્કસ નામાભિધાન સ્વાભાવિક જ બંધ ન બેઠું.

જોકે આપણી વાતની માંડણી માટે (ઉપરની તારીખો ઉપરાંત) આટલા ગુણપ્રકારે એ જુદી પડે; લેખન, રજૂઆત, અભિનય, સેટિંગ્ઝ, દેશી-વિદેશી પ્રભાવ, અભિગમ, પ્રેક્ષકોનાં રસરુચિ વગેરે. આજે એ 'જૂની' (અથવા ગુજરાત બહાર 'પારસી' તરીકે જે તત્વત: અલગ પડાઈ છે તે) રંગભૂમિ મોટે ભાગે પ્રવાસી રંગભૂમિ તરીકે જ ગુજરાતમાં અને અન્ય રાજ્યોમાં ટકી શકી છે; અને બાકીની જે છે તે 'નવી' ગણાય છે: જો કે એમાંય આજે અવેતન-સવેતન, પ્રાયોગિક/ધંધાદારી, બોમ્બે/ઑફ-બોમ્બે/ઑફ-ઑફ-બોમ્બે એવા પ્રસ્તુતિ-પ્રકારો દર્શાવાય છે; એક પક્ષે આધુનિક, અતિઆધુનિક પ્રયોગખોરીની બાંયો ચડેલી છે, તો બીજે પક્ષે મોટી રકમોના અસંખ્ય કોન્ટ્રેક્ટ-શોના આંકડા એમના એજન્ટો બોલે છે ! આ બન્નેની (ચારેય પ્રકારની અભિનય-પદ્ધતિ સાવેસાવા અલગ જણાય છે, (આટલી વાતથી જ ગુજરાતી રંગભૂમિ જાગતી/ધમધમતી નથી લાગતી ?)

¤

આપણી આ પંદર સૈકાની પ્રણાલિ ધરાવતી રંગભૂમિની તવારીખ સાથે કેટલાક અભિગમો/રીતરસમો/શબ્દો સમજીએ :

૧૭૫૦માં અંગ્રેજ સૈનિકોએ મુંબઈના હોર્નિમેન સર્કલ પાસે બોમ્બે-ગ્રીન વિસ્તારમાં બોમ્બે થીએટર નામે કાચી રંગભૂમિ બાંધી; એમાં લંડનના તત્કાલીન રંગમંચને નમૂને 'બોક્ષ, પીટ, ડ્રેસસર્કલ, અને ગેલેરી' વગેરે નામે પ્રેક્ષકોને બેસવાની વ્યવસ્થા હતી. (ફક્ત યુરોપિયનોને જ એમાં પ્રવેશ મળતો.) મુંબઈનું બીજું થીએટર 'આર્ટિલરી' માટુંગામાં બંધાયું. પછી ૧૮૪૨માં સાહસિક ગુજરાતી જગન્નાથ શંકર શેઠે ગ્રાંટ રોડ ઉપર પોતાની જમીન બક્ષિસ આપી ત્યાં 'રોયલ' થીએટર બંધાયું. ૧૮૪૩માં હિન્દુ નાટ્ય મંડળીએ ત્યાં પ્રથમ મરાઠી નાટક રજૂ કર્યું. પારસી શ્રીમંતોની 'પારસી નાટક મંડળી'ના પ્રથમ પ્રયોગ 'રુસ્તમ સોરાબ'ને દાદાભાઈ નવરોજીએ બિરદાવ્યો હતો. ૧૮૪૬થી ૧૮૫૨ વચ્ચે ત્યાં અનેક પ્રયોગો થયા. એમાં ઝોરોસ્ટ્રિયન, વિક્ટોરિયન, આલ્ફ્રેડ, કાલિદાસ, એલ્ફિન્સ્ટન વગેરે અનેક નાટક 'મંડળીઓ', 'કંપનીઓ' 'મંદિરો', 'સમાજો' સ્થપાયાં, અને એમાં કુંવરજી નાઝર, કે. ખુશરૂ કાબરાજી, એદલજી ખોરી, ઘૂથી, દાદાભાઈ પટેલ જેવા નિર્માતાઓ, દલપતરામ - નર્મદ - રણછોડરાય જેવા સાહિત્યકારો સંડોવાયા. તે છેક જયશંકર - બાપુલાલ - રોમિયો - પ્રાણસુખ નાયક વગેરે નટ-દિગ્દર્શકો અને પ્રભુલાલ-રઘુનાથ - પાગલ જેવા કવિ-મુન્શીઓ સુધીનો દોઢસો વરસોનો સિલસિલાબંધ રસિક ઈતિહાસ છે...

પ્રારંભના એ 'ખેલો'માં અંગ્રેજી કે એના અનુવાદો રજૂ થતા અને એને અંતે (**આફ્ટર પીસ**) તરીકે સમકાલીન પ્રશ્નને સ્પર્શતું કોઈ 'ફારસ' પેશ થતું. નાટકનતી ભાષા પારસી ગુજરાતી રહેતી; સ્ત્રીઓની ભૂમિકા પુરુષો ભજવતા. પ્રકાશ-આયોજનમાં મીણબત્તી, તેલના દીવા, મશાલો વગેરે વપરાતાં, નાટ્યપ્રયોગોમાં વચ્ચે વચ્ચે અનેકવાર અસંબદ્ધ ગીતો મુકાતાં, શરૂમાં ત્રણેક કલાક અને પછી તો આખી રાત નાટકો ચાલતાં, સીનસીનરીના ઠઠારા થતા, મેકઅપને બદલે ગેટઅપને મહત્ત્વ મળતું, ઝાકઝમાળ પોશાક અને વાકછટાનું મહત્ત્વ રહેતું, ચમત્કાર અને શ્વાસરોધક દૃશ્ય-રજૂઆત પર ભાર મુકાતો. મોટેભાગે પ્રખ્યાત કથાનકો પર આધારિત નાટકો પેશ થતાં - 'નૃસિંહાવતાર', 'નળદમયંતી', 'બાણાસુર મદમર્દન', 'વિક્રમાદિત્ય', 'ભર્તૃહરિ', 'ચાંપરાજ', 'સાવિત્રી' વગેરે...

નટની રમણભૂમિ એટલે તખ્તો **સપાટ** હતો, પ્રેક્ષાગૃહ શરૂમાં સપાટ અને પછી ઢોળાવવાળું થયું. પહેલી ઘંટડીએ પ્રેક્ષકો અંદર આવે, બીજીએ સંગીતકારો ગોઠવાય, ત્રીજીએ '**પોટાશનો ધડાકો**' થાય, **ડ્રૉપ** (પડદો) 'ઉપડે' અને નટી-સૂત્રધાર પ્રાર્થના કરે; સાથે આવેલી બાળાઓ આગલી મોંઘી હરોળમાં બેઠેલાં પ્રેક્ષકોને ફુલ-પાંખડીથી પોંખે. **સૂત્રધાર** 'નાટ્યવસ્તુ' તરફ આંગળી ચીંધતો હોય ત્યાં કોઈ પાત્ર અતિરંજક ઢબે મોટેથી બોલતું તખ્તાના કેન્દ્રે આવી ઊભે, એટલે રોમાંચિત પ્રેક્ષકો તાળીઓના ગડગડાટ કરે... **બેનબાજી** ચાલે, પાત્રો નૃત્યો કરતાં, સંવાદોના ફટાકડા ફોડતાં મુદ્રાઓ ધારણ કરે, જેનો 'ટેબ્લો' (ઝાંખી) બને, એ પ્રેક્ષક-જાગૃત નટો પ્રશંસકોની વાહવાહે સલામી આપે, અંદરના **ચીતરેલા પડદાથી** પ્રેક્ષકો અંજાય, કોઈ દૃશ્ય/ગીત/નૃત્ય અનેક **વન્સમોર** પામે, અને પરિણામે પ્રેક્ષકો બહાર નીકળે ત્યારે સવારના કૂકડા બોલતા હોય...

આજની પ્રોસેનિયમ આર્ક રંગભૂમિની જેમ પ્રકાશિત મંચે ઘટતું, પડદે વિભાજિત, **આમને-સામને નટ-પ્રેક્ષકના સંપર્કનું** જ એ થીએટર હતું, જે તત્કાલીન ઈંગ્લન્ડની રંગભૂમિનો જ નમૂનો હતું - સ્થાપત્ય અને નાટ્યકલા બન્ને દૃષ્ટિએ. એનાં પ્રેક્ષકો મુંબઈગરા કે મુંબઈની ફેશનોથી પ્રભાવિત નગરોમાં વસતા ગુજરાતીઓ હતાં, તેઓ હિન્દી ફિલ્મોનો અનુભવ તખ્તે ઝંખતાં, નાટકનું દૃશ્યવિભાજન એવું થતું કે દરેક દૃશ્યે કોઈ ને કોઈ પ્રકારની **પરાકાષ્ઠા** આવતી, અતિ નાટકીય રીતે મહત્ત્વનાં પાત્રોની એન્ટ્રિ - એક્ઝિટ રખાતી... વગેરે... એમાં ભારતીય તત્ત્વ ઉમેરાયું તે આટલુ કે સંસ્કૃત પ્રણાલિ મુજબનાં પ્રાર્થના, નટી-સૂત્રધાર, નાટ્યબીજસૂચન એમાં થતાં...

અને એના નટો ? પ્રેક્ષકોથી ઘેરાયેલી રમણભૂમિમાં, ભવાઈ કરતા અસંખ્ય કલાકારો આ **પિક્ચર-ફ્રેમ** રંગભૂમિમાં કામ કરતા, એના પ્રેક્ષકોને



શકુન્તલા (ચિત્રકાર - રાજા રવિ વર્મા)
રંગભૂમિથી પ્રભાવિત ચિત્રસંયોજન



પરિવારની તસ્વીરમાં નાટકીય ઢંગની સંરચના. અહીં દૃષ્ટાંત રૂપે બાપુલાલ નાયકના પરિવારની છબી આપી છે



'નંદબત્રીશી' નાટકનું એક દૃશ્ય - બાપુલાલ નાયક અને દયાશંકર ઓઝા

ભવાઈ, ગરબા, કથાકીર્તન, માણભટ્ટના સંસ્કારો હતા, છતાં તે વખતની એ રંગભૂમિ, યોરોપીય જીવન-અનુકરણના ઉત્સાહે તેઓએ ગમાડી લીધી હતી!

¤

આ દ્વિપરિમાણી પિકચર-ફ્રેમના 'જૂની'ના વિશિષ્ટ નાટ્યતત્ત્વને સમાન્તર યાદ કરીએ ચિત્રકાર રવિ વર્મા (૧૮૪૮-૧૯૦૬)નાં ચિત્રો - પૌરાણિક, ઐતિહાસિક વિષયો-પાત્રોનું સ્થિતિ-આયોજન (કમ્પોઝિશન્સ), પોષાકો, એની પીઠિકા (બેકગ્રાઉન્ડ), ઓગણીસમી સદીના ઉત્તરાર્ધની ચીજવસ્તુઓ (પ્રૉપર્ટિ) પકડેલાં કે ગોઠવતાં ઐતિહાસિક-પૌરાણિક પાત્રો વગેરેથી ખડું થતું 'વાસ્તવ'. એ જ ચિત્રો કે એના અનુકરણે સર્જાયેલાં અન્ય દ્વિપરિમાણી ચિત્રોનાં કેલેન્ડરોય આ પ્રેક્ષકોનાં ઘરોમાં હતાં.

એ સમયે સ્થિર છબીકલા (સ્ટિલ ફોટોગ્રાફિ) મોટે ભાગે દસ્તાવેજીકરણ માટે વપરાતી. પ્રેક્ષકોનાં પરિવારો પોતાના વિશિષ્ટ પોષાકો સજીધજી, ગાદ-તકીયાળી ખુરશી/સોફાઓમાં, ઊંચાં સ્ટૂલો પર ફલાવરવાઝ ગોઠવી કે ફૂલોનાં છાબડીઓ પકડી 'પોઝ' આપતા. એમાં રંગભૂમિના સિતારાઓ સાથે પોતાનું અનુસંધાન જોતા.

રવિ વર્માનાં ચિત્રોએ તત્કાલીન સમાજ પર જબરો જાદુ કર્યો હતો. શકુન્તલા, દ્રૌપદી કે શ્રીકૃષ્ણ માનવસહજ નક્કર, પોતીકાં પાત્રો એમની પીંછીએ બન્યાં તેમાં માનવ-આકૃતિ, સ્થાનસ્થિતિરચના, બેકગ્રાઉન્ડ જેટલાં કારણરૂપ હતાં, એટલાં જ રવિ વર્માનાં રંગમાધ્યમ (તેલ) અને કૌશલ હતાં. આછા અંધારિયા આકાશ નીચે, ભૂર્જપત્રો અને ધારા વચ્ચે, બંગડીઓ પહેરેલી, ખડક પર બેઠેલી શકુન્તલા, પાંડવોના દૂત તરીકે શ્રીકૃષ્ણ કે કૌરવસભામાં અપમાનિત દ્રૌપદી વગેરે પાત્રો દર્શકોને 'વાસ્તવિક' (સંભાળજો આ શબ્દથી) એટલેય લાગતાં કે તેમનાં ઘરેણાં, પોષાકો, સેટિન્ગ્ઝ ઓગણીસમી સદીનાં જ હતાં. પાત્રોની મુદ્રાઓ કે પીઠિકા પણ એ રીતે 'સમકાલીન' હતાં. ભૂતકાળ વર્તમાનની કાંધે ચડેલો હતો, કારણ કે ભાવકો એ કાળનાં હતાં. પરિણામે એ ચિત્રોની વિશ્વસનીયતા વધી, પાત્રો ગુણપ્રકારે લોકપ્રિય અને અનુકરણીય બન્યાં.

¤

આપણી 'જૂની' રંગભૂમિની કથાઓ, પાત્રો, કમ્પોઝિશન્સ અને વિશેષ તો પડદાઓ અને એના સમકાલીન ચિત્રકાર રવિ વર્માનાં ચિત્રો સરખાવી જોવા જેવાં છે. એ પ્રોસેનિયમ આર્ક થીએટરનો પડદો નાટકની અને અંકોની શરૂઆત અને અંત સૂચવતો. એના પર નાટકની કંપનીનું ચિહ્ન (ઝોરોસ્ટ્રિયન કંપનીને પડદે આગ સહિતના ઝોરોસ્ટ્રિયન, ઓલ્ફિન્સ્ટનને પડદે પારી(સ)નું ચિત્ર, બેરોનેટ કંપનીને પડદે સર જે. જે. હોસ્પિટલ વગેરે) રહેતું. પણ પાછળના પડદા ઉપર **સ્થળ, વાતાવરણ 'ચિતરાતું'.** તાખે ઊભી કરવાની વાસ્તવિકતાનો પરિપ્રેક્ષ્ય ત્યાં ખડો થતો, દા. ત. શેરી, જંગલ, ઉદ્યાન, મહેલ; એમાં સ્થાપત્ય, રાચરચીલું, વૃક્ષો, રસ્તાઓ, પશુપક્ષીઓ રજૂ કરાતાં - સાચાં જણાય એ આકાર-સ્થિતિમાં. એ પડદાઓ રવિ વર્માનાં ચિત્રોના બેકગ્રાઉન્ડ જેવા લાગતા. જો કે એ બન્ને બ્રિટનના વિક્ટોરિયન મહાલયો અને ત્યાંની રંગભૂમિના ચિત્રિત પડદાઓથી પ્રભાવિત હતા. એટલે બનતું એવું કે આપણાં કૃષ્ણ, રાધા કે શકુન્તલા વિક્ટોરિયન મહેલ, ઉદ્યાન કે શેરીની આગળના ભાગમાં ચાલતાં દેખાય ! એ જ રીતે 'જૂની'નાં નાટકોનું દૃશ્ય રવિ વર્માનાં ચિત્રોમાંના કમ્પોઝિશન્સની જેમ ટેબ્લો સર્જે, અથવા દૃશ્ય દરમ્યાન ક્યાંક એની નજીકનું દૃશ્ય ઊભું કરે, જેથી પ્રેક્ષકોને નાટક, ચિત્રો અને કેલેન્ડરોની સમાનતા નિહાળી વિશ્વાસ વધે.

રવિ વર્માના ભાઈએ ૧૮૯૫થી ૧૯૦૧ વચ્ચેનાં વર્ષોની રોજનીશીમાં થીએટરમાંના એમના ઊંડા રસની નોંધ લીધી છે. મહારાજાના રસાલામાં તેમણે અનેક શહેરો, યાત્રાધામો, સંગ્રહસ્થાનોની મુલાકાત લીધી હતી અને તત્કાલીન ધંધાદારી રંગભૂમિનાં નાટકો નિહાળ્યાં હતાં : દા.ત. મુંબઈમાં ન્યૂ આલ્ફ્રેડ કંપનીનું 'વિરાટ માયા', 'હેમ્લેટ'નું ઉર્દૂ રૂપાંતર, 'રોમિયો - જુલિયેટ' વગેરે નાટકો તેમણે રસથી જોયાં હતાં. 'સીતા વનવાસ'ની નાયિકા ગૌહરબાઈના તેઓ ભારે પ્રશંસક હતા.

કેટલાકને મતે, રવિ વર્માનાં ચિત્રો પર આ 'જૂની' (અને પારસી તરીકે ગણાતી) રંગભૂમિના નાટ્યતત્ત્વની ખૂબ અસર હતી. મને અંગત એવું લાગે છે કે બન્ને સમકાલીન હતાં, બન્ને ઉપર વિદેશી ચિત્રોની ફેશન અને થીએટરની એટલી અસર હતી કે, કોણ કોનાથી કેટલું, કયા ક્રમમાં, ક્યાં પ્રભાવિત બન્યું, એ બધું સંશોધન/ચર્ચા માગી લે. (આ વિશે અહીં વધુ સહચિન્તન કરવા આયોજન છે.)

અલબત્ત, આ તકે થોડું નોંધવું છે તે આ -

'જૂની' રંગભૂમિની નાટ્યપ્રસ્તુતિ અને રવિ વર્માનાં ચિત્રોમાં **'મૂર્તીકરણ'** થતું હતું. નટો એનાથી જાગૃત હતા, એટલે પૌરાણિક દેવી પાત્રો ભજવતા નટો **પવિત્ર** જીવન ગાળતા. એમના વિશે આડુંઅવળું જાણવા મળે તો પ્રેક્ષકોને આઘાત લાગતો, કારણ કે મૂર્તિના ધારકે એના ગુણધારક પાત્ર બનવું પડતું (એથી 'અભિનય'નો નવો અર્થ નીકળે?) નટના 'પાત્ર બનવાની પ્રક્રિયામાં પોષાક, મુદ્રાઓ, ટેબ્લો, દૃશ્યરચના, પડદા, સંવાદ, ભાષા, ગીત-સંગીત મહત્ત્વનું સ્થાન ભોગવતાં.

પડદા દ્વિપરિમાણી હોવાથી પાત્ર નજીક જઈને ઊભે તો મહેલને માથું અડકે, પાત્રનો પડછાયો એના પર પડે. એનાથી લોકેશન - **સ્થળ** ઊભું ન થાય. હા, કથા-સંવાદોથી નાટકનો **'સમય'** સમજાય. પાત્રો આદર્શવાદી પોષાકધારી (પૌરાણિક-દેવી) હોય એટલે પ્રેક્ષકોની વિશ્વસનીયતા એમની ભક્તિને લીધે જ ટકે, ગીતોના વન્સમોરે ક્રિયા અટકતાં/દોહરાતાં એ પાત્રો ફરી નટો બની જાય, ટ્રિકસીનથી કુતૂહલ જાગે અને ચમત્કારોમાં અંજાય... ટૂંકમાં, આ રીતે **મૂર્ત-અમૂર્તની રમત** ચાલ્યા કરે...

એમાં આપણે સમજીએ છીએ તેવું વાસ્તવ સર્જવાનો પ્રયત્ન ન હોય; નાટકનાં સમય-સ્થળને અનુરૂપ સંશોધન કરી એ રજૂ કરવાની જાગૃતિ કે જરૂર પણ ન હોય; કથા-પાત્રો વગેરે હોય, ચમત્કારિક સંવાદો જેવા પડદા હોય, નામી નટો અને લોકપ્રિય સંગીત હોય, એને 'વન્સમોર' દોહરાવરાવી એના પર 'અંકુશ' હોવાનો અહમ્ સંતોષાતો હોય તો પ્રેક્ષકો નાટકને ઉપાડી લેતા. એ 'રિપ્રેઝન્ટેશનલ' નાટકો 'પ્રેક્ષકોના સમય'થી જુદાં હતાં, 'જુદો સમય' ઊભો કરી શકતાં, મૂર્તિઓ બની પ્રેરણા/આદર્શ પેદા કરી શકતાં. તેથી અમૂર્તની મૂર્ત તરફથી આ ગતિ જ નાટ્યાત્મક બની રહેતી.

(અનુસંધાન પૃ. ૩૦૩ ઉપર)

લઘુકથા

અક્ષત

દુર્ગેશ ઓઝા

ઈજાગ્રસ્ત મનનના બિછાનાની આસપાસ સ્વજનો સતર્ક બની, ચિંતિત હૃદયે ઘેરો વળીને ઊભાં રહી ગયાં હતાં. જે ક્ષણની રાહ જોવાતી હતી તે હવે આવવામાં જ હતી. સાંત્વના દ્વારા મનનને આઘાતની અસરમાંથી બહાર લાવવાનો પુરુષાર્થ કરવાનો હતો. હા, આ અકસ્માત 'તેના' માટે વધુ પડતો ભયંકર ગણાતો હતો. સ્વજનો વિચારના ધ્રૂજી ઊઠ્યાં. કશુંક ગુમાવી દીધાની જાણ થતાં જ જો મનન ઉશ્કેરાટમાં ચિત્કાર કરી ઊઠે તો એવું પણ બની શકે કે એની જીભ સદાને માટે સિવાઈ જાય, મગજને અસર થાય તો પાગલ થઈ જવાનો ભય પણ ખરો, કોઈપણ અંગ ઝલાઈ જવાની ભીતિ પણ ખરી...

–મનને આંખો ઉઘાડી... બેઠા થવાના ઇરાદા સાથે તે એક હાથનો ટેકો લેવા મથી રહ્યો. પરંતુ... પિતાજી દુઃખ સાથે ભોંઠપ અનુભવતા તેના બરડે હાથ ફેરવી રહ્યા. "મનન... ઈશ્વરનો પાડ માન કે તું બચી ગયો... એની સામે તો 'આ નુકસાન' કંઈ જ ન કહેવાય." કોઈ બોલી ઊઠ્યું.

. એ કંપી ઊઠ્યો... ચીસ પાડવાનું મન થઈ ગયું... પોતે એક હાથ ગુમાવી બેઠો હતો, તે માની શકતો નહોતો. અંગવિહીન અવસ્થાની ભયાનકતા કલ્પીને એણે બીજા હાથ વડે બંને આંખો ઢાંકી દીધી અને અચાનક... બધાં નવાઈમાં ડૂબી ગયાં. એણે અજબ સ્વસ્થતા ધારણ કરી લીધી હતી. એ હસી રહ્યો હતો. એને 'ભૂતકાળ' યાદ આવી ગયો.

હા, પિતાજી ઘણીવાર ગુસ્સે થતા. "મનન... 'ખોટો હાથ' ન વાપર. રહેવા દે આવા ઠાલા પ્રયોગ. જે હાથે લખે છે એ જ હાથે લખ... બંધ કર તારો પ્રયોગ" - ને ત્યારે એ અટકી જતો. પણ રાત્રે જ્યારે બધા જંપી ગયાં હોય ત્યારે એ ફરી 'પ્રયત્ન' કરતો... એ ફરી હસી પડ્યો. વેદના અદૃશ્ય થઈ ગઈ હતી. હા, એ બંને હાથે લખી શકતો હતો. એ 'નખશિખ' લેખક હતો. □

ગોવર્ધન પંચાલ

ગુજરાતની જંગમ નાટ્યવિદ્યાપીઠ

પોતાને 'રંગ પરિવ્રાજક' ગણાવતા શ્રી ગોવર્ધન પંચાલને ગુજરાતની જનતાએ એમની એંસીમી વર્ષગાંઠે રાજ્યનો મંચનકલાનો સર્વોત્તમ એવોર્ડ - પંડિત ઓમકારનાથ એવોર્ડ - આ વરસે ભેટ ધર્યો છે, એમાં શ્રી રાજેન્દ્ર શાહને અર્પણ થયેલા નરસિંહ મહેતા એવોર્ડ જેટલું જ ઔચિત્ય છે.

જન્મ ૧૯૧૩ના જુલાઈની ૨૧મી તારીખે ઉત્તર ગુજરાતના છતિયારડાના નાના ગામમાં. ભણતર મેટ્રિક સુધીનું, પણ બાળપણથી ચિત્રકામમાં રસ એટલે તે દિવસોથી એક સર્વોત્તમ સંસ્થા કલકત્તાના શાંતિનિકેતનમાં ૧૯૩૭માં શ્રી નંદલાલ બોઝના માર્ગદર્શન હેઠળ ડિપ્લોમા કર્યો, સાથોસાથ ગુરુદેવ ટાગોરની હાજરીમાં નાટ્યને પગ મૂક્યો

પ્રારંભમાં મુંબઈ ભારતીય વિદ્યાભવનમાં નૃત્યનાટિકાઓમાં ભાગ લીધો, એનું દિગ્દર્શન કર્યું, અને ભવન્સ સહિત આઈ.એન.ટી.નાં અનેક નૃત્ય-નાટ્ય-નિર્માણોની સેટ ડિઝાઈન કરી. અત્યાર સુધીમાં રંગભૂમિ, ટીવી વગેરે માટે તેમણે સિત્તેરેક નાટકો, ઓપેરા અને નૃત્યનાટિકાઓનું કલાનિર્દેશન સંભાળ્યું છે.

એમનું આ પ્રદાન તેમને રાષ્ટ્રિય નાટ્ય તાલીમ સંસ્થા - નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા દિલ્હી ખેંચી ગયું, ૧૯૫૯થી '૭૫ સુધી દેશભરના તાલીમાર્થીઓને થીએટર-સ્થાપત્યકલા, સેટડિઝાઈન અને તખ્તાની ટેક્નિકલ શાખાઓની તાલીમ આપી.



નિવૃત્તિ પછી ૧૯૭૫થી ગુજરાત એમની પ્રવૃત્તિનું કેન્દ્ર બન્યું, અમદાવાદમાં સ્થિર થઈ દર્પણ, સપ્તસિંધુ, કોરસ, ગેરેજ સ્ટુડિઓ થીએટર વગેરે સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયા. ૧૯૭૭માં ઇસરો (પીજ) ટીવી માટે 'ધનજી, મકનજી માલજી' (નિર્માતા હસમુખ બારાડી)ની બાવન ભાગની નાટ્યશ્રેણી માટે સેટડિઝાઈન કરી. સંસ્કૃત નાટ્યશાસ્ત્ર અને નાટકો પરની અપાર પ્રીતિ અને અભ્યાસને લીધે તેમણે સંસ્કૃત નાટકોની ભજવણી તરફ ધ્યાન આપ્યું. એનું પ્રથમ ફળ તે ૧૯૮૮મા ૭૭ વર્ષની ઉંમરે 'ગુર્જર સંસ્કૃત રંગમ્' સંસ્થા સ્થાપી, ભાસના 'દૂતવાક્યમ્' અને 'ભગવદ્ અજ્જુકિયમ્'નું સૂત્રસંચાલન કર્યું.

એમના ઉત્તર જીવનનું બીજું પાસું નાટ્ય-સંશોધન છે. શિક્ષણકાળ દરમ્યાન થોડા લેખો થયા જ હતા, પણ નિવૃત્તિનો સમય મળતાં ભરત નાટ્યમંડળ, એમાં થતી ભજવણીનો તેમણે વિગતે અભ્યાસ આદર્યો. જૈફ વય, સફેદ વાળ, લાકડીને ટેકે માંડ ચલાય (અમદાવાદમાં તેમને પગે અકસ્માત નડ્યો હતો) એવા આ સૂકલકડી વિદ્વાન કોઈ સહાયક મળે તો ઠીક, નહીં તો એકલા છેક દક્ષિણ ભારતમાં દૂરદૂરના ભાગોમાં મંદિરોમાં ઘૂમે, ગળે લટકતા કૅમેરામાં તસ્વીરો ઝીલે, રેખાંકનો દોરે, પુસ્તકાલયો ફંફોસે, મળે તે ખાય, મળે તે વાહનમાં પ્રવાસ કરે, લખેલું ટાઈપ કરાવવા સીધાં પગથિયાંવાળા બે માળ ચડે. (આપણા દેશમાં જુનિયર એક્ઝીક્યુટિવને સવલતો મળે, વિદ્વાનોને નહીં !)

એમનો દળદાર અભ્યાસગ્રંથ 'કુતમપલમ્ અને કુડિયાટ્ટમ્' કેન્દ્રીય સંગીત નાટક અકાદમીએ પ્રસિદ્ધ કર્યો. 'ભારતનાં નાટ્યમંડપો અને નાટ્યપ્રસ્તુતિ' અંગેનો એવો બીજો દળદાર ગ્રંથ પ્રકટ થવાની તૈયારીમાં છે.

આ વિદ્વાને ગુજરાતના પારંપરિક (લોક)નાટ્ય ભવાઈના આહાર્ય (વેશભૂષા, રંગભૂષા, પ્રોપર્ટિ)નો વિશેષ અભ્યાસ કરી એક પુસ્તિકા કરી છે. તેમનું અંતિમ સંશોધન કહે છે કે અસાઈત ઠાકર પહેલાંય ગુજરાતમાં ભવાઈ હતી.

મુંબઈનાં નાટકોની સાંપ્રત હલકી વેપારી વૃત્તિ સામે આંગળી ચીંધવાની હોય, રાજ્યના પ્રમાણપત્ર બોર્ડના અસ્તિત્વની અસંગતતા તરફ લાલ આંખ કરવાની હોય કે સામાજિક પ્રશ્ને કંઈ ધ્યાન દોરવાનું હોય તો ય આ રંગપરિવ્રાજક રંગકર્મીઓની મોખરે હોય !

સેટડિઝાઈન, દિગ્દર્શન, લેખન, અભ્યાસ, સંશોધન, પ્રવચનો વગેરેથી અમદાવાદના સાંસ્કૃતિક જીવનમાં (માત્ર આ એવોર્ડને લીધે જ નહીં) સ્વ. ચંદ્રવદન મહેતા અને સ્વ. જશવંત ઠાકર પછી ગોવર્ધનદાદા આજે ભીષ્મપિતાની જેમ પલાંઠી લગાવીને બેઠા છે.

અત્યારે 'દાદા' શું કરે છે ? 'ગુજરાત નાટ્ય સંશોધનન કેન્દ્ર' ટ્રસ્ટનું આયોજન, 'ગુર્જર સંસ્કૃત રંગમ્' દ્વારા સંસ્કૃતમાં 'પ્રબુદ્ધ રૌહિણેય' નાટ્ય-પ્રસ્તુતિની તૈયારી, નવા અભ્યાસગ્રંથનું લેખન અને એ માટે ફરી ભારત પ્રવાસની તૈયારી... દાદા ગુજરાત (અને એમ તો ભારતની) જંગમ નાટ્યવિદ્યાપીઠ છે...

- હસમુખ બારાડી

અનુસંધાન] નાટ્યાનુભાવન [પૃ. ૩૦૨ પરથી

આ આખી પ્રક્રિયા અને આપણી પરંપરાગત ભવાઈનાં પૌરાણિક પાત્રો, શિલ્પમાંના ટેબ્લો, ચિત્રોનાં કમ્પોઝિશન્સ, પ્રશિષ્ટ નૃત્યોમાં ઊભાં થતાં દૃશ્યો વગેરે એકસાથે કોઈએ તપાસવાં જોઈએ. (ભલે એ વખતે કદાચ કોઈએ સીધી રીતે એ પ્રકારની તપાસને અંતે 'જૂની'માં જે કર્યું તે ન કર્યું હોય તો ય), આવી તપાસ, આ સદીનાં પચાસ વરસ પહેલાંથી શરૂ થયેલી રંગભૂમિ આ સદીમાંય બીજાં પચાસ વરસ સુધી ટકી, એમાં આ આખા સૈકાની આપણી પ્રજા-સંસ્કૃતિ અને સૌંદર્ય દૃષ્ટિનોયે પરિચય જિજ્ઞાસુને મળી શકે. એને સમયાન્તરે, આપણું તત્કાલીન સાહિત્ય અને જીવન પણ તપાસી શકાય.

૧૮-૭-૯૩

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

ઈમર્જન્સી વ્યાપ

તા. ૧૨-૮-૭૬. ઈન્દિરા ગાંધીએ જાહેર કરેલી રાષ્ટ્રિય કટોકટી નીચે ગુજરાતમાં રાજકીય ધરપકડો વ્યાપક રૂપમાં થઈ લાગે છે. 'લાગે છે' એટલા માટે કે છાપામાં તો કાંઈ આવે નહિ, પણ ઠેઠ અમારી સોસાયટી સુધી ધરપકડ પહોંચી એટલે વ્યાપક હશે એમ લાગે છે.

આ શનિવાર તા. ૧૪મીએ વિદ્યાનગરની આર્ટ્સ કોલેજમાં શિક્ષકોનો એક સેમિનાર છે. વિષય છે 'શિક્ષણની પ્રક્રિયામાં વિદ્યાર્થીની ભાગીદારી - શિક્ષકનું વર્તન.' હું ત્યાં જવાનો છું એટલે ત્યાંથી પત્ર આવ્યો કે ઉમાશંકર જોશીને પણ આમંત્રણ આપ્યું છે એટલે તેમને પણ તમારી સાથે મોટરમાં લેતા આવશો. આ,ઉપરથી મેં ઉ. જોશીને ફોન કર્યો. તેમને આમંત્રણ તો હજુ મળ્યું નહોતું. છતાં તેમણે તરત જ કહી દીધું કે તેઓ વિદ્યાનગર આવશે નહિ. ફોન ઉપર મેં ત્રણચાર વાર ૧૪મીએ અન્ય કોઈ રોકાણને લીધે નહિ આવી શકે કે શું તે જાણવા પ્રયત્ન કર્યો, પણ તેમણે વાતને બીજે રસ્તે જ ચડાવી. વચ્ચે તો તેમની કાવ્યમય ભાષામાં કહ્યું, 'એક વાર તમારી સાથે મોટરમાં આવતા વિકસતા વિશ્વ વિષેની જાણકારી મેળવી હતી એટલે મને થાય છે તમારી સાથે વિદ્યાનગર તો આવું, ત્યાં ઝાડ પાછળ સંતાઈને બેસી રહું અને વળતાં પાછો તમારી સાથે આવી જાઉં'. (!!) મને લાગે છે (ફરી પાછું 'લાગે છે') કે સરકારે ઉ. જોશી ઉપર વિદ્યાર્થીઓ કે એવી અન્ય સભાઓમાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂક્યો હશે અને આ પ્રતિબંધોની એક વિશેષતા છે કે, તમારી પર આવો પ્રતિબંધ મૂક્યો છે, એમ જાહેર કરવા પર પણ પ્રતિબંધ હોય છે. એટલે પછી વિદ્યાનગર જઈ 'ઝાડ પાછળ સંતાઈને બેસી રહું' એમ જ કહી શકાય ને ?

છેલ્લાં બેત્રણ વર્ષમાં ઉમાશંકર જોશી પક્ષીય રાજકારણમાં પડ્યા હતા અને ઈન્દિરા વિરોધી પક્ષોનું જોડાણ બનાવવામાં સક્રિય હતા તેથી આ બન્યું હોવાનો સંભવ છે. પણ તે તો જેટલા ઈન્દિરાવિરોધી છે તેથી સવાયા મોરારજીવિરોધી છે અને વિરોધ પક્ષોના જોડાણ વખતે મોરારજી સામે જાહેરમાં બાખડ્યા હતા. તેથી જ કદાચ તેમની ધરપકડ નહીં થઈ હોય અને ફક્ત આવો પ્રતિબંધ મૂક્યો હશે એમ 'લાગે છે.'

અરે લલવા....

તા. ૨૩-૯-૭૬. દિલ્હી, લખનૌ અને કાનપુરની યાત્રા કરી આવ્યો. ભારતનાં સઘળાં રાજ્યોમાં ઉત્તરપ્રદેશ જુદું તરી આવે. એક તો ઉત્તરપ્રદેશની વસ્તી ૧૦ કરોડ. એટલે કે જો તે સ્વતંત્ર દેશ હોત તો વસ્તીને હિસાબે તેનો દુનિયામાં ૬ઠ્ઠો નંબર આવત. પણ સાક્ષરતાનું પ્રમાણ ખૂબ ઓછું.

મારા ઉત્તર ભારતીય મિત્રો અમદાવાદ આવે ત્યારે ફરિયાદ કરે - 'તમારા અમદાવાદમાં તો બધી પાટિયાં ગુજરાતીમાં, દુકાનનાં, બસનાં, રસ્તાનાં બધાં સાઈન બોર્ડ ગુજરાતીમાં. ગુજરાત આટલું બધું પ્રાન્તીય વલણ ધરાવતું હશે એમ અમે નહોતું ધાર્યું.' શરૂઆતમાં તો હું કાંઈ કહેતો નહિ. મહેમાન છે, બોલે. પણ પછી તો મેં કહેવા માંડ્યું - તમારે ત્યાં ઉ.પ્ર.માં વાંચતા આવડે તેવા પ્રૌઢોનું પ્રમાણ ઓછું છે. મોટાં શહેરોમાં પણ સાક્ષર વસ્તી માંડ ૩૦ ટકા જેટલી હશે. પછી પાટિયાં તો શોભાનાં જ થયાં ને ! તે અંગ્રેજીમાં લખે, હિન્દીમાં લખે કે પછી હિબ્રૂમાં લખે - બધું સરખું જ છે. અહીં ગુજરાતમાં સાક્ષરતા પ્રમાણ વધુ છે. અમદાવાદ જેવાં શહેરોમાં તો પ્રૌઢ વસ્તીનો ૬૫ થી ૭૦ ટકા ભાગ વાંચી જાણે અને પાટિયાં તો વાંચવા માટે છે ને ? પાટિયાં ગુજરાતીમાં છે એ પ્રાન્તીયતાનું વલણ નથી, પણ સમાજમાં પ્રવર્તતી સાક્ષરતાનું પ્રતીક છે.

ઉત્તર પ્રદેશ મોટીમોટી નદીઓનો પ્રદેશ છે. જમીન ખૂબ ફળદ્રુપ, પણ લોર્ડ કોર્નવોલિસ ઈંગ્લન્ડની જમીનમાલિકીની વ્યવસ્થા પ્રમાણે રાજ્યની જમીન જમીનદારોને ફાળવી આપી. કાયદા ઉપર અત્યારે જમીનદારી નાબૂદ થઈ ગણાય છે. પણ તે તો અસ્પૃશ્યતા નાબૂદી જેવું છે. જમીનદારી માનસ તો ઠેરઠેર જોવા મળે.

ગણિતના એક પ્રોફેસર મિત્રને મળવા તેમને ઘેર ગયો. મિત્ર આરામ ખુરશીમાં બેઠાબેઠા મારી સાથે ગણિતની ચર્ચા કરતા હતા. બાજુમાં હુક્કો. હુક્કો ગગડાવતા જાય. હુક્કાના અંગાર ઉપર રાખ જામે એટલે પ્રોફેસર-સાહેબ લલકારે : અરે લલવા, જરા ઈધર આજા તો. લલવો આવે એટલે જરા અગન ઠીક કર દે. પોતાના હાથ જેટલે જ અન્તરે રહેલા હુક્કાની રાખ ખેરવવા મારાથી ૧૦ વર્ષ નાનો આ પ્રોફેસર લલવાને બોલાવે !

ઉત્તર પ્રદેશનું મુખ્ય ઔદ્યોગિક નગર કાનપુર. કાનપુર સ્ટેશનથી આઈ.આઈ.ટી. જવું હોય તો, સાઈકલ રિક્ષા પર ચોરાહે જાવ અને ત્યાંથી ટેમ્પોમાં આઈ.આઈ.ટી. ટેમ્પો વાળો 'આવાટી' ઉચ્ચાર કરે ! સ્ટેશનેથી પગ-રિક્ષામાં બેઠો. થોડીક વારમાં તો રિક્ષા ટ્રાફિક જામમાં ફસાઈ અને કાનપુરનો ટ્રાફિક જામ એટલે ? સાંકડો રસ્તો, માનવચાલિત રિક્ષાઓ, મજૂરો દ્વારા ખેંચાતા ચિક્કાર માલભરેલા હાથ-ઠેલા, ઘોડાગાડી, પણ ટાંગા જેવી નહીં. મોટા પારણા જેવી ગાડી, જેમાં ૧૦ થી ૧૨ માણસ બેસે અને ખેંચનાર ટાયડું ઘોડું. વચ્ચે વળી એક ફિયાટ મોટર. ટ્રાફિક જામમાંચારે દિશામાં મોઢાં હોય તેવી રીતે વાહનો રોકાઈ ગયાં હોય. એટલામાં બે પોલીસ આવ્યા. એક પોલીસે બાજુમાં ઊભેલા એક રાહદારી પાસેની લાકડી લઈ, માલભરેલો ઠેલો ખેંચનાર બે મજૂરોને મંડ્યો ઝૂડવા. લાકડીના ત્રણેક સપાટા પડ્યા હશે ત્યાં સુધીમાં તદ્દન સ્થગિત થયેલો ટ્રાફિક ધીરેધીરે ખસવા લાગ્યો. ઉત્તરપ્રદેશની જમીનદારી સંસ્કૃતિનો આપણા જેવાને તો ખ્યાલ પણ ન આવે !

અબ ના ગાડી ચાલૈ...

તા. ૧૬-૧૨-૭૬. ઈન્ડિયન પીપલ્સ થીએટર એસોસિએશન ઈપ્ટા-(IPTA)ને હમણાં જ ૩૫ વર્ષ પૂરાં થયાં અને અત્યારે તેની ઉજવણી

(અનુસંધાન પાન ૩૧૮ ઉપર)

રોમેન્ટિક કવિઓ

બર્ન્સ અને બ્લેક

ડૉ. મધુસૂદન પારેખ

કવિ વર્ડ્ઝવર્થ, કોલરિજ, શેલી, કીટ્સ વગેરેની રોમેન્ટિક કવિતાના સામ્રાજ્યમાં પ્રવેશીએ તે પહેલાં રોમેન્ટિક કવિતાની નૂતન વર્ષાનાં વધામણાં લાવનારા બે કવિઓની કવિતાનો થોડોક પરિચય કરી લેવો જોઈએ. એમાં એક કવિ છે - રોબર્ટ બર્ન્સ (Robert Burns ૧૭૫૯ થી '૯૬) અને બીજો વિલિયમ બ્લેક (William Blake ૧૭૫૭-૧૮૨૭). સ્કોટલેન્ડના એક ગામડામાં જન્મેલો બર્ન્સ ગરીબ ખેડૂતનો પુત્ર હતો. વિદ્યાપ્રાપ્તિનાં વર્ષોમાં તેને નસીબે તો ખેતરમાં બાપની સાથે મજૂરી લખાઈ હતી. ખેતીએ એમના ભાગ્યને ક્યારેય યારી આપી નહિ. બાપના મૃત્યુ પછી જે ગરીબી વેઠવાની આવી તેને બર્ન્સે 'The half sister of death and the cousin-german of hell' તરીકે ઓળખાવી છે.

બર્ન્સને જે કંઈ થોડોઘણો સમય શાળામાં અભ્યાસ માટે મળ્યો તે દરમ્યાન અને તે પછી અંગ્રેજી સાહિત્યમાં રસ કેળવ્યો હતો, થોડું ફ્રેન્ચ, લેટિન પણ જાણી લીધું હતું અને એના અંતરમાં કવિતાનો સળવળાટ થવા માંડ્યો હતો. સોળ વર્ષની વય પહેલાં તો તેણે ગીતરચના પર કલમ અજમાવી દીધી હતી. અને એ પછી ગીતો તે લખતો જ રહ્યો.

ખેતી તેને ફળી નહિ એટલે તેણે કલમનો આશરો લીધો અને એક પ્રકાશકે તેનો કાવ્યસંગ્રહ પ્રકટ કર્યો, જેણે તેને સાહિત્યવર્ગમાં થોડીઘણી પ્રતિષ્ઠા અપાવી.

બર્ન્સની સાહિત્યકૃતિઓ બહુધા ૧૭૮૯થી ૧૭૯૬ના સમયગાળામાં પ્રકાશિત થઈ છે. એ એના સમકાલીન કવિ-નવલકથાકાર વોલ્ટર સ્કોટના જેમ ભૂતકાલીન સમૃદ્ધિનો અને તેના ગૌરવનો પ્રશંસક હતો. ભૂતકાલીન જીવન અને સાંપ્રત જીવન વચ્ચે તેણે એક વિશિષ્ટ, આધ્યાત્મિક સેતુ રચી આપ્યો. કાવ્યરચના માટે તેણે મહદંશે પ્રકારો પરંપરાગત સ્વીકાર્યા, પણ તેમાં તેણે નવો પ્રાણ રેડ્યો.



રોબર્ટ બર્ન્સ

જૂના બેલડ (Ballad) કાવ્યપ્રકારમાં એની શક્તિ સારી પેઠે ખીલે છે, પણ અંગ્રેજીમાં કવિતા રચતાં તે કોઈ અંગ્રેજી કવિની અસરો ઝીલતો હોય છે ત્યાં તેની કલા પાંખી પડે છે. અઢારમી સદીના કેટલાક સર્જકોએ તેના ઊર્મિલ અભિનિવેશ પર અને તેની બૌદ્ધિક પ્રતિભા પર ઠીકઠીક અસર પાડી છે.

ફ્રેન્ચ ક્રાન્તિનો પ્રભાવ તેના ચિત્ત પર પણ પ્રબળ રીતે પડ્યો હતો, પણ તેનો ઉદ્દામવાદ (Radicalism) કાવ્યાત્મક હતો, રાજકીય નહોતો. બર્ન્સની કવિતામાં રોમેન્ટિસીઝમનાં આંતરિક તત્ત્વો સહેજે વરતાશે. અંગત લાગણીનો પ્રબળ આવેગ, તીવ્ર સંવેદનશીલતા, પ્રકૃતિમાં જીવંત રસ, કલ્પનાની સમૃદ્ધિ, સમાજના નીચલા થરનાં લોક તેમજ પ્રાણીઓ પ્રત્યે પણ અનુકંપા - આ સર્વ લક્ષણો તેની કૃતિઓમાં જણાય છે, પણ માંદલી ઊર્મિઓમાં તેની કલમ રાચતી નથી. ઘોર વિષાદની પળો તેના કવનમાં બહુ થોડી જોવા મળશે.

મનુષ્યમાત્રની સમાનતાનો, માનવીય ગૌરવનો તે પુરસ્કર્તા છે. પ્રકૃતિ અને પ્રેમ વિષયક ગીતોમાં તેની કલમ જે આસાનીથી વિહરે છે તેનો આહલાદ અનેરો છે. એનાં ગીતો સીધાં એના અંગત અનુભવમાંથી વહી આવ્યાં છે. ગ્રામમહિલાઓએ તેને ગીતો માટે સતત પ્રેરણા પૂરી પાડી છે. એ મહિલાઓ ભલે અભણ, અણઘડ હશે, પણ તેનાં પ્રેમગીતો તેમની પ્રેરણાથી રસાળ, આસ્વાદ્ય બન્યાં છે. જેમ કે

Had we never lov'd sae kindly,
Had we never lov'd sae blindly
Never met - or nerver parted
We had ne'er been broken-hearted.

એકાદ પંખી કે ઉંદર વિશે પણ તેની લાગણી અનાયાસે નીતરી રહે છે.

Ilk happing bird, wee helpless thing
That in the merry months of spring
Delighted me to hear thee sing,
What comes o' thee ?
Where wilt thou cower thy chittering wing
And close thy ee?

ગુલાબના ફૂલને જોતાં પણ તેની ઊર્મિ કેવી તો ઉભરાય છે ? પોતાનો પ્રેમ એ રાતા ગુલાબના ફૂલ જેવો અને કદી ન કરમાય તેવો છે_

And I will love thee still, my dear
Till a' the seas gang dry :
Till a' the seas gang dry, my dear,
And the rocks melt wi' the sun :
I will love thee still, my dear
while the sands o' life shall run.

રોમેન્ટિક કવિતાનાં અનેક તત્ત્વો ધારણ કરનારાં બર્ન્સનાં ગીતો અંગ્રેજી કવિતામાં એક નોંધપાત્ર અર્પણરૂપ છે.

વિલિયમ બ્લેક (William Blake ૧૭૭૪-૧૮૧૦)

લંડનમાં જન્મેલો વિલિયમ બ્લેક હોઝિઅરીનો ધંધો કરનાર પિતાનો પુત્ર હતો. બચપણથી જ એ સ્વપ્નદ્દષ્ટા હતો. સ્વાશ્રયથી શિક્ષણ પામેલો એ કાવ્ય અને ચિત્રકલા બંનેમાં કુશળ હતો. બંને એના જીવંત રસના વિષયો હતા. પ્રકાશકોને નક્શીકાર્ય કરી આપીને તેણે આજીવિકા મેળવવા માંડી. એનું એક પુસ્તક 'પોએટિકલ સ્કેચીઝ' (Poetical Sketches) ૧૭૮૩માં મિત્રોની આર્થિક સહાયથી પ્રકાશિત થઈ શક્યું. એ પછી તેના બે સવિશેષ જાણીતા સંગ્રહો 'સૉન્ગ્ઝ ઑફ ઇનોસન્સ' (Songs of Innocence-૧૭૮૯) અને 'સૉન્ગ્ઝ ઑફ એક્સ્પીરિઅન્સ' (Songs of Experience - ૧૭૯૪) પ્રકાશમાં આવ્યા.

બ્લેકની કવિ તરીકેની શક્તિ ક્યાંક કેટલીકવાર વર્ડ્ઝવર્થની કવિપ્રતિભાને પણ આંબી જાય છે. વર્ડ્ઝવર્થમાં હતી તેવી સન્નિષ્ઠા, મરમીની દ્દષ્ટિ અને આત્મનિર્ભયતા, જે કશું પણ ગોપવ્યા વિના સ્વાનુભવને યથાર્થ પ્રકટ કરી શકે, તે હતી. અલબત્ત, એની કોઈ થીઅરિ નહોતી, પણ પોતાના અંતઃકરણને અનુસરીને ચાલનારો એના જેવો સુધારક પણ ભાગ્યે જ કોઈ જોવા મળે. આર્ષદ્દષ્ટા-પેગંબરી વાણીના ઉદ્‌ગાતા તરીકે એનું સામર્થ્ય ક્યારેક વર્ડ્ઝવર્થ કરતાં ચડિયાતું પણ લાગે, તેમ છતાં વર્ડ્ઝવર્થમાં જે સંયમ-સમતુલા (balance) છે તે બ્લેકમાં નથી જ.

બ્લેક એની આત્યંતિક મૌલિકતાને કારણે સામાન્ય જનતાથી અળગો રહી ગયો, એને કવિ તરીકેની કોઈ અધિકૃત સ્વીકૃતિ સાંપડી નહિ. માત્ર એકાદ નાના વર્તુળમાં તેની પ્રતિભા પોંખાઈ, અને તેની કવિતાની મહત્તાની ઝાંખી પણ બહુ થોડાને થઈ શકી. અલબત્ત, એણે પણ કેટલાક સર્જકોની અસરો ઝીલી હતી, તથાપિ વિચારવાની રીતિમાં, કલ્પનાશક્તિમાં, કલારુચિમાં તેની મૌલિકતા સ્વયંસિદ્ધ હતી. એનું ચિત્ત તર્કશાસ્ત્રના નિયમોથી ઊફરું જ ચાલતું હતું, એથી કદાચ એની કટેલીક કાવ્યકૃતિની ભાષા પણ અગમ્ય બની રહી છે.

એનાં કાવ્યોમાં લાગણીનો અનાયાસ ઉત્કટ ઊભરો છે, કશીક આધ્યાત્મિક પ્રતીતિ છે, રહસ્યમયતા છે. એનાં કાવ્યોમાં જાણે કોઈ લાગણીસભર બાળકના આત્માનો ઉત્તેજિત ઉદ્‌ગાર સંભળાય છે, અને એવાં કાવ્યોમાં ભાષાની નરી સરળતા ભાવકને આકર્ષી રહે છે. રોમેન્ટિક-સીઝમનાં ઘણાં લક્ષણો એની આ પ્રકારની ટૂંકી કાવ્યરચનાઓમાં જોઈ શકાય તેમ છે. પછી ભલે કાવ્યનો વિષય પ્રેમ અને સુખનો હોય - જેમ કે 'સૉન્ગ્ઝ ઑફ ઇનોસન્સ'માં; અથવા ઉત્કટ વેદનાનો, વિશ્વ સામે વિદ્રોહનો હોય - જેમ કે 'સૉન્ગ્ઝ ઑફ એક્સ્પીરિઅન્સ'માં. અહીં બાળકની આંખે, એની ઇંદ્રિયો દ્વારા, એના હૃદય દ્વારા વિશ્વનું દર્શન છે. અને એ બાળક માનવના શુદ્ધ, નિર્ભય અને અતિ મુલાયમ અંતઃકરણમાંથી નીપજતા ભાવનું પ્રતીક છે. વિસ્મયભાવ, પ્રકૃતિ વિશેનું તાજગીભરી દ્દષ્ટિએ થયેલું ચિંતન, માનવ અસ્તિત્વમાં રહેલા વૈવિધ્ય પ્રત્યે અપાર અનુકંપા - આ સર્વ રોમેન્ટિક કવિનાં લક્ષણો બ્લેકમાં પ્રતીત થાય છે.

પ્રકૃતિ વિશેનો એનો અનુરાગ એની પાસે આનંદના, સંતોષના ઉદ્‌ગાર કઢાવે છે -

Farewell, green fields and happy groves,
Where flocks have took delight,
Where lambs have nibbed, silent moves
The feet of angels bright,
And joy without ceasing,
On each bud and blossom,
And each sleeping bosom.

'સૉન્ગ્ઝ ઑફ ઇનોસન્સ'માં બાળકનો ભાવ વ્યક્ત કરતા કાવ્યની નીચેની પંક્તિઓ કેવી તો સરળ છે !

'I have no name
I am but two days old'
What Shall I call thee ?
'I happy am
Joy is my name'
'Sweet joy befall thee !'

એ જ કવિ 'સૉન્ગ્ઝ ઑફ એક્સ્પીરિઅન્સ'માં વિષાદનું ચિત્ર પણ કેવું આલેખી શકે છે ?

My Mother groan'd, my father wept,
Into the dangerous world I leapt,
Helpless, naked, piping loud,
Like a fiend hid in a cloud.

સ્વાતંત્ર્યનો પણ તે શેલીના જેવો જ ઉપાસક છે. જુલમગાર રાજવીઓ અને ધર્મગુરુઓ પર તે બરાબર ત્રાટકે છે; અને પોતાનો જ દેશ પણ સ્વાતંત્ર્ય પ્રત્યે ઉપેક્ષા સેવતો દેખાય છે ત્યારે -

But vain the Sword, and vain the Bow,
They never can work War's o'verthrow,
The Hermit's Prayer, the Widow's Tear
Alone can tree the world from fear.

ઉપરોક્ત પંક્તિઓમાં તેની પેગંબરી વાણી પ્રકટે છે. બ્લેક માત્ર વિષાદગ્રસ્ત કવિ નથી. એનો રહસ્યવાદ આનંદયુક્ત છે. He is a joyful mystic. રાત્રિના આકાશના તારાઓનું સંગીત તેને ગમે છે, અને જીવનમાં દુઃખની સાથે સુખની પણ તે પ્રતીતિ કરી શક્યો છે. આથમતા દિવસ માટે તે શોક પ્રકટ નથી કરતો; અનિષ્ટો તેનામાં આક્રોશ પેદા કરે છે, રુદન નહિ -

Joy and woe are woven fine,
A Clothing for the soul divine,
Under every grief and pine,
Runs a joy with silken twine.
It is right it should be so:
Man was made for joy and woe:
And, when this we rightly know,
Safely through the world we go.

બર્ન્સ અને બ્લેક ભલે પૂરા રોમેન્ટિક કવિ વર્ડ્ઝવર્થ-શેલીની કક્ષાના નથી, તેમ છતાં એ કવિઓની કવિતાના પ્રાકટ્યપૂર્વે આ બંનેએ ભલે આછી પણ પ્રસન્નકર રોમેન્ટિક કવિતાની વર્ષા કરીને વાતાવરણની જમાવટ કરી છે. □

કલાવાર્તા

મારી કોલાજકળા

અમૃતલાલ વેગડ

હું ચિત્રકાર અને લેખક છું. મારી કળા - પછી એ ચિત્રકળા હોય કે લેખનકળા - એનો એક જ વિષય છે: નર્મદા મારા માટે સૌંદર્યની નદી છે. નર્મદાસૌંદર્યનું આકંઠ પાન કરવા માટે મેં નર્મદાના કાંઠે કાંઠે ૧૮૦૦ કિ.મી.ની કઠણ પદયાત્રા કરી છે. એ પ્રવાસનું વર્ણન હિંદીમાં सौंदर्य की नदी नर्मदा નામથી પ્રસિદ્ધ થયું છે અને ગુજરાતીમાં પ્રસિદ્ધ થવાનું છે.

એ યાત્રામાં મેં અનેક સ્કેચ કરેલા. ઘેર આવીને આ સ્કેચો પરથી મેં અનેક ચિત્રો બનાવ્યાં અને કલકત્તા તથા મુંબઈમાં પ્રદર્શિત કર્યાં. પરંતુ મારાં ચિત્રોનું માધ્યમ નથી જળરંગ કે નથી તૈલરંગ. સારા આર્ટ પેપર પર છપાયેલાં વિદેશી સામયિકોનાં રંગીન પાનાં કાપીને, હું ચિત્રો બનાવું છું. એના વિષે જરા માંડીને કહું :

કળામાં નાવીન્ય આવશ્યક છે. એક જ વસ્તુ માણસને વધુ સમય સુધી આકર્ષિત નથી કરી શકતી. કળાની એક જ શૈલી જ્યારે લાંબા સમય સુધી ચાલે છે, ત્યારે કળા ન રહેતાં કારીગરી થઈ જાય છે. કૃતિઓ યંત્રવત્ થવા લાગે છે. એ જડ અને જર્જર જાળામાં અટવાઈને રહી જાયછે. ત્યારે દર્શક આવી કૃતિઓને જોઈને તંગ આવી જાય છે. એ એમને જૂનવાણી ને ચવાયેલી લાગે છે. એમાંથી એમને કોઈ રસ નથી મળતો. મૃત સૌંદર્ય દર્શકને ક્યાં સુધી આકર્ષી શકશે? ત્યારે એની પ્રતિક્રિયા રૂપે નવી શૈલીનો જન્મ થાય છે.

આપણા સમયમાં તો જીવનની ગતિ હજી વધુ તીવ્ર થઈ ગઈ છે. કળામાં અભિરુચિઓ તેજીથી બદલાઈ રહી છે. એ એટલી તો બદલાઈ ગઈ છે કે હવે કુરૂપતામાં સુંદરતાની ખોજ થવા લાગી છે. ખૂબસૂરત અને બદસૂરત વચ્ચેની સીમારેખા ભૂંસાવા લાગી છે. મોડર્ન આર્ટે તો કળાની પરિભાષા જ બદલી નાખી છે. મોડર્ન આર્ટે કળાને જૂનવાણી ઘરેડના ચિકંજામાંથી છોડાવી છે. એ સારું થયું. પરંતુ સ્વતંત્રતાની સાથે સ્વચ્છંદતા પણ આવે જ છે. મોડર્ન આર્ટ સાથે પણ આ જ થયું. પણ અંતે તો સ્વચ્છંદતાનાં ડહોળાં જળ નીતરીને સ્વચ્છ થઈ જતાં હોય છે.

ચિત્રો મોટે ભાગે જળરંગ અથવા તૈલરંગથી બનતાં હોય છે. પણ આજથી લગભગ પચાસ વર્ષ પહેલાં ફ્રાન્સના કેટલાક કળાકારોએ છાપાંનાં કે સામયિકોનાં પાનાં, રેતી, લોઢું, ઘેરડું અથવા જે મળ્યું એને ચોંટાડીને ચિત્રો બનાવવા શરૂ કર્યાં. આ રીતે બનેલાં ચિત્રોને કોલાજ કહે છે. કોલાજ મૂળે ફ્રેન્ચ શબ્દ છે, જેનો અર્થ છે કંઈ પણ ચોંટાડીને બનાવેલું ચિત્ર.

ફ્રેન્ચ કળાકાર માતિસનાં કોલાજ બહુ પ્રસિદ્ધ છે. એમણે પોતાને માત્ર કાગળ સુધી સીમિત રાખ્યા. એમણે સપાટ રંગોવાળા કાગળોને કાતરથી વિભિન્ન આકારોમાં કાપીને, ચોંટાડીને અદ્‌ભુત નયનરમ્ય કોલાજ બનાવ્યાં.

હું પણ કોલાજ બનાવું છું. મેં પણ મને માત્ર કાગળ સુધી જ સીમિતજ રાખ્યો છે. સાચી વાત તો એ છે કે કાગળ હું એટલી સફાઈથી કાપું છું અને એટલી સાવધાનીથી ચોંટાડું છું કે મારાં કોલાજ ઠીક કોલાજ નથી પણ ચિત્રો જ છે. મેં રંગ ભર્યા નથી, રંગ ચોંટાડ્યા છે, બસ. મારાં કોલાજમાં ચિત્ર અને કોલાજ એકબીજામાં ભળી ગયાં છે, એકરસ થઈ ગયાં છે.

કોલાજોની શરૂઆત મેં સપાટ રંગોવાળા પોસ્ટર પેપરથી કરેલી. પછી મોંઘા વિદેશી સામયિકોનાં રંગીન પાનાંનો ઉપયોગ શરૂ કર્યો. આથી મારાં ચિત્રોના રંગોમાં શેડ્સ અને ટેક્સ્ચરનો નવો આયામ ઉમેરાયો. અનેક વર્ષો સુધી જળરંગોમાં કામ કર્યા બાદ મને લાગ્યું કે મને મારું ખરું માધ્યમ મળી ગયું. સામયિકોનાં રંગીન પૃષ્ઠો મારી કલ્પના-શક્તિને ઉત્તેજિત કરે છે. મને અસ્પષ્ટ પ્રેરણા આપે છે. મારી સાથે રહસ્યમય ઢંગથી વાતો કરે છે.

આ રંગીન પૃષ્ઠો જાણે બીજ છે. હું એનાથી કોલાજ-ચિત્રોની ફસલ ઉગાડું છું.





તાપણું]

અમૃતલાલ વેગડનાં બે કોલાજ


[નદીકાંઠે

રંગોના બદલે પત્રિકાઓનાં રંગીન પાનાંનો ઉપયોગ કરવાથી ચિત્રોમાં નવીનતા આવે છે. આ પાનાં મારાં ચિત્રોમાં એવો તો નવો વેશ ધરે, અથવા એવા તો ઘાટમાં ઢળે, કે જેની મેં કદી કલ્પનાય નહોતી કરી. સર્વથા નવીન રંગ-વિન્યાસ, વિધવિધ રંગ-હિલ્લોળ અને અવનવા ટેક્સ્ચર એના લીધે જ સંભવ થઈ શક્યા છે. એટલે જ મારી આંખો સદા વાંછિત કાગળની ખોજમાં રહે છે. મનમુજબ કાગળ મળી જતાં એટલી ખુશી થાય જાણે જમીનમાં દાટેલો ચરુ મળી ગયો હોય. ક્યારેક એ જોઈને ભારે વિસ્મય પામું છું કે કોઈ ખાસ કાગળ કેવી રીતે બીજા કાગળોને હડસેલીને પોતાની જગ્યા કરી લે અને ટપ દઈને બેસી જાય !

પરંતુ છે આ બહુ ધૈર્યનું કામ. ભવન-નિર્માતા જેમ એકએક ઈંટ જોડીને મંદિરનું નિર્માણ કરે, એમ હું પણ અસંખ્ય કાગળના નાનામોટા ટુકડાઓને ચોંટાડીને આ કોલાજોનું નિર્માણ કરું છું. જોનારને ભાગ્યે જ ખ્યાલ આવશે કે એક કોલાજ વણવા માટે કાગળના કેટલા ટુકડા મેળવી મેળવી મારે વાણા-તાણા કરવા પડે છે. કલ્પના-શક્તિની સાથે નિર્માણ કુશળતાની માંગ કરે છે આ કોલાજ. સેંકડો પત્રિકાઓનાં હજારો પાનાંમાંથી ખપતો કાગળ ગોતવો એ સાગરમાં ડૂબકી મારવા જેવું કપરું કામ છે. આથી કોલાજ બનાવવામાં બહુ સમય લાગે છે. કેટલાંક કોલાજ બહુ સમય લે છે ત્યારે એને પાકવા માટે હું કબાટમાં રાખીને તાળું મારી દઉં છું. ચારછ મહિના પછી ફરી કાઢું અને તરત જ મને એની ત્રુટિઓ દેખાઈ જાય, જે હું પહેલાં નહોતો જોઈ શક્યો.

કોલાજ શરૂ કરવું સહેલું છે, એનું સમાપન અઘરું. આરંભમાં જે પણ કાગળ ચોંટાડશું એ સારો જ લાગવાનો. પણ જેમ જેમ કોલાજ આગળ વધે, તેમતેમ વધુ વિચાર કરવો પડે. પહેલાંથી જે કાગળ લાગ્યા હોય, એમના સૌંદર્યને જરા પણ આંચ ન આવે, ઊલટાનું એમના સૌંદર્યને વધારે, એ રીતે એકએક કાગળ ખૂબ સાવચેતીથી ચૂંટવો પડે છે. આથી કાર્યની ગતિ ધીમી પડી જાય છે. નદી જ્યારે પહાડમાંથી પ્રકટ થાય, ત્યારે એ તેજ ગતિથી દોડે છે. પણ સમુદ્ર નજીક આવતાં એની ચાલ અત્યંત મંદ થઈ જાય. લગભગ આ જ સ્થિતિ અહીં પણ છે.

ક્યારેક હું એક જ ચિત્ર બે વાર તો ક્યારેક ત્રણ કે ચાર વાર બનાવું છું. પણ દર વખતે એને બદલતો રહું છું. આથી દરેકનો મિજાજ જુદો, તાસીર જુદી. એક વાર એક ચિત્રમાં નર્મદાકાંઠેના કાર્તિકી પૂર્ણિમાના મેળે જતા ગ્રામીણોને દર્શાવ્યા. એ સમયે ખૂબ હરિયાળી હોય છે. પછી બીજા ચિત્રમાં આ જ ગ્રામીણોને વૈશાખી પૂર્ણિમાના મેળે જતા બનાવ્યા. ત્યારે હોય છે બળીઝળી ધરતી. આ એક જ ગીતને અલગ-અલગ રાગોમાં ગાવા જેવું છે.



કૂવાકાંઠે · કોલાજ : અમૃતલાલ વેગડ

મારાં કોલાજ સારાં છે કે ખરાબ, આની મેં એક જ કસોટી રાખી છે. જો મારાં કોલાજ જોયાં બાદ દર્શકોને એવું લાગે કે તેઓ જાણે નર્મદા-સ્નાન રીને બહાર નીકળ્યાં હોય, જો એવી તાજગીનો અનુભવ થાય, તો તો મારું ચિત્રો બનાવવું સાર્થક, નહીં તો વ્યર્થ. અને હજી તો મારી કળાયાત્રા ચાલુ છે. બલકે હવે જ તો શરૂ થઈ છે. કળા-અધ્યાપક તરીકે પાંચ વર્ષ થયાં હું પેન્શન પર ઊતરી ગયો છું; કળાકાર તરીકે નહીં. કળાકારનો પહોળો પટ તો મને હવે મળ્યો છે. કળાનો મારગ તો મેં હવે ઝાલ્યો છે. નર્મદામૈયા પાસે એક જ પ્રાર્થના છે : કળા હૃદેમાં રહેજો રે ! □

અતીતમાં અવગાહન

વિટામિન સી

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ધરાવતાં ખાદ્યો : તાજી કાચી કોબી, તાંદળજાની ભાજી, સરગવાની શીંગ, લીલાં મરચાં, લીલા વટાણા, આમળાં, તાજાં લીંબુ, સંતરાં તથા મોસંબીનો રસ, જામફળ, ફણગાવેલાં અનાજ, ટમેટાં, સફરજન, અનનસ, પપૈયું, ચણાના પોપટા વગેરે

વિટામિનની ન્યૂનતાથી થતો કોઈ રોગ સૌપ્રથમ ઓળખાયો હોય તો તે 'સ્કર્વી'. આ રોગ ઉપર વિજય એ પોષણવિજ્ઞાનના રસભર્યા વૃત્તાંતમાં એક સીમાચિન્હ છે.

યુધ્દ અને દુકાળના સમયમાં, તેમજ માત્ર પાઉં અને માંસના ખોરાક ઉપર લાંબી દરિયાઈ સફરો ખેડતા નાવિકોમાં સ્કર્વી રોગ સામાન્ય હતો. અશક્તિ, ચામડી નીચે લોહીનાં ચકામાં, દાંતનાં ફૂલેલાં મસોડાં, એ એનાં સામાન્ય લક્ષણો લોકો ઝટ પારખી શકતા; અને ખોરાક તથા રોગને કંઈક સંબંધ હોવાનું તેમણે અનુમાન બાંધ્યું હતું. દરિયાઈ દાક્તરોને આ રોગ થવાનાં કારણો તથા તેના ઉપાયની શોધ કરતાં, ખાટાં ફળ અને કેટલાંક શાક ખાવાથી એ નિવારી શકાવાનું જાણીતું હતું. ઈ. ૧૭૫૩માં મિ. લિન્ડે આની પુનઃ શોધ કરેલી. ફણગાવેલાં અનાજ ખાવાથી આ રોગ નિવારી શકાયાનું અઢારમી સદીમાં જાણીતું હતું. એ સદીના અંતમાં બ્રિટિશ દરિયાઈ ખાતાએ દરેક જહાજને સફરમાં લીંબુ અને સંતરાં રાખવાનો આદેશ આપ્યો હતો. પણ આ બધું ઓગણીસમી સદીમાં ભુલાઈ ગયું હતું અને રોગનાં કારણોમાં જીવાણુઓનો દોષ ગણાવા લાગ્યો હતો. ત્યાં તો ઈ. ૧૯૧૨માં મિ. હોસ્ટે ગિનીપિગ કરેલા જવ અને દૂધના પ્રયોગોથી ખોરાકના કોઈ દ્રવ્યની ઊણપથી આ રોગ થતો હોવાનું સિધ્દ થયું.

પણ ફળો અને શાકભાજીમાં રોગનિવારણ અસરકર્તા દ્રવ્ય વિટામિન 'સી' છે એ તો છેક હમણાં નક્કી થયું. અમેરિકાની પિટસબર્ગ યુનિવર્સિટીના ચાર્લ્સ કિંગ અને તેના સાથીદારે ૧૯૩૨માં લીંબુમાંથી વિટામીન 'સી' જુદું પાડયું. એ 'સી' વિટામિનની પૂરી કામગીરીનું રહસ્ય તો હજી પણ ઉકેલાયું નથી; માત્ર સ્કર્વી રોગવિરોધી તેના ગુણ દર્શાવવા તેનું નામ અસ્કૉર્બિક એસિડ પાડવામાં આવ્યું.

કેટલાંક વિટામિનો અનેક રૂપમાં હોય છે, જ્યારે વિટામિન 'સી' એક જ રૂપમાં છે. તેને ફળમાંથી છૂટું પાડયું હોય કે તે કૃત્રિમ બનાવ્યું હોય, પણ તે એક જ રાસાયણિક દ્રવ્ય છે. પ્રાણીઓ અને વનસ્પતિમાં વિટામિન 'સી' છે તો પુષ્કળ પ્રમાણમાં, પણ તે અવ્યવસ્થિત રીતે. તાજાં ફળ અને શાકભાજીમાં તે છે, પણ તેની જરૂર જૂજ પ્રાણીઓને પડે છે. માનવ, વાંદરાં અને ગિનીપિગને તે બહારથી મેળવવું પડે છે, જ્યારે બીજાં પ્રાણીઓ પોતપોતાનું બનાવી લે છે.

વિટામિન 'સી'નાં બે ઘટકો છે: સ્કર્વી-વિરોધી 'સી-૧' અને ચેપવિરોધી 'સી-૨'. વિવિધ ઝેરોથી - ખાસ કરીને ક્ષયના ઝેરથી શરીરને નિર્વિષ કરવામાં વિટામિન 'સી' સહાય કરે છે. તેનાથી લોહીનું યોગ્ય બંધારણ જળવાઈ રહે છે ને લોહીની નળીઓ મજબૂત બને છે. બાકી તેની ઊણપથી કેશવાહિનીઓનાં સિમેન્ટ દ્રવ્યોને સંયોજક તંતુઓનાં કોલોજન, પ્રમાણ તેમજ તાકાતમાં ઘટે છે જેથી કેશવાહિની તકલાદી બને છે અને તેમાંથી ઝમતું લોહી ચામડી ઉપર ચકામાં દેખાડે છે. શરીર પર ઘા પડે તો તે રૂઝાતા નથી અને ભાંગેલ હાડકાં સંધાતાં નથી. વિટામિન 'સી' લોહીની બનાવટમાં સહાયભૂત હોઈ રક્તક્ષય નિવારક છે. હાકડાં અને દાંતના બંધારણમાં બીજાં વિટામિનોને 'સી' વિટામિન સહાયક છે. વળી કેટલીક દવાઓ માફક ન આવતી હોય એવી સ્થિતિમાં અને પ્રતિકણો પેદા થવામાં પણ વિટામિન 'સી'નો હિસ્સો છે. શરીરમાં વિશાળ કામગીરી બજાવતાં બચી રહેલું વધારાનું વિટામિન 'સી' પેશાબ વાટે નીકળી જાય છે.

શરીરમાં વિટામિન 'સી'નો મુખ્ય સંઘરો મૂત્રપિંડો ઉપર આવેલી એડ્રેનલ ગ્રંથિઓમાં થાય છે, જે એની ઊણપ સમયે કદમાં વધે છે. આયોડિનની ઊણપ સમયે ગળામાંની થાઈરોઈડ ગ્રંથિ નથી વધતી ? મેકકૅરિસન લખે છે : 'પ્રોટીનો તેમ જ 'એ' અને 'બી' વિટામિનોની જેમ વિટામિન 'સી' પણ પોતાની આગવી રીતે ચેપ-વિરોધી છે.' હચિન્સનનું કથન છે કે હોજરી અને આંતરડી (ગેસ્ટ્રિક અને ડ્યુઓડ્યુનલ અલ્સર)નાં ચાંદાંના મોટા ભાગના રોગીઓ વિટામિન 'સી'ની ન્યૂનતાવાળા હોય છે.

લીલોતરી શાક અને ભાજી તાજાં ફળ - (કોઈ વધારે તો કોઈ ઓછાં પ્રમાણમાં) વિટામિન 'સી'નાં ધારક છે. પણ તેનું શ્રેષ્ઠ ધારક તો આમળાં છે. કદના પ્રમાણમાં એક કે બે સંતરાંના જેટલું વિટામિન 'સી' એક આમળામાં રહેલું છે. એના તાજા રસમાં સંતરાના રસ કરતાં વીસગણું વિટામિન 'સી' છે. એમાં એવાં ઘટકો છે કે જે ગરમી અને સુકારા (હીટ એન્ડ ડ્રાયિંગ)માં પણ વિટામિન 'સી'ને જાળવી રાખે છે. આપણે ત્યાં તો રસ્તામાં મળતાં આમળાં જાન્યુઆરીથી એપ્રિલ સુધી લીલાં મળે છે : તે બાદ સૂકવીને કે બીજી રીતે તે વાપરી શકાય છે. મુરબ્બામાં પણ તેનું વિટામિન 'સી' જળવાઈ રહે છે.

આમળાં પછી તેનાં શ્રેષ્ઠ ધારકો લાલ જામફળ અને કાજુ છે. એ પછી ખાટાં ફળ અને પાંદડાંવાળી ભાજીનું સ્થાન છે. ફળના કદને વિટામિન 'સી'ના પ્રમાણ સાથે સંબંધ છે. મોટાં ટમેટાંમાં ઓછું વિટામિન 'સી' હોય છે. એક જ વાડીમાં થયેલી કોબિજના મોટા કરતાં નાના દડામાં વધારે વિટામિન 'સી' હોય છે. શાકભાજી અને ફળોમાં ઋતુ, વૃદ્ધિ વખતનું હવામાન અને પાકવાની સ્થિતિ વગેરે બાબતો પણ વિટામિન 'સી'ના પ્રમાણ ઉપર અસર કરે છે. મેકકૅરિસન વિટામિન 'સી'નાં ફળો અને શાકની યાદી આ પ્રમાણે આપે છે :

શ્રેષ્ઠ ધારકો : તાજી કાચી કોબિજ, તાંદળજાની ભાજી, સરગવાની શીંગ, લીલાં મરચાં, લીલા વટાણા, ગાજરનાં પાન, તાજાં લીંબુ, સંતરાં તથા મોસંબીનો રસ, ગ્રેઈપ ફ્રુટ અને જામફળ.

મધ્યમ ધારકો : ફણગાવેલાં અનાજ, સલાડની ભાજી, ટમેટાં, સફરજન, અનનસ, પપૈયું, પોપટા (ચણાના), પાલખ અને બટાટા.

કનિષ્ઠ ધારકો : દૂધ, માંસ, ક્લેજી, કંદમૂળ, દ્રાક્ષ, કોળું, તરબૂચ, પરવળ, રાંધેલાં શાક.

શૂક અને શિંબી ધાન્યો, સૂકાં ફળ તથા મેવો, ઘી ને તેલ તથા મધ, ખાંડ ને ગોળમાં બિલકુલ વિટામિન 'સી' નથી.

એક ઔંસ લીંબુ કે સંતરાના રસમાં અને કોબિજનાં કાચાં પાંદડાંમાં સમાએલા વિટામિન 'સી' જેટલું પ્રમાણ મેળવવા સારું ત્રણથી ચાર પિન્ટ દૂધ કે બે રતલ દ્રાક્ષ, આશરે એક રતલ ગાજર કે અરધો રતલ કેળાં ખાવાં જોઈએ !

માંસાહારમાં ક્લેજામાં વિટામિન 'સી' રહેલું છે. શૂકને શિંબી ધાન્યોમાં વિટામિન 'સી' નથી, પણ તેમને ફણગાવવાથી તે પ્રાપ્ત થાય છે. ફણગાવેલા ધાન્યમાં ૮૫ ટકા અને તેના ફણગામાં ૧૫ ટકા

વિટામિન 'સી' હોય છે. તદુપરાંત તેમાં 'એ' અને 'બી' વિટામિનો પણ હોય છે. ચણા કરતાં મગમાં ત્રણ ગણું વધારે વિટામિન 'સી' હોય છે. ફણગાવેલું ધાન કાં તો કાચું કે થોડી મિનિટોમાં અગ્નિમાં રાંધીને ખાવાનું છે. ઉનાળામાં જ્યારે લીલોતરી શાકભાજીની અછત હોય ત્યારે વિટામિન 'સી' માટે ફણગાવેલાં કઠોળ ખાવાં હિતાવહ છે. સૂકવેલાં ફળ અને શાકમાં મૂળ કરતાં ૬૫ થી ૮૦ ટકા વિટામિન 'સી' રહ્યું હોય છે.

તાજાં શાક અને ફળો ખાધા બાદ પ્રાણીઓનાં શરીરમાં શોષાએલું વિટામિન 'સી' લોહી અને કલેજામાં જાય છે; માંસમાં તે બહુ નથી હોતું. તાજું લીલું ઘાસ અને પાન ખાનાર ઢોર કરતાં સૂકું ઘાસ ખાનાર ઢોરના દૂધમાં વિટામિન 'સી' ઓછું હોય છે.

આપણા માટે પૂરતા વિટામિન 'સી' મેળવવાનું સાધન તાજાં શાકભાજી અને ફળો છે.પણ તે વાડીમાંથી આણ્યાં બાદ જેટલાં વહેલાં ખવાય એટલું વધારે વિટામિન 'સી' મળે છે. તેને સમાર્યા બાદ ચૂંટાએલી ને કપાએલી ધારોને હવા લાગવાથી વિટામિન 'સી'નું પ્રમાણ ઘટે છે. ઢગલાબંધ સંઘરાએલા બટાટામાંથી પણ તે થોડું ઘટે છે.

શાક કે ફળ કાપવાથી વિટામિન 'સી' થોડી વાર બાદ ઘટે છે, પણ તેને છીણવાથી તો તે પાંચ મિનિટમાં ઘણું નાશ પામે છે. ધારદાર ચપ્પુ વતી કાપવાથી ત્રણ કલાક બાદ થોડું નાશ પામે છે, જ્યારે બુઠ્ઠા ચપ્પુથી વહેલો નાશ થાય છે. આખી રાત રાખી મૂકેલા છોલેલા બટાટામાંથી વિટામિન 'સી' નાશ પામતું નથી. વળી છાલ સહિત બાફેલા બટાટામાં પણ તે મોટા ભાગનું જળવાઈ રહે છે.

બધાં વિટામિનોમાં જલદી નાશ પામનાર પણ આ જ વિટામિન છે. સાધારણ રાંધવામાં પણ તેના ૬૦ ટકા નાશ પામે છે. શાક બાફવાના પાણીમાં સોડા નાખવાથી પણ તેનો જલદી નાશ થાય છે. તે નાશ ન પામે એ રીતે શાક અને ફળ રાંધવાની એક રીત આ રહી : તપેલીમાં થોડું પાણી ઉકાળી, ધારદાર ચપ્પુ વતી સમારેલું શાક એમાં નાખવું. અને ઢાંકણું ચપોચપ બંધ કરી પાણી અને વરાળથી દસેક મિનિટ ચઢવા દેવું. તપેલીમાં તે ચોંટે કે બળે નહીં તેનું બરાબર ધ્યાન રાખવું. શાકને ગરમ રાખવાથી કે ખાતી વખતે બીજી વાર ગરમ કરવાથી તેમાં રહેલા વિટામિન 'સી'ના પંદર મિનિટમાં પચીસ ટકા અને દોઢ કલાકમાં તો પોણોસો ટકા નાશ પામે છે!

શાક જ્યારે કપાય, છિણાય કે રંધાય ત્યારે વિટામિન 'સી' સાથે રહેલા એક આથવણથી તેનો નાશ થાય છે. આ અટકાવવા માટે રાંધતી વખતે શાકને ઠંડા પાણીમાં નહીં પણ ગરમ પાણીમાં નાખવું. ઊકળતા પાણીથી પેલા આથવણનો નાશ થઈને વિટામિન 'સી'નો નાશ થતો ઘટે છે. વળી, વિટામિન 'સી' પાણીમાં દ્રાવ્ય છે. એટલે આપણામાં શાક સમાર્યા બાદ તેમાંનો કચરો ધોવાનો યા તે કાળું ના પડે કે ચીમળાઈ ના જાય તે માટે તેને પાણીમાં પલાળી રાખીને તે પાણી ફેંકી દેવાનો જે સામાન્ય રિવાજ છે એથી પાણીમાં દ્રવેલું વિટામિન પણ બહાર ફેંકાઈ જાય છે. શાકને બરાબર ધોઈને પછી સમારી તરત જ બાફવા કે વઘારવામાં આવે તો તેને પાણીમાં પલાળી રાખવાનું રહેતું નથી. વળી શાક ચડતી વખતે નાખેલા પાણીનો રસો પણ નાખી ન દેતાં તેને દાળ કે ભાતમાં નાખવાથી તેમાંનાં જલદ્રાવ્ય વિટામિનનો લાભ મળે છે.

શાકનાં મૂળ, ડાળી, પાંદડાં વગેરે બધાં જ વિટામિન 'સી'નાં ધારક છે. વળી શાક તાજું હોય તો જ તેનો લાભ મળે છે; વાસી અને સૂકાં શાકમાં તેનો નાશ થયો હોય છે. દહીં, આમલી, લીંબુ વગેરેની ખટાશથી વિટામિન 'સી'નું રક્ષણ થતું હોવાથી ખાટા ખોરાકોમાં તે રહે છે. લાંબો વખત અગ્નિ ઉપર રાંધવાથી અને રાંધ્યા બાદ મોડાં ખાવાના કારણે શાકમાંથી વિટામિન 'સી'નો નાશ થતો હોવાથી કોબિજ, ગાજર વગેરે કાચાં ખાવાથી તેનો લાભ સારો મળે છે.

વિટામિન 'સી'નું ઇષ્ટતમ (ઑપ્ટિમમ) પ્રમાણ ચોક્કસ જાણી શકાયું નથી. રીસર્ચ કાઉન્સિલની ભલામણ પ્રમાણે બાળકો માટે ૩૦ મિલિગ્રામ, પાંચ વર્ષની ઉંમર સુધીનાં માટે ૫૦, દસ વર્ષની ઉંમર માટે ૭૫, વીસ વર્ષની ઉંમર ૧૦૦, પુખ્તવયના સ્ત્રી પુરુષ માટે ૭૫, સગર્ભા સ્ત્રી માટે ૧૦૦ અને ધાત્રી માટે ૧૫૦ મિલિગ્રામ જરૂરી છે.

હોટેલને લૉજમાં તેમજ સવારના રાંધેલા શાકને સાંજે ગરમ કરી ખાનારને પોષણમાં વિટામિન 'સી'ની ન્યૂનતા રહે છે. વળી બનાવટી દાંતવાળા કે પેટમાં વાયુને લીધે શાક ને ફળ ન ખાઈ શકતા પ્રૌઢોને વિટામિન 'સી'ની ઊણપનાં લક્ષણોમાં મોંઢામાં ચાંદાં અને ચામડી પર લોહીના ચકામાં થઈ આવે છે, જે લીંબુ કે સંતરાનો રસ પીવાથી મટે છે.

નવજાત શિશુને પાંચ માસ સુધી ચાલે એટલો એસ્કોર્બિક એસિડનો જથ્થો શરીરમાં હોય છે. ધાવણા બાળકને તે ધાવણમાંથી મળી રહે છે. પણ ધાવણ છોડ્યા બાદ બાળકને ખોરાકમાંથી જો તે ન મળે તો ત્રણ મહિનામાં તેની ન્યૂનતાનાં ચિહ્નો દેખા દે છે. વૃદ્ધિ પામતાં હાડકાંમાં એનાં ખાસ ચિહ્નો દેખાય છે. હાથ કરતાં પગનાં હાડકાંના સાંધાઓની પોચી પેશીઓ સોજાઈને પીડાકારી બને છે. પાંસળીઓના આગલા છેડા સોજાઈ આળા બને છે. તેનું ચાલવું ને બેસવું વેદનાભર્યું બને છે. પગ હલાવવામાં થતી વેદના ટાળવા શિશુ પીઠ ઉપર સૂતું પડી રહે છે. તેને ઊંચકતાં કે તેની પાસે જતાં વેદનાની બીકને લીધે તે રડે છે. દાંત આવ્યા હોય તો તેનાં અવાળાંમાંથી લોહી પડે છે. માટે ધાવણ છોડ્યા બાદ બાળકને દૂધ આપવાના સમયની વચ્ચેવચ્ચે ટમેટાં કે મોસંબીનો રસ કે શાકનો રસો આપવો જોઈએ. મોટી ઉંમરનાં બાળકોને તાજાં ફળ અને શાક ખાતાં ટેવાવવાનાં છે.

મોટેરાંમાં આ વિટામિનની ન્યૂનતાનું સૌ પ્રથમ ચિહ્ન શરીરના અમુક ભાગની ચામડી જાડી થવાનું છે. આ પછી ફૂલેલાં ને કાળાં પડેલાં અવાળાંમાંથી લોહી પડે છે. કોઈ પણ ઈજા થયા વગર થાપા અને પગની ચામડીમાં લોહી જામે છે. મજૂરો, સૈનિકો અને જેમને સતત ઊભવાનું કે ચાલવાનું છે તેવા લોકોની માંસપેશીઓનો વધુ વપરાશ થવાથી તેમના પગ કઠણ અને સોજાયા હોય એવા લાગે છે. આવે વખતે ચામડીમાં પડેલા ઘા તેમાં રૂઝનાં વાર લાગે છે; જૂના ઘા ઊખળે છે; ખીલ થતા હોય એમને તેમાં વધારો થાય છે. પછી દાંતનાં અવાળાં ફૂલે છે, એમાં કળતર થાય છે. તેમાં જલદી ચેપ લાગે છે, દાંત ઢીલા પડે છે.

હલનચલન વખતે સાંધાઓમાં પારજિનાનું કળતર થાય છે. આ સ્થિતિ જિન્જિવાઈટિસ કહેવાય છે. આ બધાં ઉગ્ર સ્કર્વીનાં લક્ષણો છે. પણ તે અગાઉ નરમ તબિયતનાં ચિહ્નોમાં આટલું હોય છે : ભૂખનાશ, રક્તક્ષય, મોં પર ફિક્કાશ, હાંફ, આળસ, વજનનો ઘટાડો, અગર વજન ના વધવું, પોચાં અવાળાં, ખરાબ દાંત અને દુર્ગંધભર્યો ઉચ્છ્વાસ. ડૉ. મિલ્ડ્રેડ મેક્કાઈ કેથાન તો મોતિયા અને ચામડીના બદલાતા વર્ણ સાથે પણ વિટામિન 'સી'નો સંબંધ હોવાનું જણાવે છે.

શારીરિક અને બાયોકેમિકલ કારણોસર વિટામિન 'સી'નું રોજિંદુ પ્રમાણ બહુ થોડું કે ઘણું વધારે પણ ન હોવું જોઈએ, પરંતુ ઇષ્ટ પ્રમાણમાં તો તે જોઈએ જ. આમ થાય તો જ યોગ્ય પોષણ મળ્યું ગણાય. એટલે યોગ્ય પોષણ માટે યથોચિત આહારની પસંદગી થવી જોઈએ.

(સમગ્ર અંક [illegible]માંથી)

સાહિત્યશોપડું

સાહિત્યિક સંજ્ઞાઓ

હ્યુમર (Humour) : રમૂજ, નર્મ

ડૉ. દિગીશ મહેતા

ગુજરાતીમાં લગભગ સ્વીકારાઈ ગયેલો આ શબ્દ જ્યારે વિવેચનની પરિપાટીમાં વપરાય છે ત્યારે પરિભાષા-માત્રની મુશ્કેલીઓનું જાણે ઉદાહરણ બની જાય છે.

હ્યુમર એટલે રમૂજ, અને સેન્સ ઓફ હ્યુમર એટલે રમૂજવૃત્તિ. આટલી બાબત વિષે તો આપણે સાવ સ્પષ્ટ છીએ. વળી, એ પણ જાણીએ છીએ કે હ્યુમર એટલે ટીખળ કે મજાક-મશ્કરી કે જોક્સ કે રમૂજી ટુચકા નહીં, જો કે 'જોક' (joke) શબ્દ પણ મૂળ અંગ્રેજી સંદર્ભમાં તો ગહેરો છે, અને એ પણ એમ્પસન જેવા ધ્વનિવાદી વિવેચક બહુ સંકુલ રીતે વાપરતા દેખાય છે.

એમ સામાન્ય સમજ જરૂર પ્રવર્તે છે કે હ્યુમર એ ઊંડી નર્મવૃત્તિ છે, એમાં બહોળી ઉદારતા છે, મોકળાશ છે, સંકોચન નથી, ડંખ નથી એ સૂક્ષ્મ છે. મજા કરાવે છે, જરા હસાવે છે, પણ કંઈક બુદ્ધિને પણ સંડોવે છે, સાથે લાગણીને, સાથે જીવનના આપણા અનુભવને. એટલે હજુ પણ અંગ્રેજી સંજ્ઞાઓની આંગળી પકડીને જ ચાલવું હોય તો તે શાબ્દિક ચાપલ્યની શ્રેણીથી એટલે કે 'વિટ'થી જુદું છે, કટાક્ષ એટલે કે 'આયરનિ'થી જુદું છે અને છેલ્લે, હ્યુમર એ સાહિત્યમાં જરૂર હોય, પણ હ્યુમરનો ખરો સ્પર્શ આપણને રોજબરોજના જીવનમાં પણ થાય છે. સાહિત્યમાં જે જોઈએ છીએ તે તો તેનું પ્રતિબિંબ છે.

પણ તકલીફની તકલીફ એ છે કે હ્યુમર માટે ગુજરાતીમાં કોઈ પર્યાય દેખાતો નથી. કોઈકવાર એમ થાય કે ગુજરાતીમાં આ શબ્દ નથી તો મૂળ પદાર્થ પણ નહીં હોય. આમ માની લેવું એ દેખીતી રીતે કોઈ પણ સંદર્ભમાં ભૂલભરેલું છે. રમણભાઈ નીલકંઠના 'ભદ્રંભદ્ર'માં જે છે એ હ્યુમર જ છે, જે ડિકન્સની કોઈ કૃતિમાં છે. પણ પરિભાષાની મર્યાદાને લીધે આપણે રમણભાઈ પરથી ડિકન્સ તરફ જવાને બદલે ડિકન્સ પરથી રમણભાઈને સમજવા પ્રયત્ન કરીએ છીએ. આ આખીય પરિસ્થિતિના પાયામાં સંસ્થાન-પરસ્ત આપણો પ્રજા તરીકેનો ભૂતકાળ છે.

અહીં તો હ્યુમર સંજ્ઞા અંગ્રેજી સંદર્ભમાં અને તે પણ વિવેચનમાં, કેવી કેવી અર્થચ્છાયાઓ સાથે પ્રયોજાતી જોવા મળે છે તે જોઈએ.

ઐતિહાસિક રીતે જોઈએ તો અંગ્રેજી વિવેચનના ઈતિહાસમાં હ્યુમર સંજ્ઞા આરંભમાં, એટલે સોળમી-સત્તરમી સદીમાં જ્યારે અંગ્રેજી સાહિત્યનો એક સ્વતંત્ર સાહિત્ય તરીકે વિકાસ સ્થિર થાય છે, ત્યારે મૂળ આપણે જેને ઉપચારશાસ્ત્ર કે મેડિસિનનું વિજ્ઞાનમાં, તેના સંદર્ભમાંથી વપરાતો જોવા મળે છે. શરીરનું તંત્ર અમુક હ્યુમર્સ એટલે કે અમુક મૂળ દ્રાવણો કે તત્ત્વો કે ધાતુઓથી પ્રભાવિત થતું હોય છે એવી સમજ તે વખતની હતી. જાડી રીતે મૂકીએ તો આપણા વાત, પિત્ત, કફ વગેરે ઘટકો જેવી. આમ, ચાર હ્યુમર્સ હતા : ડિકશનેરી તેની વ્યાખ્યામાં તેમને શરીરનાં ચાર મુખ્ય પ્રવાહીઓ તરીકે ઓળખાવે છે, જે છે : બ્લડ, ફ્લેમ (Phlegm) કોલર (choler) અને મેલેન્કલિ (melancholy). આ શાસ્ત્રમાં આપણે અત્યારે નથી પડતા. પણ આ ચાર પ્રવાહીઓ પ્રમાણે ચાર મિજાજના માણસો થાય છે. કોઈનામાં કોઈ એકનું પ્રભુત્વ હોય, કોઈનામાં કોઈ અન્યનું. પણ માણસોનું, માણસોની પ્રકૃતિનું આમ વર્ગીકરણ, એ દરેક સંસ્કૃતિમાં પહેલાંના સમયથી ચાલ્યો આવતો વ્યાપાર છે. શેક્સપિયરના સમકાલીન અને જરા જુદી જાતની પણ તેને ક્યાંક આંબી જાય તેવી પ્રતિભા ધરાવનાર ઈલિઝબીથન નાટ્યકાર બૅન જૉનસન જો 'એવરી મૅન ઇન હીઝ હ્યુમર' નાટક લખે છે તો તે આ પ્રચલિત માન્યતા પ્રમાણેના શબ્દપ્રયોગના આધારે કે, ભાઈ, અહીં તો દરેક પોતપોતાના મિજાજમાં. કોઈ ગપોડી હોય, બસ બણગાં જ ફૂંકે; કોઈ ઈર્ષાળુ હોય તો બસ ઈર્ષાળુ જ હોય; કોઈ વળી - પણ આ બધો પેલા હ્યુમરના ચલનનો પ્રભાવ છે. જેવો જેનો હ્યુમર.

આને ને આપણે અત્યારે જેને હ્યુમર કહીએ છીએ તેને અર્થના સાતત્ય તરીકે સંબંધ છે જ. પણ હ્યુમર એટલે પેલો કહ્યો તે વિશાળ, બહોળો, ક્વચિત્ એક સમગ્ર દર્શનને ધ્વનિત કરતો, ઊંડો, કલ્પના, બુદ્ધિ, સહાનુભૂતિ-એમ અનેક સ્તરે વિહરતો હાસ્યનો ઉન્મેષ, એ શબ્દપ્રયોગ ઘણોબધો જુદો છે.

બીજી બે-ત્રણ વાતો અહીં કરી લઈએ. એક તો એ કે અંગ્રેજી સંદર્ભમાં હ્યુમર એ પાત્રવિશેષના સંબંધમાં વધારે વપરાય છે. શેક્સપિયર કે ડિકન્સમાં જ્યારે હ્યુમર જોઈએ છીએ ત્યારે તે આ કે તે પાત્રના સંબંધમાં ઊપસી આવતો જણાય છે. જેમકે શેક્સપિયરનો ફૉલસ્ટાફ કે ડિકન્સના પિકવિક એ નામ પડતાંની સાથે જ જે મન પ્રફુલ્લિત થઈ ઊઠે છે તે તેના આ હ્યુમર તત્ત્વને આભારી છે. જેમ પાત્રનો તેમ પરિસ્થિતિનો પણ હ્યુમર હોઈ શકે, પણ એવું જણાય છે કે પરિસ્થિતિનો હ્યુમર એ કોમેડિમાં સવિશેષ ભળે છે. તેને માટે વપરાતી સંજ્ઞા એ 'કૉમિક' છે.

શબ્દકથા

સુદિ-વદિ

સામાન્ય રીતે હિન્દુ મહિનાના પ્રારંભના પંદર દિવસ (અજવાળિયા) માટે 'સુદ' અને પછીના પંદર દિવસ (અંધારિયા) માટે 'વદ' શબ્દ પ્રચલિત છે. મૂળ તો એ સંસ્કૃત 'શુદિ' અને 'વદિ'ના પ્રચલિત રૂપ છે. પણ આ શબ્દો પાછા ખાસ શબ્દનાં સંક્ષિપ્ત રૂપ છે. આના વિષે જોઈએ :

પ્રાચીન અભિલેખોમાં વપરાતા સંવત તિથિ દિન દિવસ વગેરેના ક્રમશઃ સં તિ દિ વ. સંક્ષિપ્ત રૂપ પણ મળે છે. આમાં 'સુદિ' મૂળ તો સંસ્કૃત 'શુક્લપક્ષ દિવસ'નું પ્રથમ 'શુદિ' અને પછી પ્રચલિત રૂપ 'સુદિ' થયું. આ જ રીતે 'વદિ' એ સંસ્કૃત 'બહુલ (કૃષ્ણ) પક્ષ દિવસ'નું ટૂંકું રૂપ અને 'બ'ના બદલે 'વ' પ્રયોજાઈ 'વદિ' થયું.

ગુજરાત-સૌરાષ્ટ્ર (કાઠિયાવાડ)ના પ્રાચીન અભિલેખોમાં 'શુદિ'-'વદિ'નો પ્રયોગ મળે છે. જેમકે-

१. श्री ध्रुवसेनस्य मौगिकवैकुन्थः लिखितं कि क्ककेन ॥ सं. २१६ माधवदि ?

(ધ્રુવસેન ૧લાનું ગુપ્ત સં. ૨૧૬૭ વળાનું તામ્રપત્ર)

२. संवत १०५६ माघशुदि १५ आद्योह क्षीमदणहिलपाटके...!

(મૂળરાજ ૧લાનું તામ્રપત્ર)

અહીં એ નોંધનીય છે કે, 'શુદિ', 'વદિ'નાં રૂપ ગુજરાત-સૌરાષ્ટ્ર, રાજસ્થાન વગેરેમાં પ્રચલિત હતાં. જ્યારે આ સિવાય ભારતના અન્ય પ્રાંતોમાં 'શુદિ', 'વદિ'ના બદલે 'શુતિ', 'વતિ' અર્થાત્ 'શુક્લપક્ષ તિથિ'ને 'બહુલ-વહુલ તિથિ' મળે છે. વળી, ગુજરાતના સોલંકીકાલીન અભિલેખોમાં સ્પષ્ટતયા શુદિ-વદિ મળે છે, તો એ પહેલાંના ખાસ તો ગુપ્ત-ક્ષત્રપ યુગના અભિલેખોમાં શુદિના બદલે 'શું'ને 'વદિ'ના બદલે બહુલ-વહુલ કે વ. પ્રયોજાયેલ છે.

હસમુખ વ્યાસ

'કોમેડિ' અને 'હ્યુમર' એ બે સંજ્ઞાઓમાંથી અંગ્રેજીમાં 'કોમેડિ' એ પ્રમુખ સંજ્ઞા છે.' હ્યુમર','વિટ્', 'આયરનિ', 'સટાયર' - એ બધા 'કૉમિક'ના પ્રકારો છે . 'હ્યુમર'નું શાસ્ત્ર નથી; 'કોમેડિ'નું છે, અને એ ઍરિસ્ટોટલના સમયથી વિકસતું આવ્યું છે. આ બધા કહ્યા એ 'કૉમિક લાફટર'ના પ્રકારો છે. ટૅજિક જો માણસની મહાન વૈયક્તિક ક્ષતિઓની વાત કરે છે, તો કૉમિક તેની નાની-નાની, સામાજિક ઊણપો, ખામીઓ, વિચિત્રતાની વાત કરે છે. ટ્રૅજિક જો સમાજના ઉપલા દરજજાનાં પાત્રો વિશે, એમની આસપાસ વિસ્તરે છે, તો કૉમિક એ નીચલા દરજજાના માણસોના અનુકરણ માટે આશ્રય લે છે. ઍરિસ્ટોટલનાપ્ આ પાયાનાં સમીકરણો સતત ઉપયોગી અને સાચાં ઠર્યાં છે. 'હ્યુમર' એ આ જ સાતત્યશ્રેણી, continuum. પર મળી આવતી સંજ્ઞા છે. નોર્થરોપ ફ્રાયનું આ સદીમાં આ ક્ષેત્રમાં મોટું પ્રદાન છે. તે આ બધાં સમીકરણોને લગભગ બીજગણિતની પદ્ધતિએ સક્રિય કરી આપે છે.

સાવ બાહ્ય રીતે કહી શકીએ કે ભારતીય કાવ્યશાસ્ત્રમાં 'ટ્રૅજિક' કે 'કૉમિક' એકેય સંજ્ઞા એટલી બધી કેન્દ્રવર્તી નથી. કરુણ અને હાસ્ય એ રસના પ્રકારો છે, પણ એ કેટલે અંશે શાસ્ત્રીય રીતની ચર્ચાના વિષય બન્યા છે તે તદ્વિદો જ કહી શકે. અંગ્રેજી પ્રણાલિમાં 'હ્યુમર' એ 'કૉમિક'ની અનેકવિધ છટાઓમાંની શ્રેષ્ઠ છટા છે કેમકે તેમાં દ્વૈત નથી. સામાન્ય રીતે હાસ્યમાત્રમાં સ્વ છલકાય છે. એ એક જાતનું આક્રમણ છે, અન્યની મર્યાદાઓ, ઊણપો, જોયા-નોંધ્યાની એમાં અહમ્ ભાવના છે. હાસ્ય જ્યારે હ્યુમરની કોટિએ પહોંચે ત્યારે આ ભાન ઓગળી જાય છે; જે રહે છે તે વિશ્વનો, આ ક્ષતિઓ, વિરોધાભાસો, દ્વંદ્વોભર્યા વિશ્વનો, તેની તે નિસર્ગગત મર્યાદા જાણ્યા છતાં, તેનો સ્વીકાર છે. □

જાણીએ જોડણી

રામજીભાઈ પટેલ

નિયમ ૩૭ : ઇની તથા ઇણી પ્રત્યયાન્ત સંસ્કૃત શબ્દોમાં ઉપાન્ત્ય સ્વર ઇ હ્રસ્વ અને અન્ત્ય સ્વર ઈ દીર્ઘ હોય છે. આ શબ્દો, મોટે ભાગે, ઇન્-ઇણ્ પ્રત્યયવાળા પુલિંગનાં સ્ત્રીલિંગ રૂપ હોય છે.

દાખલા : કામિની, દામિની, નલિની નંદિની, પદ્મિની, ભગિની, ભામિની, માનિની, માલિની, મોહિની, યામિની, લેખિની, સ્વામિની; એકાકિની, કલ્લોલિની, તપસ્વિની, મંદાકિની, મૃણાલિની, યશસ્વિની, વિદ્યાર્થિની, વિલાસિની, સરોજિની, સુહાસિની, હેમાંગિની, માર્ગદર્શિની; ગર્ભિણી, તારિણી, અક્ષૌહિણી, ગૌરાંગિણી, તરંગિણી, નિર્ઝરિણી, વિરહિણી, શિખરિણી, બ્રહ્મચારિણી વગેરે.

નિયમ ૩૮ : ત્ સાથે ઇ (= તિ) અંતવાળા સંસ્કૃત શબ્દોમાં શબ્દાન્ત ઇ (= તિ) હ્રસ્વ હોય છે. આ શબ્દો મોટે ભાગે સ્ત્રીલિંગી હોય છે.

દાખલા : અસ્તિ, ક્રાંતિ, કીર્તિ, ગતિ, ચ્યુતિ, જાતિ, દીપ્તિ, નીતિ, પંક્તિ, પ્રાપ્તિ, પ્રીતિ, બસ્તિ, ભક્તિ, ભ્રાંતિ, મતિ, મિતિ, મુક્તિ, મૂર્તિ (- ર્ત્તિ), યુક્તિ, રીતિ, વૃત્તિ, વ્યક્તિ, વ્યાપ્તિ, શક્તિ, શાંતિ, શ્રુતિ, સ્તુતિ, સ્થિતિ, સ્ફૂર્તિ (- ર્ત્તિ), સ્મૃતિ, જ્ઞાતિ; આવૃત્તિ, આસક્તિ, આહુતિ, ઉન્નતિ, જાગૃતિ, નિયતિ, નિવૃત્તિ, પદ્ધતિ, પ્રકૃતિ, પ્રતીતિ, પ્રસૂતિ, વિનતિ, વિભૂતિ, વિજ્ઞપ્તિ, સમિતિ, સંતતિ, સંપત્તિ, સંમતિ, સંસ્કૃતિ; અનુમતિ, અવનતિ, વનસ્પતિ;

(સ્ત્રીલિંગ સિવાયના શબ્દો) અતિ, પતિ, પ્રતિ, સ્વસ્તિ; મારુતિ, બૃહસ્પતિ વગેરે.

વિકલ્પ : પતિ-પતી, સ્વાતિ-સ્વાતી, અવંતિ-અવંતી, પદાતિ-પદાતી, માલતિ-માલતી, વસતિ-વસતી

અપવાદ : દંતી, દંપતી.

નોંધ : (ક) સંસ્કૃત વર્તમાન કૃદંતનું સ્ત્રીલિંગ તથા આકારન્ત નામ-વિશેષણનું સ્ત્રીલિંગ, દીર્ઘ ઈકારાન્ત હોય છે. જેમ કે, સતી, જયંતી, પાર્વતી, ભારતી, યુવતી, વૈજયંતી.

(ખ) વાળી અર્થવાળાં મત્-વત્ પ્રત્યયાન્ત વિશેષણનાં સ્ત્રીલિંગ રૂપો એટલે કે મતી-વતી પ્રત્યયાન્ત નારીવાચક નામોમાં શબ્દાન્ત ઈ દીર્ઘ હોય છે. જેમ કે, શ્રીમતી, ઇન્દુમતી, ચારુમતી, તનુમતી, તારામતી, ભાનુમતી, રૂપમતી; કલાવતી, પુત્રવતી, ભગવતી, ભદ્રાવતી, લીલાવતી, સરસ્વતી.

(ગ) વસ્તી તદ્‌ભવ શબ્દ છે; મસ્તી ફારસી શબ્દ છે.

નિયમ ૩૯ : સંસ્કૃત શબ્દોમાં શબ્દાન્ત સ્વર ઇ મોટે ભાગે, હ્રસ્વ જોવા મળે છે.

દાખલા : અગ્નિ, અરિ, અસ્થિ, અહિ (= સાપ), આદિ, ઊર્મિ, ઋષિ, કવિ, કૃષિ, ગ્રંથિ, ગ્લાનિ, તિથિ, તુષ્ટિ, દૃષ્ટિ, ધ્વનિ, નહિ, નાભિ, નિધિ, બુદ્ધિ, મણિ, મુનિ, રવિ, રુચિ, ૠદ્ધિ, વારિ, વિધિ, વિષ્ટિ, વૃદ્ધિ, વ્યાધિ, શનિ, શુદ્ધિ, સંધિ, સુદિ, સૃષ્ટિ, હરિ, હાનિ;

અવધિ, અંજલિ, ઉપાધિ, વાલ્મીકિ, વાસુકિ, સમાધિ, સમૃદ્ધિ; જમદગ્નિ, તિલાંજલિ, દશરથિ અરિષ્ટનેમિ વગેરે.

વિકલ્પ : અણિ-અણી, કટિ-કટી, કલ્કિ-કલ્કી, કોટિ-કોટી, ગોષ્ઠિ-ગોષ્ઠી, ત્રુટિ-ત્રુટી, બંદિ-બંદી, ભાવિ-ભાવી, ભૂમિ-ભૂમી, ભેરિ-ભેરી, મહિ-મહી, યોનિ-યોની, રાત્રિ-રાત્રી, લિપિ-લિપી, વાપિ-વાપી, વેદિ-વેદી, વેણિ-વેણી, શ્રેણિ-શ્રેણી, સૂચિ-સૂચી; અવનિ-અવની, અંગુલિ-અંગુલી, આવલિ-આવલી, ઔષધિ-ઔષધી, ધમનિ-ધમની, ધરણિ-ધરણી, પદવિ-પદવી, ભૃકુટિ-ભૃકુટી, મંજરિ-મંજરી, રજનિ-રજની, લહરિ-લહરી, વલ્લરિ-વલ્લરી, સરણિ-સરણી, સુરભિ-સુરભી; વૈતરણિ-વૈતરણી.

નોંધ : પિતા કે પ્રદેશના નામ પરથી પડેલ દીકરીના ગોત્રનામમાં શબ્દાન્ત ઈ દીર્ઘ હોય છે. જેમ કે જાનકી, જાહ્નવી, દ્રૌપદી, વૈદર્ભી, વૈદેહી, 'શતાબ્દી'માં પણ અંત્ય ઈ દીર્ઘ છે. આવા શબ્દોને અપવાદ નથી કહ્યા કેમ કે નિયમમાં 'મોટે ભાગે' શબ્દપ્રયોગ કર્યો છે.

વિશેષ નોંધ : સંસ્કૃત તત્સમ શબ્દો વિશે આપણે શરૂઆતમાં જે સામાન્ય નિયમ જોયો હતો તેનું વિવરણ અત્યાર સુધીના નવ નિયમોમાં કર્યું. તેમાં શબ્દાન્ત સ્વર ને ઉપાન્ત્ય સ્વર તરીકે ઇ હોય કે ઈ તેની સમજૂતિ આપવામાં આવી. હવે બીજા ચાર નિયમ જોઈશું.

નિયમ ૪૦ : સંસ્કૃત શબ્દના અન્ત્યાક્ષર પર રેફ હોય ત્યારે ઉપાન્ત્ય સ્વર ઈ/ઊ દીર્ઘ હોય છે.

દાખલા : ઈર્ષા, જીર્ણ, તીર્થ, દીર્ઘ, વીર્ય, શીર્ષ;

આકીર્ણ, ઉત્કીર્ણ, ઉત્તીર્ણ, પ્રકીર્ણ, વિસ્તીર્ણ;

ઊર્ધ્વ, ઊર્મિ, તૂર્ય, દૂર્વા, પૂર્તિ (- ર્ત્તિ), પૂર્ણ, પૂર્વ, મૂર્ખ, મૂર્ચ્છા (- ર્છા), મૂર્ત, મૂર્તિ (- ર્ત્તિ), સૂર્ય, સ્ફૂર્તિ (- ર્ત્તિ); મુહૂર્ત; આનુપૂર્વી વગેરે.

વિકલ્પ : ઊર્ણ-ઉર્ણ

અપવાદ : ઉર્વી, તુર્ય (= આધ્યાત્મિક વિકાસની ચોથી અંતિમ અવસ્થા), દુર્ગ.

નોંધ : આ શબ્દો સંસ્કૃત નથી :

(અ) ઉર્દૂ-તુર્કી શબ્દ છે.

(આ) ઉર્ફ (- ર્ફે), સિર્ફ-અરબી શબ્દો છે.

(ઇ) તુર્ક, બુઝુર્ગ-ફારસી શબ્દો છે.

નિયમ ૪૧ : કૃત, ભૂત, કરણ, ભવન, પ્રત્યયો લાગીને ચ્વિરૂપ પામેલા સંસ્કૃત શબ્દોમાં એ પ્રત્યયો પૂર્વેનો ઈ તથા ઊ દીર્ઘ રહે છે.

દાખલા : સ્વીકૃત; ગુણીભૂત, ઘનીભૂત, દ્રઢીભૂત, ફલીભૂત;

એકીકરણ, ધ્રુવીકરણ, વશીકરણ, શુદ્ધીકરણ; એકત્રીકરણ, નવીનીકરણ, સંક્ષિપ્તીકરણ, સ્પષ્ટીકરણ; આધુનિકીકરણ, મૃદૂકરણ, લઘૂકરણ; એકીભવન, ઘનીભવન, વક્રીભવન વગેરે.

નોંધ :

(ક) ચ્વિરૂપ પામેલા એટલે જે સ્થિતિ નથી તે થવી એ અર્થમાં શબ્દાન્ત અ-નું રૂપાંતર દીર્ઘ ઈમાં થાય છે. નીચેના શબ્દો તેવા ભાસે છે તે સંજ્ઞા પરથી બનેલા હોઈ તેને ચ્વિરૂપ આપ્યું છે તેમ ગણાય નહીં.

અંગીકૃત, ભસ્મીભૂત, ઉચ્ચીકરણ, કેન્દ્રીકરણ, ધ્વનીકરણ, વર્ગીકરણ, વિદ્યુતીકરણ, બાષ્પીભવન.

(ખ) 'રાષ્ટ્રિ (-ષ્ટ્રી)યકરણ'માં 'યકરણ' પૂર્વે ઇ/ઈ છે. ગુજરાતીમાં આ શબ્દ અનિયમિત રીતે ચ્વિરૂપ પમાડેલો છે. શ્રી નટવરલાલ પ્ર. બુચના મતે, નિયમાનુસાર તેનું સાચું રૂપ 'રાષ્ટ્રિ(-રાષ્ટ્રી)ીકરણ' થાય છે.

(ગ) આપણે ત્યાં ઉદ્યોગીકરણ, ઔદ્યોગીકરણ અને ઔદ્યોગિકીકરણ, એવા ત્રણ શબ્દો વપરાય છે તે પૈકી ત્રીજો શબ્દ જ યોગ્ય છે. શ્રી લાલશંકર ઉપાધ્યાયના મતે, ચ્વિરૂપ ફક્ત વિશેષણને જ લગાડી શકાય, સંજ્ઞાને નહીં. એટલે કે સંક્ષિપ્તીકરણ ખરું ગણાય, સંક્ષેપીકરણ નહીં. આ જ કારણે ઉદ્યોગીકરણ, રાષ્ટ્રીકરણ, વનીકરણ જેવો શબ્દ ખોટા ઠરે છે.

(ઘ) અમલીકરણ, ગુજરાતીકરણ, યુનિવર્સિટીકરણ જેવા સંસ્કૃતેતર શબ્દો આ નિયમને મળતા ગણાય.

(ડ) ચ્વિરૂપ ન પામ્યા હોય પરંતુ હ્રસ્વ ઇકારાન્ત ઉપસર્ગ પછી કૃત, ભૂત, કરણ પ્રત્યયો હોય તેવા શબ્દોને આ નિયમ લાગુ પડતો નથી. જેમ કે, અધિકૃત, અભિભૂત અધિકરણ, અનુકરણ.

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે બિનહરીફ ચૂંટાતા કવિ શ્રી રાજેન્દ્ર શાહ

આગામી ડિસેમ્બરમાં કલકત્તા ખાતે યોજાનાર ગુજરાતી સાહિત્ય પરિષદના ૩૭મા અધિવેશનના પ્રમુખ તરીકે કવિશ્રી રાજેન્દ્ર શાહ બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા છે.

નિયમ ૪૨ : અર્થાત્, અલમ્, કિંચિત્, ક્વચિત્, પશ્ચાત્, પૃથક્, સાક્ષાત્, નહિવત્, યથાવત્, અકસ્માત્ જેવાં સંસ્કૃત અવ્યયો જ્યારે એકલાં કે બીજા સંસ્કૃત શબ્દ સાથે સમાસમાં આવે ત્યારે વ્યંજનાન્ત લખવાં, પરંતુ જો તે અવ્યય પછી 'જ' શબ્દ આવે તો તેમને વ્યંજનાન્ત ન રાખી, અ સ્વર ઉમેરીને લખવા.

દાખલા :

અર્થાત્	અર્થાત જ;	
અલમ્	અલમ જ;	અલંકાર;
કિંચિત્	કિંચિત જ;	કિંચિત્કર
ક્વચિત્	ક્વચિત જ;	
પશ્ચાત્	પશ્ચાત જ;	પશ્ચાત્તાપ;
પૃથક્,	પૃથક જ;	પૃથક્કરણ;
		પૃથગ્જન;
સાક્ષાત્	સાક્ષાત જ;	સાક્ષાત્કાર,
		સાક્ષાત્કરણ;
નહિવત્	નહિવત જ;	
યથાવત્	યથાવત જ;	
અકસ્માત્	અકસ્માત જ; વગેરે.	

નોંધ : (ક) ભારદર્શક શબ્દ 'જ' પૂર્વે અ આપોઆપ ઉચ્ચારાતો હોઈ લેખનમાં પણ તે ઉમેરવાનો રહે છે. આ પ્રથા ગુજરાતીમાં છે, સંસ્કૃતમાં નથી.

(ખ) ગુજરાતીમાં 'અકસ્માત' નામ તરીકે પણ વપરાય છે.

નિયમ ૪૩ : સંસ્કૃત જોડાક્ષરોના ઉચ્ચારમાં હ પછીનો વ્યંજન વિકલ્પે બેવડાય તો પણ લેખનમાં તેમ કરવામાં આવતું નથી.

દાખલા :

વૈકલ્પિક ઉચ્ચાર	લેખન
આહ્લ્લાદ	આહ્લાદ
પ્રહ્લ્લાદ	પ્રહ્લાદ
બ્રાહ્મ્મણ	બ્રાહ્મણ
મધ્યાહ્ન્ન	મધ્યાહ્ન
વિહ્વ્વલ	વિહ્વલ
ચિહ્ન્ન	ચિહ્ન વગેરે.


નોંધ :

પ્રહ્લાદના વિકલ્પમાં ગુજરાતીમાં પ્રલ્હાદ, પ્રહેલાદ પણ વપરાય છે. ચિહ્નનું ક્યારેક ચિન્હ કરવામાં આવે છે. આ પ્રયોગ બરાબર નથી. પ્રહ્લાદ, ચિહ્ન જ સાચાં રૂપ ગણાય.

સંસ્કૃત તત્સમ શબ્દો માટેના આ તેર નિયમો ઉપરાંત બીજી કેટલીક બાબતો પણ જાણવી જરૂરી છે. સંધિ અંગેની થોડી વિગતો આપણે જોઈ છે. અનુદિત-અનૂદિત એ બંને શબ્દો સંધિને કારણે જુદા છે ને બંનેના અર્થ પણ ભિન્ન છે. ઇ કે ઈ કારાન્ત શબ્દો સાથે ઈશ કે ઇન્દ્રની સંધિ થાય તો સંધિના નિયમ મુજબ ઉપાન્ત્ય સ્વર ઈ દીર્ઘ રહે એ ખ્યાલમાં રહે તો ગિરીશ, હરીશ, અવનીશ, જગદીશ; અવનીન્દ્ર, જતીન્દ્ર, જ્યોતીન્દ્ર, મુનીન્દ્ર, યોગીન્દ્ર, રવીન્દ્ર, હરીન્દ્ર જેવા શબ્દો સાચા લખી શકાય. ઇષ્ઠ શબ્દની બરાબર ખબર હોય તો કનિષ્ઠ, ધર્મિષ્ઠ, પાપિષ્ઠ, બલિષ્ઠ, વરિષ્ઠ વગેરે શબ્દોમાં ભૂલ ન થાય.

આ રીતે ઉપસર્ગ, પૂર્વગની જાણકારી પણ મદદરૂપ થઈ શકે. સંસ્કૃત ઉપસર્ગોમાં ઇ, ઉ હ્રસ્વ જ હોય છે. અતિ, અધિ, અભિ, નિ, નિઃ (નિદ્ કે નિસ્), પરિ, પ્રતિ, વિ; અનુ, દુઃ (દુર્ કે દુસ્), સુ, ઉપ, ઉદ્, એ ઉપસર્ગો અને આવિસ્, ચિર્ (ચિરમ્), અંતર્ જેવા પૂર્વગોનો ખ્યાલ હોય તો અતિશય અધિકાર, અભિનવ, નિયમ, નિર્જન, નિરુત્તર, પરિણામ, પ્રતિબિંબ, વિજ્ઞાન; અનુકરણ, દુર્ગતિ, દુર્મિલ, દુષ્કાળ, સુદૂર, ઉપયોગ, ઉદ્ગાર, ઉત્સાહ, આવિષ્કાર, ચિરાયુ, ચિરંજીવી, અંતર્દષ્ટિ, અંતર્દેશીય વગેરે શબ્દોમાં ભૂલ થવા સંભવ ન રહે.

વ્યાકરણ વિષયક આવી સામાન્ય વીગતો સંસ્કૃતેતર શબ્દો માટે પણ ઉપયોગી છે.



ફરક ફરક તું મુક્ત હવામાં
ઝંડા, ઊડ તું ઊંચે વ્યોમ;
અમ મસ્તક પર રહે ફરકતો
જ્યાં લગી નભમાં સૂરજ સોમ !


'સ્નેહરશ્મિ'

નામાંકિત પત્રકાર ગિરિલાલ જૈનનો દેહવિલય

ભારતીય પત્રકારત્વની આગલી હરોળના સુખ્યાત પત્રકાર અને 'ધ ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ના ભૂતપૂર્વ તંત્રી ગિરિલાલ જૈનનું ૧૯મી જુલાઈ, ૧૯૯૩ના રોજ વહેલી સવારે લાંબી માંદગી બાદ ૭૧ વર્ષની ઉંમરે અવસાન થયું છે.


હરિયાણાના સોનીપત જિલ્લાના પીપલીખેડા ગામમાં ઈ.સ. ૧૯૨૨માં જન્મેલા ગિરિલાલ જૈને આરંભિક શિક્ષણ ગામડામાં લીધું હતું અને બી.એ.ની પદવી હિન્દુ કોલેજ, દિલ્હીમાં અભ્યાસ કરીને પ્રાપ્ત કરી હતી. મૂળ ઈતિહાસના વિદ્યાર્થી, એટલે કોલેજકાળ દરમ્યાન માર્ક્સ અને લેનિનના સાહિત્ય પ્રત્યે રુચિ, પરંતુ કોસ્ટલર્સનું 'ડાર્કનેસ એટ નૂન' વાંચ્યા પછી કોમ્યુનિસ્ટ આંદોલનથી ફંટાઈને માનવેન્દ્ર રોય સાથે જોડાયા. આઝાદીની ચળવળમાં તેમણે ભાગ લીધો અને ઈ.સ. ૧૯૪૩માં કારાવાસ પણ ભોગવ્યો.

૧૯૪૫માં ગિરિલાલ જૈન એમ.એન. રોયના 'વેન્ગાર્ડ' સમાચાર-પત્રમાં જોડાયા. થોડાક સમય માટે રંગની કંપનીમાં પણ ઝંપલાવ્યું અને શિક્ષણકાર્ય પણ કરી જોયું, પણ આ બન્ને વ્યવસાયો તેમને ગોઠ્યા નહીં.



આથી તેઓ શ્રી શામલાલના સંપાદન હેઠળ પ્રકાશિત થતા 'ન્યૂ ક્રોનિકલ' પત્રમાં કાર્યરત થયા. ત્યારબાદ શામલાલ અને 'ન્યૂ ક્રોનિકલ'ના કેટલાક અન્ય સાથીઓ સાથે 'ધ ટાઇમ્સ ઓફ ઇન્ડિયા'-ની દિલ્હી આવૃત્તિમાં જોડાયા અને ઉપ-સંપાદક તરીકેની કામ-ગીરી શરૂ કરી. સ્થાનિક રિપોર્ટિંગમાં તેમના વૃત્તાંતનિવેદનના કૌશલની આગવી છાપ ઊભી થઈ. ૧૯૬૧માં કરાંચીમાં અને ત્યારબાદ એક વર્ષે ટાઈમ્સે તેમને લંડન ખાતે સંવાદદાતા તરીકે બઢતી આપી. ત્રણ વર્ષ બાદ સ્વદેશ પાછા ફર્યા પછી તેમને સહાયક તંત્રીનું અને ૧૯૭૦માં તેમને દિલ્હી આવૃત્તિના નિવાસીતંત્રી તરીકેનું સુકાન સોંપવામાં આવ્યું. ૧૯૭૮થી ૧૯૮૮ સુધી 'ધ ટાઇમ્સ ઓફ ઈન્ડિયાના' ચીફ-એડિટર તરીકેની તેમની સેવાઓ નોંધપાત્ર હતી. સક્રિય પત્રકારત્વમાંથી નિવૃત્ત થયા બાદ પણ અવસાનના એક મહિના અગાઉ સુધી તેમની કલમ પત્રકારત્વ અને પત્ર-પત્રિકાઓમાં લેખ સ્વરૂપે પ્રદાન કરતી રહી. 'પંચશીલ એન્ડ આફ્ટર', 'ઈન્ડિયા મીટ્સ ચાઈના', 'વ્હોટ માઓ રીઅલી મીન્સ' જેવાં પુસ્તકો અને તેમના નિર્ભય, દષ્ટિસંપન્ન અને અભ્યાસનિષ્ઠ પત્રકારત્વની યશપતાકા સમાન સંખ્યાબંધ તંત્રીલેખો તેમણે શબ્દસાધના સ્વરૂપે આપ્યા છે.

શ્રી ગિરિલાલ જૈન સિદ્ધાંતો અને મૂલ્યોના આગ્રહી પત્રકાર, મહાન વિચારક અને સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના સિદ્ધાંતના સબળ સમર્થક હતા. એમનામાં જ્ઞાનનું ઊંડાણ, દષ્ટિની વ્યાપકતા અને અભિવ્યક્તિના નૈપુણ્યનો વિરલ સમન્વય હતો. સ્વભાવે વિદ્યાવ્યાસંગી અને એકાંતપ્રિય. યૌવનકાળમાં



'મોડર્ન આર્ટ'નું આ કોઈ 'કોમ્પોઝિશન' લાગે, પણ એવું નથી. હકીકતે ઇલેક્ટ્રોન માઈક્રોસ્કોપ દ્વારા કોબીજનો પાનના ફોટોગ્રાફ છે, જેમાં તે ૩૭,૨૦૦ ગણું મોટું દર્શાવાયું છે. ફોટોમાં ડાબી બાજુ ઉપરના ખૂણે દર્શાવેલ સ્કેલ એક મીટરના દસ લાખમા ભાગ જેટલી લંબાઈ સૂચવે છે.

શ્રી અરવિંદની વિચારધારાથી પ્રભાવિત થઈને થોડોક સમય પોંડીચેરીમાં પણ ગાળ્યો હતો. તેઓ પોતાને ઉદારમતવાદી ગણતા હતા.

ગિરિલાલ જૈન અખબારના સંપાદકીય પૃષ્ઠને વિશેષ મહત્ત્વ આપતા હતા. એમના તંત્રીલેખો ધારદાર રહેતા. ચાહકો જ નહીં ટીકાકારો પણ તેમના તંત્રીલેખોની ગંભીરતાપૂર્વક નોંધ લેતા. પત્રકારત્વ માટે પલાંઠી વાળીને બેઠેલા શ્રી જૈન પોતે જ એક સંસ્થા હતા. એટલે જ ભારત સરકારે તેમની આ ક્ષેત્રની સેવાઓને 'પદ્મવિભૂષણ'થી નવાજી હતી. ચાર-ચાર દાયકા સુધી 'ધ ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'ને તેમણે અર્પેલી સેવા પત્રકારત્વક્ષેત્રે તેમની આગવી પ્રતિભા, આગવા મિજાજ અને આગવી કાબેલિયતની પ્રતીતિ કરાવે છે. પત્રકારત્વક્ષેત્રે નવાં ધોરણો અને નવી દિશા પ્રદાન કરનાર ગિરિલાલ જૈને સ્વાતંત્ર્યોત્તર ભારતના સામાજિક અને રાજકીય વિકાસમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. તેમની વિચારધારા કોઈ 'વાદ'ને વળગેલી રહેવાને બદલે પત્રકારત્વનિષ્ઠ રહી. તેમણે પોતે જ કહ્યું હતું : 'I am no(ist), I am just a journalist.'

ગિરિલાલ જૈન આદરણીય તંત્રી અને સન્માન્ય પત્રકાર હતા. જાહેર બાબતો વિશેનાં એમનાં મંતવ્યો તેમની કલમની નિર્ભયતાની શાખ પૂરે છે. 'પોતાને લાગ્યું તે તેમણે લખ્યું, સાહસિકતા અને નિર્ભીકતાપૂર્વક. ક્યારેક એમનાં લખાણો સાચાં ઠરવાનું ગૌરવ જીતી લેતાં, તો ક્યારેક એનાથી વિપરીત. પરંતુ પોતાનું લખાણ બીજાને વાંચવાની ફરજ પાડે એય કાંઈ નાની-સૂની સિદ્ધિ તો નથી જ.' એમની કલમ એકવિધતાનો શિકાર બની નથી. તમામ પ્રકારની ઘટનાઓ પ્રત્યે જાગૃત રહેવા ટેવાયેલું એમનું મન નવીન ઘટનાઓ અને સમસ્યાઓને તલાશવા તત્પર રહેતું. તેઓ સ્વાધ્યાયનિષ્ઠ હતા, વિશાળ વાંચનના આગ્રહી. ઉત્તર આફ્રિકામાં ગુલામોના વેપાર સંબંધી પુસ્તક હોય કે આર્યોના આક્રમણ વિષયક સંશોધનગ્રંથ, તેઓ વાચનના અંતે અંગત અભિપ્રાય તારવી લેતા. કશુંક 'અસામાન્ય' એમને ગમતું એટલે ચીલાચાલુ ઘટનાઓ કે રાજકારણીઓ પાસેથી પ્રાપ્ત થયેલી માહિતીઓથી તેઓ સંતુષ્ટ નહોતા થતા. રાજકારણમાં તેઓ ઊંડો રસ લેતા અને બીજાના તેમજ પોતાના અભિપ્રાયોનું પણ સમયાંતરે નિરીક્ષણ અને સમીક્ષણ કરતા; એટલે કોઈ એક વિચારસરણીના ચોકઠામાં જકડાઈ રહેવું તેમને ગમતું નહોતું.

આવા દૃષ્ટિસંપન્ન, અભ્યાસનિષ્ઠ, સાહસિક, નિર્ભય અને દેશદાઝને વરેલા મૂલ્યાગ્રહી પત્રકારના અવસાનથી ભારતીય પત્રકારત્વને મોટી ખોટ પડી છે.

- ડૉ. ચંદ્રકાન્ત મહેતા

પુરસ્કૃત પ્રતિભાઓ

વિજ્ઞાન, શિક્ષણ, સાહિત્ય, લલિતકલા, ખેલકૂદ, રંગમંચલક્ષી કલા અને લોકકલાના ક્ષેત્રમાં ઉચ્ચતમ સિદ્ધિઓ મેળવનાર તેમજ આ ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન કરનાર વ્યક્તિઓ અને સંસ્થાઓને આ દરેક ક્ષેત્ર માટે દર વર્ષે ગુજરાત રાજ્ય સરકાર રૂપિયા એક લાખનો એવૉર્ડ આપે છે. આ રીતે ઈ.સ. ૧૯૯૨-'૯૩ના વર્ષના એવૉર્ડ્સની જાહેરાત થઈ તે મુજબ -



'બહાદુર બાળ, હિંમત ધર અને ગર્વથી બોલ કે ભારત મારો દેશ છે. પ્રત્યેક ભારતવાસી મારો ભાઈ છે.' સ્વામી વિવેકાનંદે આ પ્રેરણા પાઈ હતી, અને આજેય આપણે 'મેરા ભારત મહાન'નું રટણ કરીએ છીએ. પણ આ દેશનાં બાળકો સમક્ષ આવી પ્રેરણા મૂર્તિમંત થાય એવું કયું આચરણ કે ઉદાહરણ આપણે મૂકીએ છીએ ? આજે તો એક યા બીજી રીતે આ બાળકો લૂંટફાટ, હિંસાખોરી, આતંક, ભ્રષ્ટાચાર વગેરેની વાતો જ જુએ-સાંભળે છે. નિર્દોષ, ઉદ્યમી, તરવરિયાં અને જીવનમાં કંઈ કરવાને થનગનતાં બાળકોમાં આજે કેવા કેવા ભાવો રમી રહ્યા છે તેની એક ઝલક હમણાં જોવા મળી.

તાજેતરમાં અમદાવાદમાં રાજ્ય લલિતકલા અકાદમી અને પશ્ચિમ ઝોન સાંસ્કૃતિક કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે શ્રી રવિશંકર રાવળ આર્ટ ગૅલેરિમાં તાત્કાલિક ચિત્ર દોરવાની એક હરીફાઈ યોજાઈ હતી. ચીતરવા માટે કોઈ ખાસ વિષય આપવાને બદલે તેમને મનફાવે તે વિષય પર ચિત્ર દોરવાનું હતું. આ સ્પર્ધામાં બાળકોએ જે ચિત્રો ચીતર્યાં તેમાં એમના કૂમળા માનસ પર રોજેરોજનાં તોફાનો, વેરઝેર, કોમવાદ, હિંસા વગેરેના સમાચારોનો ઓછાયો પડેલો જોવા મળ્યો. એક બાળકે પોતાના ચિત્રમાં ભારત-પાકિસ્તાનના ધ્વજ સાથે એકબીજાનું લોહી વહેવડાવતાં હિંદુ-મુસ્લિમોને દર્શાવ્યા હતા અને એ જોઈ દેશના દુશ્મન આતંકવાદીઓને ખડખડાટ હસતા બતાવ્યા હતા. બીજી બાજુ એક બાળકે આથી વિરુદ્ધ એક છત્ર નીચે બંને કોમનાં લોકોને હળીમળીને ફરતા બતાવી પોતાની ભાવના વ્યક્ત કરી હતી.

બાળકો આપણાં મોટેરાંઓ પાસેથી જે પામી રહ્યાં છે તેનો આ પ્રભાવ આ રીતે પ્રકટ થતો હતો. ભાઈચારો, શાંતિ, દેશભક્તિ, ત્યાગ વગેરેની આપણી દંભભરી ગુલબાંગો આ બાળકોને શું શીખવે છે અને એમનું ભાવિ કઈ તરફ ઢળી રહ્યું છે એ વિષે આપણે ગંભીરપણે વિચારીને આપણાં આચરણો સુધારીશું ખરાં? દેશની સાથે જ જેમનું ભાવિ સંકળાયેલું છે એ બાળકો પાસેથી આપણે શી અપેક્ષા રાખીએ છીએ?

- શુકદેવ ભચેચ

વિજ્ઞાનક્ષેત્રે ડૉ. વિક્રમ સારાભાઈ એવૉર્ડ ડૉ. પી. સી. વૈદ્યને અપાય છે. શિક્ષણક્ષેત્રે શ્રી મગનભાઈ દેસાઈ એવૉર્ડ શ્રી રામલાલ પરીખને અપાય છે. શ્રી રામલાલ પરીખે મહાત્મા ગાંધીના શૈક્ષણિક વિચારો, લોકશિક્ષણ ઉપર ભારતનો ખ્યાલ, લોકશિક્ષણમાં લોકોનો સહયોગ, ગ્રામવિકાસ, વસતિવધારો અને વિકાસ ઉપર રાજકારણીઓનો ફાળો, શિક્ષણ મારફત ગ્રામવિસ્તારનો વિકાસ વગેરે વિષયો ઉપર અસરકારક સંશોધન કર્યું છે.

સાહિત્યક્ષેત્રે શ્રી નરસિંહ મહેતા એવૉર્ડ કવિ શ્રી રાજેન્દ્ર શાહને ફાળે જાય છે. આપણા એ મૂર્ધન્ય કવિથી 'કુમાર'ના વાચકો તો સારી પેઠે પરિચિત છે. એ જ રીતે લલિતકલાક્ષેત્રે ચિત્રકાર રવિશંકર રાવળ એવૉર્ડ છેલ્લા અર્ધા સૈકાથી રોજ એક સચોટ વ્યંગચિત્ર આપતા રહેનાર પત્રકાર જગતમાં સુખ્યાત કટાક્ષ ચિત્રકાર શ્રી બંસીલાલ વર્મા - 'ચકોર'ને અપાય છે. કટાક્ષ ચિત્રકાર તરીકે તો એમની વ્યાપક ખ્યાતિ છે જ, પણ આ ઉપરાંત તેઓ બહુ અચ્છા ચિત્રકાર પણ છે. એમણે સેંકડો ગ્રંથો માટે ચિત્રો કર્યાં છે. કાળ, પ્રસંગ અને ભાવને બરાબર અનુરૂપ એવાં ગ્રંથચિત્રોનું એમનું આલેખન પણ બેજોડ છે. ચિત્રકાર તરીકે તેઓ જો વધુ સર્જન કરવા તરફ વળે તો તેમાં અચૂક પ્રસંશા અને પારિતોષિકો મેળવવા જેટલી ક્ષમતા તેમનામાં છે, એટલું જ નહિ અક્ષરાલેખનમાં પણ તેઓ એટલા જ નિષ્ણાત છે. એનું વૈવિધ્ય પણ એટલું જ અર્થસભર, વૈવિધ્યપૂર્ણ અને આગવું છે.

'ચકોર' અને 'વિચિત્ર'ના નામથી એમણે કાર્ટૂનો કર્યાં તેમ 'બંસી'ના નામથી એમણે પ્રબળ કલ્પનાશક્તિ, આણીશુદ્ધ લાક્ષણિકતા, પ્રેરક નાટ્યતત્ત્વ, આકર્ષક સંયોજન અને અર્થસભર સુશોભના એ એમનાં ચિત્રોની લાક્ષણિકતા રહી છે.

ખેલકૂદ ક્ષેત્રે શ્રી અંબુભાઈ પુરાણી એવૉર્ડ શ્રી ગીત શેઠીને અપાયો છે. બિલિયર્ડની રમતના ક્ષેત્રમાં એમણે ગુજરાત તેમજ ભારતનું નામ રોશન કર્યું છે.

રંગમંચના કલાક્ષેત્રમાં પંડિત ઓમકારનાથ ઠાકુર એવૉર્ડ શ્રી ગોવર્ધન પંચાલને અપાયો છે. આ ક્ષેત્રમાં એમણે કરેલા પ્રદાન તથા એમનો પરિચય આ અંકમાં અન્યત્ર આપ્યો છે.

લોકકલાના ક્ષેત્રનો શ્રી ઝવેરચંદ મેઘાણી એવૉર્ડ શ્રી તુફાનશા જમાલશા રફાઈને અપાયો છે. આપબળે જ રોટલો રળવાની હઠમાં નાનપણથી જ અમરેલીમાં એક લાકડાની વખારમાં મહિને પાંચ રૂપિયાના પગારે એમણે જીવનનો આરંભ કરી, છૂટક છૂટક થોડું ભણી એક મિત્રના તેડાવવાથી વીસ વર્ષની વયે રોજી કમાવા મુંબઈ ગયા. ત્યાં સો મિલમાં ઉત્તરોત્તર આગળ વધતા હતા. એવામાં એક અકસ્માતમાં હૉસ્પિટલમાં મહિનોદોઢ ખાટલે રહેવું પડ્યું. અને એ વખતે સમય કાઢવા એમણે ચીતરવા માંડ્યું. ધીરેધીરે તેનો નાદ લાગ્યો. ધંધા સાથે મુંબઈની કલાશાળામાં અભ્યાસ કર્યો. સરકારી શિષ્યવૃત્તિ મેળવી. ડિપ્લોમા કર્યા પછી મ્યૂરલનો અભ્યાસ કર્યો. ચિત્રકાર તરીકે એમની ખ્યાતિ વધતી ગઈ. હૅન્ડલૂમ બોર્ડમાં જોડાયા. ટેક્સ્ટાઈલ ડિઝાઈનમાં સંશોધનકાર્ય કરી એમણે ૩૦૦ જેટલા કુદરતી રંગોની શોધ તેમજ હૅન્ડ બ્લૉક પ્રિન્ટિંગ અને સ્ક્રીન પ્રિન્ટિંગના માધ્યમ દ્વારા ટેક્સ્ટાઈલ ડિઝાઈનના વિકાસ અર્થે દેશ-વિદેશમાં વ્યાખ્યાનો, વર્કશૉપ, નિદર્શન કાર્યક્રમો વગેરે દ્વારા આગવું યોગદાન આપ્યું છે.

વર્ષાઋતુના સામાન્ય રોગો

વર્ષાઋતુની શરૂઆતમાં ભેજવાળી હવા અને પાણીને કારણે જઠરાગ્નિ મંદ પડી જાય છે, અને કેટલાક સામાન્ય રોગો પ્રસરે છે. વધુકા ખોરાકથી અપચો કે અજીર્ણ થાય છે. અપાનવાયુ રોકાવાથી પેટ ફૂલી આફરો ચડે છે. પેટમાં વાયુનો ભરાવો થતાં ગોળો (ગુલ્મ) ચડે છે. અપાનવાયુની ગતિ ઊર્ધ્વ થતાં 'વાછૂટ' બંધ થઈ ઓડકાર અને હેડકી આવે છે.

વર્ષાઋતુમાં ઉપલક દૃષ્ટિએ સામાન્ય લાગતી પણ વ્યક્તિને પરેશાન કરી દેનારી આવી તકલીફો આહારમાં વિવેક જાળવી થોડા પથ્યપાલન સાથે ઘરગથ્થુ ઇલાજો દ્વારા દૂર કરી શકાય છે. આપણે કેટલીક સામાન્ય ફરિયાદો અને તેના ઉપાયો વિષે જોઈએ :

મંદાગ્નિ કે અગ્નિમાંદ્ય : રોજ ભોજન સમયે શરૂઆતમાં જમતાં પહેલાં આદુની છીણ કે કાતરી પર થોડું સિંધવ (મીઠું) ભભરાવીને ખાવાથી જઠરાગ્નિ પ્રદીપ્ત થઈ ભૂખ ઊઘડે છે, અરુચિ મટે છે અને ખોરાકનું પાચન થઈ મંદાગ્નિ દૂર થાય છે.

ફુદીનાનાં પાન, ચણાના દાળિયા, ખમણેલું કોપરું, આદુ, લીલાં મરચાં, કોથમીર, જીરું અને મીઠું એકઠાં કરી ખૂબ લસોટીને તેના ઉપર લીંબુનો રસ નાખી બનાવેલી ચટણી સાથે લેવાથી પણ જઠરાગ્નિ પ્રદીપ્ત થઈ રુચિ વધે છે. આ જ રીતે અગ્નિમાંદ્યમાં દાડમના દાણા, લીંબુનો રસ, સિંધવ, મરી અને કોથમીરને લસોટીને બનાવેલી ચટણી પણ એવી જ ગુણકારી છે.

અજમો અને સૂંઠ સમભાગે લઈ બારીક ખાંડી પાણી સાથે અઢીઅઢી ગ્રામ ફાકવાથી પણ ભૂખ લાગી અગ્નિમાંદ્ય મટે છે.

અજીર્ણ : બે ગ્રામ સૂંઠ અને ત્રણ ગ્રામ ગોળને એકત્ર કરી સવાર- સાંજ ખાવાથી અજીર્ણ મટે છે. સૂકા બીલાનું ચૂર્ણ સાથે લેવાથી પણ અજીર્ણ મટે છે. આ જ રીતે સૂંઠનું ચૂર્ણ અને જવખાર ઘીમાં મેળવીને ચાટવાથી પણ અજીર્ણ મટે છે. માત્ર સૂંઠ નાખીને કોકરવરણું ઉકાળેલું પાણી પીવાથી અને ઉપવાસ કરવાથી યે અજીર્ણ મટે છે.

હિંગને ઘીમાં શેકી ઘી સાથે એની ચણાના દાણા જેટલી ગોળી ખાવાથી અજીર્ણ અને વાયુનો ગોળો મટે છે. લસણ, ખાંડ અને સિંધવ સમભાગે લઈ પીસી તેમાં થીજેલું ઘી મેળવીને ચાટવાથી પણ અજીર્ણ મટે છે. આદુનો રસ અને લીંબુનો રસ દસદસ ગ્રામ એકત્ર કરી પીવાથી; છાશમાં સિંધવ અને મરીનું ચૂર્ણ મેળવીને પીવાથી તેમજ લવિંગ અને હરડે સમાન ભાગે લઈ તેનો ઉકાળો બનાવી તેમાં સહેજ સિંધવ નાખી પીવાથી પણ અજીર્ણ મટે છે.

ઝાડા-મરડો : સૂંઠ, વરિયાળી અને ખસખસના ચૂર્ણની ફાકી પાંચપાંચ ગ્રામ લેતા રહેવાથી ઝાડા, મરડો અને સંગ્રહણી મટે છે, તેમજ આમવાતમાં પણ ફાયદો કરે છે.

નાગરમોથ, મોચરસ, લોધર, ધાવડીમાં ફૂલ, બીલાનો ગર્ભ અને ઇન્દ્રજવ સમભાગે લઈ તેનું ચૂર્ણ કરી ગોળ નાખેલી છાશ સાથે પીવાથી પાતળા ઝાડાવાળો ભયંકર અતિસાર મટે છે. દહીંના ઘોળમાં હિંગ, જીરું અને સિંધવ નાખીને પીવાથી પણ ઝાડા અને અતિસાર મટે છે. બીલીનાં પાંનના રસમાં થોડું લીંડીપીપરનું ચૂર્ણ મેળવીને પીવાથી પણ ઝાડા મટે છે.

કુમળા બીલાનો ગર, જેઠીમધનું ચૂર્ણ, મધ અને સાકરને ચોખાના ઓસામણમાં મેળવીને પીવાથી મરડો, લોહીવાળા ઝાડા કે પિત્તના ઝાડા મટે છે. સૂંઠ, નાગરમોથ અને અતિવિષ એ ત્રણેનો ઉકાળો કરી પીવાથી આમનો અતિસાર-આમાતિસાર - મટે છે.

ચોમાસાની ઋતુમાં સૂંઠ ખાંડી તેમાં ગોળ અને સહેજ ઘી મેળવી તેની નાની લાડુડી બનાવી ખાવાથી ખૂબ જ ફાયદો થાય છે. તેનાથી વરસાદમાં પલળવાથી થયેલી શરદી મટે છે, તેમજ અપચો, અજીર્ણ, વાયુનો ગોળો ઇત્યાદિ મટે છે. સૂંઠ અને ગોળઘીની ગોળી વર્ષાઋતુમાં સાજા શરીરે પણ ખાવા જેવી છે તથા ચોમાસાની ઠંડી ઋતુમાં સારી ફાર્મસીની સુદર્શન ઘનવટીની બે બે ગોળી સવાર-સાંજ લેતા રહેવાથી શરદી, મેલેરિયા ઇત્યાદિથી બચી જઈ તંદુરસ્તી જળવાઈ રહે છે.

- મા. મો. ચૌધરી

¤

છેલ્લી વસતીગણતરી

છેલ્લી વસતીગણતરીના અહેવાલ પ્રમાણે ઈ. ૧૯૩૧માં ગુજરાતની વસતી ૨,૬૬,૦૦,૦૦૦થી વધીને ૧૯૯૧માં ૪,૧૩,૦૯,૫૮૨ની સંખ્યા સુધી પહોંચી છે. ભારતમાં વસ્તીની દષ્ટિએ ગુજરાત ૧૦મા સ્થાને આવે છે. ગુજરાતમાં ૨,૧૩,૫૫,૨૦૯ પુરુષો અને ૧,૯૯,૫૪,૩૭૩ સ્ત્રીઓ છે, જે દર એક હજાર પુરુષે ૯૩૪ સ્ત્રીઓનું પ્રમાણ દર્શાવે છે. ૧૯૮૧થી ૧૯૯૧ના દસ વર્ષના ગાળામાં ૩,૪૦,૮૫,૭૯૯ની વસ્તી વધીને તેમાં ૭૨,૨૩,૭૮૨નો વધારો થયો છે, જે ૨૧.૧૯ ટકા જેટલી વૃદ્ધિ સૂચવે છે. આમાં ગ્રામવિસ્તારમાં ૧૫.૨૪ ટકા તથા શહેરી વિસ્તારમાં ૩૪.૩૮ ટકા જેટલો વૃદ્ધિદર રહ્યો છે.

ગુજરાતમાં, ૧૮,૫૬૯ ગામો અને ૨૬૪ શહેરો છે. ૧૯૮૧માં ૨૪૪ શહેરી વિસ્તારો હતા તેમાં દસકા દરમિયાન નવ વિસ્તારો ઉમેરાઈને ૨૬૯ શહેરો નક્કી થયાં છે. આમાં એક લાખથી વધુ વસતીવાળાં પહેલા વર્ગના શહેરી વિસ્તારોમાં ગાંધીનગરમાં ૯૭.૫૫ ટકા જેટલો એટલે કે સૌથી વધુ વૃદ્ધિદર જોવા મળ્યો છે. તે પછી અનુક્રમે ગાંધીધામમાં ૭૦.૯૮ ટકા, આણંદમાં ૬૦.૦૨ ટકા, સુરતમાં ૬૪.૪૧ ટકા તથા પાંચમા ક્રમે મોરબીમાં ૬૩.૯૧ ટકા વૃદ્ધિદર રહ્યો છે.

૨,૭૦,૬૩,૫૨૧ લોકો ગામડાંમાં અને ૧,૪૨,૪૬,૦૬૧ શહેરોમાં એટલે કે ૬૫.૫૧ ટકા ગ્રામવિસ્તારમાં તથા ૩૪.૪૯ ટકા શહેરોમાં વસે છે.

કામ કરનારા લોકો ૩૪.૧૨ ટકા જેટલા છે, જ્યારે કામ નહિ કરનારા ૫૯.૭૭ ટકા જેટલા છે. કામ નહિ કરનારા સૌથી વધુ ગાંધીનગર જિલ્લામાં ૬૭.૦૪ ટકા તથા બીજા ક્રમે ૬૬.૮૪ ટકા અમદાવાદ જિલ્લામાં છે.

¤

જૂન ૧૯૯૩ના અંકમાં 'માધુકરી'માં દાદાસાહેબ ફાળકે એવૉર્ડ વિજેતા ડૉ. હજારિકાના પરિચયમાં સરતચૂકથી તેમનું નામ ભૂપેનને બદલે બિપિન લખાયું હતું તે બદલ તેના લેખક શ્રી હસમુખ બારાડીએ ક્ષમાયાચના પ્રકટ કરી છે.

અનુસંધાન] પસ્તીનાં પાનાં [પૃ. ૩૦૪ પરથી

મુંબઈમાં થઈ રહી છે. ૧૯૪૨માં ખાસ કરીને સામ્યવાદી વિચારસરણીવાળા કલાકારોએ ભેગા થઈ 'ઇપ્ટા IPTA'ની સ્થાપના કરી. આઝાદી પહેલાં અત્યારનું પશ્ચિમ બંગાળ અને બંગલાદેશ મળીને એક મોટો બંગાળ પ્રાન્ત હતો. બીજું વિશ્વયુદ્ધ પૂરું થયા પછી ત્યાં માનવસર્જિત દુકાળ પડ્યો. પાક તો પુષ્કળ થયો હતો, પણ સરકારની બેદરકારી અને વેપારીઓની સંગ્રહખોરીને કારણે ચાવલ અદૃશ્ય થઈ ગયા અને હજારો માણસનાં મૃત્યુ થયાં. આ સમયે 'ઇપ્ટા'એ બંગાળના ભીષણ દુષ્કાળને અનુલક્ષીને નાટકો ભજવ્યાં, ગીતો અને નૃત્યનાટિકાઓ રજૂ કરી, દેશમાં ખૂબ જાગૃતિ ઊભી કરી. અમે ત્યારે (૧૯૪૫-૪૬માં) સુરત હતા. ઇપ્ટાની ટુકડી સુરત આવેલી અને તેમનો કાર્યક્રમ અમે જોયેલો. અત્યારે ફિલ્મજગતમાં જાણીતાં થયેલાં કેટલાંયે નામો ઇપ્ટામાં આગળ આવેલાં. પ્રેમ ધવન, ઋત્વિજ ઘટક, બલરાજ સહાની, એ. કે. હંગલ - એ બધા દેશદાઝથી પ્રેરાઈને પીપલ્સ થીએટર મુવમેન્ટમાં જોડાયા હતા.

આઝાદી પછી બધે થયું તેમ આ પ્રવૃત્તિમાં પણ થયું, સામ્યવાદીઓનો પગપેસારો ઇપ્ટામાં છે માટે તેની સામે નવું તંત્ર ઊભું થયું. ઇન્ડિયન નેશનલ થીએટર. પણ આઈ. એન. ટી. તો નાટક કરનારી મંડળી જ બની ગઈ છે. જ્યારે ઇપ્ટા તો કલા સાથે લોકજાગૃતિ ઊભી કરનારી સંસ્થા હતી.

પેલું લોકજાગૃતિનું ગીત -

અય મહેનતકશ હોશમેં આ
ઝંડા હાથમેં લાલ ઉઠા,

ઝુલ્મકા નામનિશાન મિટા
ઊઠ તોંધમેં આ બેઘર હોજા.

આ ગીત પહેલવહેલું ઇપ્ટાના કાર્યક્રમમાં સાંભળેલું. ૨૭ જૂન ૧૯૪૬ના રોજ ભારતીય રેલવેમાં સામાન્ય હડતાળ પડવાની હતી તેના પ્રચાર માટે ઇપ્ટાનું પ્રેમ ધવને રચેલું ગીત હજી પણ યાદ છે :

અબ ના ગાડી ચાલે, ભૈયા,
અબ ના ગાડી ચાલે.

સીસા ઝુકે ના ઇક સિગ્નલકા
ઝંડી એક ના હાલે ભૈયા;
અબ ના ગાડી ચાલે. □

હંસા બગલા એક રંગ, માનસરોવર માંહી,
બગલા ઢૂંઢે માછલી, હંસા મોતી ચાહી.

૧૯૨૦ની લડત બાદ એક રાષ્ટ્રિય ડાયરીનું પ્રકાશન થયેલું. એમાં ભારતના મોટા મોટા નેતાઓની છબીઓ પ્રકટ થયેલી હતી. પરંતુ તેમાં વચ્ચે એક પૃષ્ઠ કોરું રાખવામાં આવ્યું હતું. જાણો છો, શા માટે ? એ કોરા પૃષ્ઠમાં નીચે લખવામાં આવ્યું હતું : આ ભાઈ પોતાની છબી છપાવવાની મનાઈ કરે છે, કહે છે કે મેં એવી ભારતમાતાની કઈ સેવા કરી છે કે મારી છબી છાપવાની હોય ? આ ભાઈ તે ઇન્દુલાલ યાજ્ઞિક ! આજના છબીપ્રેમી નેતાઓની તુલનામાં ઇન્દુલાલની આ સરળતા અને નમ્રતા માન ઉપજાવે તેવી છે.

¤

દિલ્હીની 'ઑલ ઇન્ડિયા વૉર મેમૉરિયલ આર્ક' એટલે કે આપણે જેને 'ઇન્ડિયા ગેટ' તરીકે ઓળખીએ છીએ તે અસલ તો વાયવ્ય સરહદે ત્રીજા અફઘાન વિગ્રહમાં તેમજ પ્રથમ વિશ્વયુદ્ધમાં માર્યા ગયેલા હિન્દુસ્તાની સૈન્યના હિન્દી તથા અંગ્રેજી સૈનિકોની યાદમાં ઊભું કરેલું સ્મારક છે. આની ઉપર કુલ ૧૩,૫૧૬ મૃત સૈનિકોનાં નામ કોરેલાં છે. આવા સ્મારક ઉપર કોરેએલાં આ વધુમાં વધુ નામો છે.

¤

૧૯૮૭ના જુલાઈની ૧૭મી એ એવો વિશિષ્ટ દિવસ હતો કે એક માન્યતા પ્રમાણે વિશ્વની વસ્તી તે દિવસે પાંચ અબજે પહોંચી હતી !

¤

હૂંફાળાં પાણીમાં સહેજ મીઠું નાખી ને પાણીથી સ્નાન કરવાથી, હાથપગશરીરનું કળતર ઓછું થશે.

¤

કહેવતનો અર્થ : 'જાનીનાં જોતરાં અને ત્રવાડીની રાશ' માગીભીખીને વસ્તુઓ એકઠી કરી પોતાનું ગાડું ગબડાવવાના અર્થમાં આ કહેવત વપરાય છે. જેમ કે એકની પાસેથી ગાડા માટે જોતરાં તો બીજા પાસેથી રાશ માગીને ચલાવવું.

¤

ભેંસા અને ઇડલી પોચાં બને તે માટે ચોખા પીસતી વખતે તેમાં મેથી નાખવામાં આવે છે.

¤

આટલું ન કરીએ : કોઈની સમક્ષ બેઠા હોઈએ ત્યારે દાંત ખોતરવા, કાનમાંથી મેલ કાઢવો, નખ કરડવા, નાકમાંથી મેલ કાઢવો, રૂમાલ આડો રાખ્યા વિના છીંક ખાવી, હાથ આડો રાખ્યા વિના કે મોટેથી બગાસું ખાવું, થૂંક ઊડે તે રીતે હસવું કે બોલવું.

¤

છત્રી માટે અંગ્રેજીમાં વપરાતો umbrella શબ્દ મૂળ ઇટાલિયન ભાષાનો છે, અને તે ભાષામાં તેનો અર્થ થાય છે : 'છાંયડો'.

¤

પાગલખાનાના એક દર્દીને લખતો જોઈ ડૉક્ટરે કહ્યું, 'શું લખો છો ?'

પાગલ : 'મારા પર પત્ર લખું છું.'

ડૉક્ટર : 'એમાં શું લખ્યું છે ?'

પાગલ : 'આવતી કાલે ટપાલમાં મને પત્ર મળે ત્યારે તે ખબર પડે.'

¤

જોડણીભેદે અર્થભેદ

ખચિત = જડેલું, ખચીત = અવશ્ય

¤

લૉસ એન્જેલસના આંતરરાષ્ટ્રિય એરપોર્ટના બે રનવે એક કલાક સુધી ગયા મંગળવારે (૨૯/૫ થી ૪/૬ પહેલાંના) એક કલાક સુધી બંધ રહ્યા. ઉતરાણ માટે આવેલાં વિમાનો આકાશમાં ચક્કર મારતાં રહ્યાં અને પ્રેસિડેન્ટનું 'એરફોર્સ-વન' વિમાન એન્જિનો ચાલુ રાખીને ઊભું રહ્યું હતું. કારણ એ હતું કે, પ્રસિડેન્ટ ક્લીન્ટનના હેરસ્ટાઈલિસ્ટ ક્રિસ્ટોફ તેમના વાળ કાપવા વિમાનમાં આવ્યા હતા. ક્રિસ્ટોફ હોલીવૂડના

માનવ પ્રશ્નોનો અને માનવ દુઃખોનો ઉકેલ વિભાજનમાં નહીં, પરંતુ એકતામાંથી મળશે.

માતાજી

જાણીતા હેરસ્ટાઈલિસ્ટ છે. આ બનાવને અમેરિકાના ઈતિહાસમાં સૌથી વધુ ખર્ચાળ હેરકટ તરીકે ગણાવાયો છે.

¤

સોનાની ચમક તથા કાચનાં ફર્નિચર, ટી.વી. સ્ક્રીન, અરીસા ઉપર થોડી ટુથપેસ્ટ લગાડી હળવા હાથે લૂછી નાખો. સપાટી પરના ડાઘ દૂર થઈ ચમક આવશે.

¤

સલમાન રશદીને સ્વિટ્ઝર્લૅન્ડનું કોલેટ પ્રાઈઝ મળ્યું પણ એ ૨૪,૫૦૦ ડૉલરનું પ્રાઈઝ લેવા રશદી જીનિવા ગયા નહીં. કારણ એમની સલામતી માટેનો ખર્ચ ભોગવવા સ્વિસ સરકારે ઇન્કાર કર્યો હતો.

¤

કલાકણિકા : ઈ. ૧૨૦૦ના અરસાનું સીરિયાનું એક ધુમાડિયા રંગનું પારદર્શક કાચનું પાત્ર. તેના ઉપર યાંત્રિક સહાયથી સિંહ, ગરુડ, વૃક્ષ વગેરેની આકૃતિ કોરેલી છે. આજે પણ સ્ફટિકશા સ્વચ્છ પારદર્શક કાચ ઉપર આ પ્રકારે કોરેલાં આકાર-આકૃતિઓવાળાં પાત્રો બહુ મૂલ્યવાન ગણાય છે.

